# જૈન પાઠાવલી

પુસ્તક : ૧૧ શ્રેણી : ૨૪






# મોક્ષ માર્ગ

શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ
:સંચાલિત:
માતુશ્રી મણીબહેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ
મુંબઇ-૪૦૦૦૦૨

# જૈન પાઠાવલી

## પુસ્તક:૧૧
## શ્રેણી:૨૪


### પ્રકાશન

વીર સંવત- ૨૦૪૮
વિક્રમ સંવત- ૨૦૭૮
તા. ૧-૧-૨૦૨૨

પ્રથમ આવૃત્તિ
પ્રત:૧૦૦૦

### મુદ્રણ વ્યવસ્થા



સર્વ હક્ક પ્રકાશક સ્વાધીન છે.


જ્ઞાનાર્થે રૂ. 30/-

## પ્રાપ્તિ સ્થાન


### શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ


:સંચાલિત:

માતુશ્રી મણીબહેન મણશી ભીમશી છાડવા- ધાર્મિક શિક્ષણ બોર્ડ

જયંત આર્કેડ, ઓફિસ નંબર-૨૦૨
બીજે માળે, એમ. જી. રોડ,રાજાવાડી સિગ્નલ,
ઘાટકોપર (પૂ.),મુંબઇ-૪૦૦૦૭૭

E-mail:
jainshikshanboard@gmail.com

Website:
www. jainshikshan.org



## પ્રકાશન શ્રુતાનુરાગી દાતા

**મનુભાઇ વનેચંદ સંઘવી**

**હ. શિલ્પાબેન સંજયભાઇ સંઘવી- (તાડદેવ, મુંબઇ)**

## શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

### વર્તમાન ટ્રસ્ટી મંડળ

- શ્રી. પરાગ કિશોરચંદ્ર શાહ (ટ્રસ્ટી)
- ડૉ. સંજય એમ. સંઘવી (ટ્રસ્ટી)
- શ્રી. પ્રાણલાલ રામજીભાઇ શેઠ (ટ્રસ્ટી)
- શ્રી. ખીમજી મણશી છાડવા (ટ્રસ્ટી)
- શ્રી. દિલીપભાઇ જે. રાંભિયા (ટ્રસ્ટી)
- શ્રી. વીરેન્દ્રભાઇ મણિલાલ શાહ (ટ્રસ્ટી)
- શ્રી. રામજી ડાયલાલ ગાલા (ટ્રસ્ટી)
- શ્રી. જયકાંત અમૃતલાલ હિરાણી (ટ્રસ્ટી)
- શ્રી. દિનેશ ચુનીલાલ શાહ મોદી (ટ્રસ્ટી)

## માતુશ્રી મણીબહેન મણશી ભીમશી છાડવા- ધાર્મિક શિક્ષણ બોર્ડ

### વર્તમાન હોદ્દેદારો તથા કમિટિ મેમ્બર્સ

- શ્રી સમીરભાઈ શેઠ (પ્રમુખ)
  ૭૯૦૦૧૬૭૪૫૭
- ડૉ. પાર્વતીબેન એન. ખીરાણી (ઉપપ્રમુખ)
  ૯૮૨૧૦૫૦૫૨૭/૯૮૫૯૭૭૮૬૯૨
- શ્રી નીતિનભાઇ કોઠારી (ઉપપ્રમુખ)
  ૯૦૨૯૯૩૩૭૭૫
- શ્રી ચિરાગભાઇ કે. શાહ (માનદ્ મંત્રી)
  ૯૮૨૦૫૯૬૬૪૬/૮૮૫૦૩૫૧૪૮૨
- શ્રીમીતી છાયાબેન કોટીચા (મંત્રી)
  ૯૦૨૯૯૩૩૭૭૫
- શ્રી રાજુભાઇ મેઘાણી (ખજાનચી)
  ૯૩૨૪૦૨૨૮૮૮
- શ્રીમતી ઉર્મિબેન જે. શાહ (સહખજાનચી)
  ૯૮૨૧૯૩૨૫૫૨
- શ્રીમતી હર્ષાબેન  વી. લાઠીયા
  ૯૮૬૯૭૪૬૫૪૪
- ડૉ. રતનબેન છાડવા
  ૯૮૯૨૮૨૮૧૯૫
- શ્રીમતી પ્રીતિબેન પી.બાવીશી
  (૯૬૧૯૫૯૬૮૬૯)
- શ્રી અરવિંદભાઇ વી. જોબાલિયા
  (૯૩૨૪૩૨૦૧૪૫)
- શ્રીમતી સ્નેહલત્તાબેન શેઠ
  (૯૮૨૧૪૫૪૦૧૨)
- શ્રીમતી અરૂણાબેન કે. ભાયાણી
  (૯૭૬૫૩૫૯૦૯૫)
- શ્રીમતી અમીબેન ગોહિલ
  (૯૩૨૩૧૩૧૨૪૮)
- શ્રીમતી મીનાક્ષીબેન ગાલા
  (૮૭૭૯૬૯૬૭૯૨)
- શ્રીમતી વર્ષાબેન ઝવેરી
  ( ૯૩૨૨૮૮૩૨૨૦)

## શ્રેણી-૨૪

# જૈન પાઠાવલી (Level 24)

| પાના નંબર | ગુણ | આગમ નામ | અભ્યાસ ક્રમ |
|---|---|---|---|
| ૧ | ૨૦ | શ્રી આવશ્યક સૂત્ર<br><br>શ્રી આવશ્યક સૂત્ર | સામાયિક, પ્રતિક્રમણ સંપૂર્ણ અર્થ સહિત, સામાન્ય પ્રશ્નોતરી<br>પ્રતિક્રમણમાં ૪,૫, ૬ ઠ્ઠા આવશ્યકની મહત્તા |
| ૧૩<br><br>૨૪ | ૧૦<br><br>૧૦ | શ્રી સૂયગડાંગ સૂત્ર<br><br>શ્રી ઠાણાંગ સૂત્ર સ્થાન-૧૦ | શ્રુત સ્કંધ-૧ અધ્યયન ૧૦, ૧૧,૧૨ પ્રશ્નોતર સહિત<br>(સ્થાન-૧૦) બોલ ૧૫,૭૫,૮૫,૮૯ ૯૧, ૯૩, ૯૪, ૯૫, ૯૬, ૧૦૧, ૧૪૬ ૧૪૮, ૧૫૨,૧૫૬ |
| ૩૯ | ૧૦ | શ્રી જ્ઞાતાધર્મકથા સૂત્ર | અધ્યયન-૧૬- દ્રૌપદી |
| ૫૯ | ૨૦ | શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર | અધ્યયન-૨૮ કંઠસ્થ અને ભાવાર્થ અર્થ સહિત |
| ૮૬ | ૨૦ | શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર<br>શ્રી પન્નવણા સૂત્ર | વક્ષકાર-૩ - પદવી ૨૩<br>પદ-૨૦ |
| ૧૦૮ | ૧૦ | જીવોની માર્ગણા<br>૫૬૩ પ્રશ્નો તથા ઉત્તરો | માર્ગણા-૧ થી ૨૫૦<br>સમજણ સાથે. |

# પ્રતિક્રમણમાં ચોથા, પાંચમાં અને છઠ્ઠા આવશ્યકની મહત્તા

## આવશ્યક - ચોથો પ્રતિક્રમણ

પ્રતિક્રમણના છ આવશ્યકમાં પહેલો આવશ્યક સામાયિક, બીજો ચૌવિસંથો અને ત્રીજા વંદના આવશ્યકની આરાધનાથી સાધકની પ્રતિક્રમણ માટેની યોગ્યતા તૈયાર થાય છે. છ આવશ્યકમાંથી પ્રથમ ત્રણ આવશ્યક પ્રતિક્રમણની પૂર્વભૂમિકા રૂપ છે. પ્રતિક્રમણની અર્થાત્ પાપની પાછા ફરવા માટેની યોગ્યતા કેળવાય, ત્યાર પછી જ સાધક પ્રતિક્રમણ કરી શકે છે, તેથી ચોથો આવશ્યક પ્રતિક્રમણ છે.

**પ્રતિક્રમણ એટલે શું ?** તેનો શાબ્દિક કે રૂઢ અર્થ 'પાછા ફરવું' થાય છે.

(૧) વ્યક્તિ પોતાની મર્યાદાનું અર્થાત્ શ્રાવકવ્રત કે સાધુવ્રતની મર્યાદાનું અતિક્રમણ કે ઉલ્લંઘન કરીને પાપ પ્રવૃત્તિનું સેવન કરે છે, તે અતિક્રમણથી પાછા ફરીને વ્રત કે મહાવ્રતમાં સ્થિર થઈ જવું, તેને પ્રતિક્રમણ કહે છે.

(૨) પ્રતિ-પ્રતિકૂળ અને ક્રમણ-પદ નિક્ષેપ. જે પ્રવૃત્તિથી સાધકે સમ્યગદર્શન, સમ્યગજ્ઞાન કે સમ્યક્ ચારિત્ર રૂપ સ્વસ્થાનથી ચ્યુત થઈને પરસ્થાનમાં-પાપસ્થાનમાં પદ નિક્ષેપ કર્યો છે, ત્યાંથી પાછા ફરીને પુનઃ સ્વસ્થાનમાં પદ નિક્ષેપ કરવો, પાછા ફરવું તે પ્રતિક્રમણ છે.

(૩) અશુભયોગથી નિવૃત્ત થઈ ઉત્તરોત્તર શુભ યોગમાં પ્રવૃત્ત થવું તે પ્રતિક્રમણ છે.

(૪) રાગ-દ્વેષાદિ કર્મના ઉદયજન્ય ભાવોથી પાછા ફરીને સમતા, ક્ષમા, નમ્રતા, સરળતા, સંતોષ આદિ આત્મભાવોમાં સ્થિર થવું, તે પ્રતિક્રમણ છે.

આ રીતે સંક્ષેપમાં આત્માના દોષજન્ય મલિન ભાવોથી પાછા ફરીને શુભભાવો કે શુદ્ધભાવોમાં લીન-તલ્લીન બની જવું, તે પ્રતિક્રમણ છે, અનાદિકાલીન પાપદોષોના સેવનથી પાછા ફર્યા વિના આત્મા શુદ્ધ-વિશુદ્ધ થઈ શકતો નથી. સાધકો

માટે પ્રતિક્રમણ જ દુ:ખ મુક્તિનો કે શાશ્વત શાંતિ-સમાધિનો માર્ગ છે, તેથી જ ચતુર્વિધ સંઘ માટે પ્રતિક્રમણ ઉભયકાલીન આવશ્યક ક્રિયા છે.

**પ્રતિક્રમણનો વિષય :** પ્રતિક્રમણના મુખ્ય ચાર વિષય છે.

(૧) નિષિદ્ધ કૃત્યોનું આચરણ કર્યું હોય, સાધુ કે શ્રાવકને પોતાના વ્રત પ્રમાણે હિંસા, અસત્ય આદિ પાપપ્રવૃત્તિના સેવનનો નિષેધ છે, તેમાં છતાં પ્રમાદાદિને વશ થઈને હિંસાદિ દોષસેવન કર્યું હોય, તો તેનું પ્રતિક્રમણ કરવાનું છે.

(૨) કરણીય કૃત્યોનું આચરણ ન કર્યું હોય, શ્રાવક કે સાધુને પાપસેવનનો ત્યાગ જરૂરી છે.તે જ રીતે દાન, શીલ, તપ અને ભાવ અથવા જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપની શક્તિ પ્રમાણે આરાધના કરવી, તે પણ તેટલી જ જરૂરી છે. શક્તિ હોવા છતાં સત્કૃત્યોની આરાધના ન કરવી, તે પણ એક પ્રકારનું પાપ છે, એક પ્રકારનું દોષસેવન છે, તેથી સાધકે તેનાથી પણ પાછું ફરવું પડે છે.

(૩) અશ્રદ્ધા રૂપ ભાવ કર્યા હોય, તીર્થંકર પરમાત્માના કોઈ પણ વચનમાં કે આત્મા આદિ અમૂર્ત પદાર્થો કે સ્વર્ગ-નરક આદિ અપ્રત્યક્ષ સ્થાનોના વિષયમાં શંકા થઈ હોય, શ્રદ્ધા શિથિલતાથી અનેક દોષોની પરંપરાનું સેવન કર્યું હોય, તો તેનું પ્રતિક્રમણ કરવાનું હોય છે, આ માનસિક શુદ્ધિ રૂપ પ્રતિક્રમણ છે.

(૪) પોતાની સ્વછંદ બુદ્ધિથી જિનમાર્ગથી વિપરીત પ્રરૂપણા કરી હોય, વિપરીત પ્રરૂપણાથી સ્વ અને પર, બંને સત્યમાર્ગથી ચલિત થાય છે. તેથી સાધકે તેનાથી પાછું ફરવું પડે છે. આ વાચિક શુદ્ધિ રૂપ પ્રતિક્રમણ છે.

આ ચારે વિષયોનું શુદ્ધ ભાવથી પ્રતિક્રમણ કરનાર સાધકની શ્રદ્ધા, પ્રરૂપણા અને સ્પર્શના રૂપ આરાધનાના ત્રણે માર્ગની શુદ્ધિ થાય છે અને સાધકની સાધના ગતિશીલ બને છે. સંક્ષેપમાં પ્રતિક્રમણથી ભૂતકાલીન ભૂલો તથા અશુભયોગથી નિવૃત્તિ થાય છે, વર્તમાનમાં શુભયોગમાં પ્રવૃત્તિ થાય છે અને ભવિષ્યમાં પણ શુભયોગની પ્રવૃત્તિ માટે દઢ સંકલ્પ થતો હોવાથી સાધકની ત્રૈકાલિક શુદ્ધિ થાય છે.

પ્રતિક્રમણના પ્રકાર : શ્રી અનુયોગ દ્વાર સૂત્રમાં પ્રતિક્રમણના બે પ્રકાર કહ્યાં છે - (૧) દ્રવ્ય પ્રતિક્રમણ અને (૨) ભાવ પ્રતિક્રમણ.

**(૧) દ્રવ્ય પ્રતિક્રમણ :** પ્રતિક્રમણની ક્રિયા ઉપયોગ રહિત યંત્રવત્ વેઠની જેમ પૂર્ણ કરવી, તે દ્રવ્ય પ્રતિક્રમણ છે. તેમાં વ્યક્તિને પોતાના પાપદોષનું ચિંતન કે ખેદ હોતો નથી, તે વ્યક્તિ પાપથી પાછો ફરી શકતો નથી. તેથી દ્રવ્ય પ્રતિક્રમણથી આત્મવિશુદ્ધિ થતી નથી.

**(૨) ભાવ પ્રતિક્રમણ :** પ્રતિક્રમણની ક્રિયા ઉપયોગપૂર્વક કે જાગૃતિપૂર્વક થાય, સાધક મનને એકાગ્ર કરીને, વચનને પાઠના ઉચ્ચારણમાં જોડીને, કાયાને આવશ્યક ક્રિયામાં જ સંલગ્ન કરીને, પોતાના પાપ-દોષના આંતર નિરીક્ષણ પૂર્વક પશ્ચાતાપ સહિત જે ક્રિયા થાય, તે ભાવ પ્રતિક્રમણ છે, ભાવ પ્રતિક્રમણ કરનાર સાધક ભૂલોનું પુનરાવર્તન કરતો નથી, તેથી ક્રમશ: તેની આત્મવિશુદ્ધિ થતી જાય છે.

**કાળની અપેક્ષાએ પ્રતિક્રમણના પાંચ પ્રકાર :**

(૧) દેવસી - પ્રતિદિન સાંજે દિવસના પાપોની આલોચના કરવી.

(૨) રાઈ-રાત્રિક - પ્રતિદિન સૂર્યોદય પૂર્વે રાત્રિના પાપોની આલોચના કરવી.

(૩) પાખી - મહિનામાં બે વાર અમાવસ્યા અને પૂર્ણિમાના દિવસે પંદર દિવસના પાપોની આલોચના કરવી.

(૪) ચાતુર્માસિક - ચાર મહિનાના અંતે અર્થાત્ કાર્તિકી પૂર્ણિમા, ફાગણ પૂર્ણિમા અને અષાઢ પૂર્ણિમાના દિવસે ચાર મહિનામાં કરેલા પાપોની આલોચના કરવી.

(૫) સાંવત્સરિક - દર વર્ષે અષાઢ સુદ પૂર્ણિમાથી પચાસમા દિવસે એટલે ભાદરવા સુદ પાંચમના દિવસે આખા વર્ષના પાપોની આલોચની કરવી.

જેમ ઘરમાં રોજ ઝાડુ કાઢવા છતાં સૂક્ષ્મ રજ રહી ગઈ હોય તો પર્વના દિવસો પૂર્વે કે દિવાળી પૂર્વે ઘરની વિશેષ સાફ-સફાઈ કરાય છે, તે જ રીતે

પ્રતિક્રમણની આરાધના સવારે અને સાંજે પ્રતિદિન કરવા છતાં સૂક્ષ્મ દોષોની શુદ્ધિ માટે, પાખી, ચૌમાસી કે સાંવત્સરિક પ્રતિક્રમણનું વિધાન છે.

**કારણની અપેક્ષાએ પ્રતિક્રમણના પાંચ પ્રકાર:** મિથ્યાત્ત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ, આ પાંચ પાપસેવનના કારણ છે. તેનાથી પાછા ફરવાથી ક્રમશ: તે તે પ્રતિક્રમણ થાય છે. તેની અપેક્ષાએ પ્રતિક્રમણના પાંચ પ્રકાર થાય છે.

(૧) **મિથ્યાત્વનું પ્રતિક્રમણ:** ચોથા ગુણસ્થાને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થતાં મિથ્યાત્ત્વનું પ્રતિક્રમણ થાય છે.

(૨) **અવ્રતનું પ્રતિક્રમણ:** પાંચમાં ગુણસ્થાને શ્રાવક વ્રત કે છઠ્ઠા ગુણસ્થાને સાધુના વ્રત ધારણ કરતાં અવ્રતનું પ્રતિક્રમણ થાય છે.

(૩) **પ્રમાદનું પ્રતિક્રમણ:** સાતમા ગુણસ્થાને અપ્રમત્તદશા પ્રાપ્ત થતાં પ્રમાદનું પ્રતિક્રમણ થાય છે.

(૪) **કષાયનું પ્રતિક્રમણ:** અગિયારમા ગુણસ્થાને વીતરાગદશાની અનુભૂતિ થતાં કષાયનું પ્રતિક્રમણ થાય છે.

(૫) **યોગનું પ્રતિક્રમણ:** ચૌદમા ગુણસ્થાને અયોગી અવસ્થા પ્રાપ્ત થતાં શુભ-અશુભ બંને પ્રકારના યોગનું પ્રતિક્રમણ થાય છે, આ રીતે પાંચે પ્રકારના પ્રતિક્રમણની પૂર્ણતાથી જીવ પૂર્ણ શુદ્ધ સિદ્ધદશાને પ્રાપ્ત કરે છે.

આંશિક રૂપે આ પાંચે પ્રકારના પ્રતિક્રમણની આરાધના ગમે ત્યારે થઈ શકે છે. જેમ કે આંશિક રૂપે કષાયનો ત્યાગ કરનાર જીવ અગિયારમા ગુણસ્થાનની પહેલાં પણ આંશિક કષાયનું પ્રતિક્રમણ કરે છે.

પ્રતિક્રમણ જૈન સાધના પદ્ધતિમાં ઑકિસજન સમાન છે. તેથી સાધકની દરેક આવશ્યક ક્રિયા પછી તે તે ક્રિયામાં લાગેલા દોષોનું પ્રતિક્રમણ કરવાની પધ્ધતિ છે. જેમ કે ગમનાગમન, સ્વાધ્યાય, પ્રતિલેખન, ગૌચરી કે પરઠવાની ક્રિયા પછી સાધુ ને ક્રિયાની શુદ્ધિ માટે તેમાં લાગેલા દોષોના ચિંતન રૂપ કાયોત્સર્ગ કરે છે, તે

પ્રતિક્રમણ રૂપ છે.

પ્રતિક્રમણ જીવન રૂપી ખાતાવહીનું બારીક નિરીક્ષણ છે. સાધકે પ્રતિદિન સવારે અને સાંજે આત્મનિરીક્ષણ કરીને જોવાનું છે કે આજના દિવસમાં તેણે શું શું કર્યું ? શું ગુમાવ્યું અને શું મેળવ્યું ? આ પ્રકારની વિચારણાથી સાધક સ્વયં પ્રતિ સજગ અને સાવધાન બની જાય છે, પોતાના પાપદોષનો પાપ રૂપે સ્વીકાર કરે છે. પાપનો પાપ રૂપે સ્વીકાર કરવા માત્રથી તે પાપનો રસ ઘટી જાય છે. સાધકને સ્વયંના પાપ પ્રતિ ખેદ થાય છે અને ખેદજનક તે પાપથી તે અવશ્ય નિવૃત્ત થાય છે.

આ રીતે પ્રતિક્રમણ આત્મનિરીક્ષણની પ્રજ્વલિત જ્યોતિ છે, તે જ્યોતિના તેજમાં સાધકની શુદ્ધિ થાય છે. શ્રી જ્ઞાતાસૂત્ર કથિત શેલક રાજર્ષિ અને પંથકના પ્રતિક્રમણની કથા તેની સાક્ષી રૂપ છે.

**પ્રતિક્રમણનો ઈતિહાસ :**

જૈનધર્મની જેમ પ્રતિક્રમણની સાધના પણ અનાદિકાલીન છે, તીર્થંકરો તીર્થની સ્થાપના કરે, તે દિવસથી જ સાધુ સાધ્વી, શ્રાવક-શ્રાવિકા રૂપ ચતુર્વિધ શ્રી સંઘને પ્રતિક્રમણની આરાધના અનિવાર્ય છે. તેથી તીર્થંકરોના અર્થ રૂપ ઉપદેશના આધારે ગણધર ભગવંતો દ્વાદશાંગી-બાર અંગ સૂત્રો સહિત આવશ્યક સૂત્રની રચના કરે છે અને તીર્થસ્થાપનાના દિવસથી જ ચતુર્વિધ સંઘ દ્વારા તેની આરાધનાનો પ્રારંભ થઈ જાય છે.

ભરત અને ઐરવતક્ષેત્રમાં વર્તમાન કાળચક્રમાં ચોવીસ તીર્થંકર થયા છે. તેમાં પ્રથમ અને અંતિમ તીર્થંકરના શાસનમાં લોકો વક્ર અને જડ પ્રકૃતિના છે. તેઓ પોતાના દોષો પ્રતિ સજગ રહેતા નથી, તેથી તે બંને તીર્થંકરોના શાસનમાં પ્રતિક્રમણ સહિત પંચ મહાવ્રત રૂપ ધર્મ છે. અર્થાત્ તેમને દોષ લાગે કે ન લાગે પરંતુ તેમના માટે સવાર અને સાંજે નિયિમત રૂપે પ્રતિક્રમણ કરવાનું વિધાન છે. તેઓ માટે ધ્રુવ પ્રતિક્રમણ કલ્પ છે. મધ્યના બાવીસ તીર્થંકરોના શાસનમાં અને મહાવિદેહ ક્ષેત્રમાં

સાધકો સરળ, પ્રજ્ઞાવાન અને જાગ્રત હોય છે. તેથી તેઓ જ્યારે દોષ લાગે ત્યારે જ પ્રતિક્રમણ કરે છે, તેથી તેઓના શાસનમાં અધ્રુવ પ્રતિક્રમણ કલ્પ છે.

**પ્રતિક્રમણના અધિકારી :**

જેને પાપ પ્રતિ ખેદ હોય, આત્મશુદ્ધિની ભાવના હોય, તેવા પાપભીરૂ વ્યક્તિઓ જ પ્રતિક્રમણના અધિકારી છે, સાધુને માટે તો ઉભયકાલીન પ્રતિક્રમણ અવશ્ય કરણીય છે. શ્રાવકોમાં વ્રતધારી શ્રાવક પ્રતિક્રમણ દ્વારા પોતાના વ્રતોની શુદ્ધિ કરે છે અને જે વ્રતધારી ન હોય, તેવા શ્રાવકો પણ પ્રતિક્રમણના માધ્યમથી ભાવવિશુદ્ધિ દ્વારા અનંત કર્મોની નિર્જરા કરે છે, તેમ જ પ્રતિક્રમણ કરતાં તેને પણ વ્રતધારી બનવાના ભાવ પ્રગટે છે. આ રીતે વ્રતધારી હોય કે ન હોય, બંને પ્રકારના પાપભીરૂ સાધકો પ્રતિક્રમણના અધિકારી છે.

**પ્રતિક્રમણનું ફળ :**

પ્રતિક્રમણ કરનાર વ્યક્તિ પોતાના વ્રતના છિદ્રોને ઢાંકે છે અર્થાત્ દોષથી નિવૃત્ત થાય છે, દોષથી નિવૃત્ત થયેલો સાધક આશ્રવનો નિરોધ કરે છે, તે શુદ્ધ સંયમી બનીને આરાધનામાં સતત સાવધાન બને છે. સંયમ યોગોમાં તલ્લીન બનેલો તે સાધક અંતે સમાધિભાવને પામે છે.

આ રીતે પ્રતિક્રમણ આત્મવિશુદ્ધિની મહત્ત્વપૂર્ણ સાધના છે.

## આવશ્યક: ૫ કાયોત્સર્ગ

છ આવશ્યકમાંથી પાંચમાં આવશ્યકનું નામ કાયોત્સર્ગ છે. કાયા + ઉત્સર્ગ = કાયોત્સર્ગ, કાયાનો ત્યાગ કરવો તે કાયોત્સર્ગ છે. જ્યાં સુધી જીવન છે, આયુષ્ય કર્મનો ઉદય છે, ત્યાં સુધી કાયા-શરીરનો ત્યાગ શક્ય નથી તેથી શરીરનાં મમત્ત્વનો ત્યાગ કરવો, મન-વચન કાયા રૂપ ત્રિયોગની પ્રવૃત્તિનો નિરોધ કરી ઉપયોગ સ્વરૂપ આત્મભાવમાં સ્થિર થવું તે કાયોત્સર્ગ છે.

સામાન્ય રીતે બાલજીવો શરીરને જ પોતાનું સ્વરૂપ માને છે. હું શરીરથી ભિન્ન ચૈતન્યધન સ્વરૂપ આત્મા છું તેવું તેને જ્ઞાન કે ભાન નથી.

શરીરમાં જ આત્મબુધ્ધિ તે જ તેનો ભ્રમ છે. તે જ મિથ્યાત્વ છે. શરીરને જ પોતાનું સ્વરૂપ માનીને તેમાં તે મમત્વ કરે છે. શરીરનાં મમત્વથી અન્ય અનેક સ્થાને મમત્વ ભાવ ઉભો થાય છે. તેનાથી જ તેનું ભવભ્રમણ વધે છે.

સાધકની સમગ્ર સાધના દેહભાવથી પર થઈને આત્મભાવમાં સ્થિર થવા માટે છે. તે લક્ષ્યની સિદ્ધિ માટે કાયોત્સર્ગ ઉત્તમ સાધના છે. કાયોત્સર્ગની સાધના દ્વારા તે ત્રણે યોગની પ્રવૃત્તિને રોકીને આત્મભાવમાં સ્થિર થવા પુરુષાર્થશીલ બને છે. સાધુને દૈનિક વ્યહવારમાં ગમનાગમન, પ્રતિલેખન, પરિષ્ઠાપન, સ્વાધ્યાય, ગૌચરી, આદિ પ્રત્યેક આવશ્યક કાર્યો પછી કાયોત્સર્ગ કરવાનું વિધાન છે. કાયોત્સર્ગની સાધના દ્વારા વારંવાર સાધક અંતર્મુખ બને છે અને આત્મભાવનાને પુષ્ટ કરે છે. કાયોત્સર્ગ આભ્યંતર તપ સાધના છે.

**કાયોત્સર્ગ-વ્રણ ચિકિત્સા :**

શ્રી અનુયોગ દ્વાર સૂત્રમાં કાયોત્સર્ગ માટે વ્રણચિકિત્સા શબ્દનો પ્રયોગ છે. શરીરમાં પડેલા ધાવ દ્રવ્યવ્રણ છે અને ચારિત્રમાં અતિચારના સેવનથી ધાવ પડે તે ભાવ વ્રણ છે. કાયોત્સર્ગ ભાવવ્રણની ચિકિત્સા માટે ઔષધનું કાર્ય કરે છે. તેથી તેને વ્રણચિકિત્સા કહે છે.

**કાયોત્સર્ગનો વિષય :**

પ્રતિક્રમણમાં થતાં કાયોત્સર્ગના મુખ્ય. બે વિષય છે. (૧) અતિચાર ચિંતન (૨) તપ ચિંતન છે.

ચોથા પ્રતિક્રમણ આવશ્યક પછી શેષ રહેલા દોષોના શુદ્ધિકરણ માટે પાંચમો આવશ્યક છે.

ગમના ગમન આદિ ક્રિયાઓ પછી થતો કાયોત્સર્ગ અતિચાર ચિંતનરૂપ છે. રાત્રિક પ્રતિક્રમણમાં અંતિમ કાયોત્સર્ગ તપચિંતન રૂપ છે. આજે હું ક્યું તપ કરું ? સાધુ તેનું ચિંતન કરે છે. સંક્ષેપમાં કાયોત્સર્ગની સાધના સાધકને બાહ્ય ભાવોથી મુક્ત કરીને સ્વાભિમુખ બનાવે છે. તેમ જ ક્યારેક તે તીર્થંકરોના નામસ્મરણ કે ગુણ સ્મરણ રૂપ લોગસ્સ આદિનો કાયોત્સર્ગ પણ કરે છે.

**કાયોત્સર્ગનું ફળ :**

કાયોત્સર્ગથી ભૂતકાલીન અને વર્તમાનકાલીન પાપના પ્રાયશ્ચિત દ્વારા વિશુદ્ધિ થાય છે. પ્રાયશ્ચિતથી વિશુદ્ધ થયેલો સાધક ભાર ઉતરી જવાથી સ્વસ્થ અને સુખી બનેલા ભારવાહકની જેમ સ્વસ્થ અને શાંત-પ્રશાંત બની જાય છે, તે પ્રશસ્ત ધ્યાનમાં મગ્ન થઈ ને સંયમમાં સુખપૂર્વક વિચરણ કરે છે.

આ રીતે સાધક પોતાના લક્ષ્યપૂર્વક આભ્યંતર તપની સાધના કરે છે.

પ્રતિક્રમણના છઠ્ઠા આવશ્યકનું નામ પ્રત્યાખ્યાન છે.

ચોથા અને પાંચમા આવશ્યકની આરાધનાથી પૂર્વકૃત કર્મોનો નાશ થાય છે, ભવિષ્યકાલીન આવતા કર્મોનો નિરોધ કરવા માટે છઠ્ઠો પ્રત્યાખ્યાન આવશ્યક છે.

**પ્રત્યાખ્યાન - પચ્ચક્ખાણ** : પાપ પ્રવૃત્તિના ત્યાગ માટે સમ્યગ્જ્ઞાન પૂર્વકના દૃઢ સંકલ્પને પચ્ચક્ખાણ કે પ્રત્યાખ્યાન કહે છે.

શ્રી ભગવતીસૂત્રમાં પ્રત્યાખ્યાનના ભેદ પ્રભેદનું કથન છે. તેના મૂળ બે ભેદ છે.

(૧) **મૂળ ગુણ પ્રત્યાખ્યાન**: અહિંસા આદિ મુખ્ય પાંચ વ્રતના પચ્ચક્ખાણને મૂળગુણ પ્રત્યાખ્યાન કહે છે.

(૨) **ઉત્તરગુણ પ્રત્યાખ્યાન**: મૂળ ગુણની પુષ્ટિ માટે જે પ્રત્યાખ્યાન કરાય, તેને ઉત્તરગુણ પ્રત્યાખ્યાન કહે છે, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિનું પાલન કે ત્રણ ગુણવ્રત, ચાર શિક્ષાવ્રત અથવા ઉપવાસ, આયંબિલ આદિ કોઈપણ વ્રત-નિયમોને ઉત્તરગુણ પ્રત્યાખ્યાન કહે છે.

શ્રી આવશ્યક સૂત્રમાં પ્રત્યાખ્યાન આવશ્યકમાં નવકારશી આદિ દશ પ્રત્યાખ્યાનનું નિરૂપણ છે. સાધક પોતાની ઈચ્છા અને સામર્થ્ય અનુસાર કોઈપણ પ્રત્યાખ્યાનનો સ્વીકાર કરી શકે છે.

(૧) **નવકારશી**: સૂર્યોદય પછી એક મુહૂર્ત - ૪૮ મિનિટ સુધી ચારે પ્રકારના આહારનો ત્યાગ કરવો (૧) અશન-ભોજન (૨) પાણં-પાણી (૩) ખાઈમં-મેવા, મીઠાઈ, ફળાદિ (૪) સાઈમં-મુખવાસ)

(૨) **પોરસી**: સૂર્યોદય પછી એક પ્રહર સુધી ચારે પ્રકારના આહારનો ત્યાગ કરવો. (પ્રહર-એક દિવસના ચાર પ્રહર થાય છે. દિવસના ચોથા ભાગને એક પ્રહર

કહે છે, જેમકે બાર કલાકનો દિવસ હોય ત્યારે ત્રણ કલાકનો એક પ્રહર થાય- સૂર્યોદય ૭:૦૦ કલાકે થતો હોય તો પોરસી-એક પ્રહર ૧૦:૦૦ કલાકે થાય છે. શિયાળા, ઉનાળામાં દિવસના કાલમાનમાં વધ-ઘટ થતાં પોરસીના કાલમાનમાં પણ વધ-ઘટ થાય છે.)

(૩) **બે પોરસી :** સૂર્યોદય પછી બે પ્રહર સુધી ચારે પ્રકારના આહારનો ત્યાગ કરવો.

(૪) **એકાસણુ :** દિવસમાં એકવાર એક સ્થાને બેસીને ભોજન કરવું. ભોજન કર્યા પછી ત્રણ કે ચાર આહારનો ત્યાગ કરવો.

(૫) **એકઠ્ઠાણુ :** જમણો હાથ અને મોઢા સિવાય બીજા અંગોપાંગને હલાવ્યા વિના દિવસમાં એક જ વાર એક જ આસને બેસીને ભોજન કરવું, ભોજન પછી ચારે આહારનો ત્યાગ કરવો.

(૬) **આયંબિલ :** દિવસમાં એકવાર વિગયરહિત રૂક્ષ, નીરસ આહાર કરવો. તેમાં દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ, સાકર, મીઠાઈ, ફળ, શાકભાજી આદિ કોઈપણ પ્રકારના સ્વાદિષ્ટ ભોજનનો નિષેધ હોય છે.

(૭) **ઉપવાસ :** સૂર્યોદયથી બીજા દિવસના સૂર્યોદય સુધી ત્રણ કે ચારે આહારનો ત્યાગ.

(૮) **દિવસ ચરિમ :** દિવસના અંતે અર્થાત્ હજુ દિવસ હોય, સૂર્યોસ્ત થયો ન હોય, તે પહેલા જ બીજા દિવસના સૂર્યોદય સુધી ચારે આહારનો ત્યાગ કરવો.

(૯) **અભિગ્રહ :** પોતાનો નિશ્ચિત કરેલો સંકલ્પ પૂર્ણ ન થાય ત્યાં સુધી ચારે આહારનો ત્યાગ કરવો.

(૧૦) **નિર્વિકૃતિક :** એક દિવસ માટે ઘી, તેલ, દૂધ, દહીં, સાકર, ગોળ આદિ છ વિગય તથા મેવા-મીઠાઈ, મુખવાસનો ત્યાગ હોય છે.

**પ્રત્યાખ્યાન શુદ્ધિ :** આ દશ પચ્ચક્ખાણની પૂર્ણ વિશુદ્ધિ માટે છ પ્રકારની શુદ્ધિ આવશ્યક છે.

(૧) **શ્રદ્ધા :** પચ્ચક્ખાણનો ઉપદેશ સર્વજ્ઞકથિત છે, તે નિર્જરાનું કારણ છે, તેવી દૃઢ શ્રદ્ધા જરૂરી છે.

(૨) **જ્ઞાન :** પચ્ચક્ખાણનું સ્વરૂપ, તેની કાલમર્યાદા, તેના આગાર વગેરે વિષયોનું યથાર્થ જ્ઞાન હોવું જરૂરી છે.

(૩) **વિનય :** ગુર્વાદિકો સમક્ષ વિનય પૂર્વક નમસ્કાર કરીને પચ્ચક્ખાણનો સ્વીકાર કરવો.

(૪) **અનુભાષણ :** પચ્ચક્ખાણ સૂત્રનું ઉચ્ચારણ શુદ્ધ કરવું અને ગુરુ જ્યારે **'વોસિરેહ'** શબ્દનું ઉચ્ચારણ કરે, ત્યારે તુરંત સ્વયં **'વોસિરામિ'** શબ્દનું ઉચ્ચારણ કરવું, તે અનુભાષણ છે.

(૫) **અનુપાલન :** જે શ્રદ્ધાથી પચ્ચક્ખાણનો સ્વીકાર કર્યો હોય, તે જ શ્રદ્ધાથી અંત સુધી પચ્ચક્ખાણનું પાલન કરવું.

(૬) **ભાવશુદ્ધિ :** વિકટ પરિસ્થિતિમાં પણ પચ્ચક્ખાણ પ્રતિ શ્રદ્ધા અને ભાવ ટકાવી રાખવા, પચ્ચક્ખાણ માટે અભિમાન કે રાગ-દ્વેષના ભાવ ન કરવા.

આ છ પ્રકારની શુદ્ધિથી જ પચ્ચક્ખાણ સફળ બને છે.

શ્રી અનુયોગ દ્વાર સૂત્રમાં છઠ્ઠા આવશ્યકનું નામ **'ગુણધારણ'** છે, કોઈ પણ પચ્ચક્ખાણના સ્વીકારથી આત્મગુણો પ્રગટે છે, સ્થિર થાય છે, દૃઢ થાય છે, તેથી તેનું ગુણધારણા નામ સાર્થક છે.

## આયંબિલ અને નિર્વિકૃતિકમાં શું ફરક છે :

આયંબિલ મુખ્યતા રસેન્દ્રિય  વિજયની છે. કોઈ પણ પ્રકારના રસવંતા ભોજનનો ત્યાગ કરી નીરસ ભોજન ગ્રહણ કરવાનું છે. તેમ વિનયત્યાગ સાથે અન્ય

રસવંતા ભોજનનો ત્યાગ છે. નિર્વિકૃતિકમાં વિગય ત્યાગની મુખ્યતા છે ઘી આદિ યુક્ત ગરિષ્ટ ભોજનનો ત્યાગ છે.

**આયંબિલમાં આઠ આગાર છે.**

**નિર્વિકૃતિમાં નવ આગાર છે.**

પ્રતીત્યભ્રક્ષિત આગાર વધે છે. - સારી રીતે ચોપડેલું ન હોય. ગૃહસ્થ જે પદાર્થમાં પહેલીથી જ અત્યંત અલ્પવિગય મ્રૂક્ષિત કરેલુ હોય. તો સાધુ તેને ગ્રહણ કરી શકે છે.

આયંબિલમાં આ પ્રકારનો આહાર લઈ શકાય નહી.



## અધ્યયન-૧૦ સમાધિ

આ અધ્યયનનું નામ સમાધિ છે તેમાં ૨૪ ગાથા છે. સમાધિ શબ્દ ચિત્તની સ્વસ્થતા, સાત્ત્વિક સુખ શાંતિ, સંતુષ્ટિ, આનંદ, પ્રમોદ, રાગાદિ મલિન ભાવોથી નિવૃત્તિ, ચિત્ત પ્રસન્નતા કે મનોદુ:ખનો અભાવ આદિ અનેક અર્થમાં પ્રયુક્ત છે.

સમાધિ શબ્દની સ્પષ્ટતા નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ આદિ છ નિક્ષેપથી થઈ શકે છે.

(૧) કોઈ વ્યક્તિનું સમાધિ નામ હોય, તો તે નામ સમાધિ છે.

(૨) કોઈ સચેત કે અચેત પદાર્થમાં સમાધિની સ્થાપના કરીએ તો તે સ્થાપના સમાધિ છે.

(૩) જે દ્રવ્યના ખાવા-પીવાથી શાંતિ અને સંતોષ થાય અથવા મનોજ્ઞ શબ્દાદિ વિષયોના સંયોગથી મન શાંત થાય તે દ્રવ્ય સમાધિ છે.

(૪) જે ક્ષેત્રમાં રહેવાથી ચિત્ત શાંત અને સ્વસ્થ થાય, તે ક્ષેત્ર સમાધિ છે.

(૫) જે ઋતુ અથવા કાળમાં મન પ્રસન્ન થાય, તે કાલ સમાધિ છે.

(૬) ચિત્તની સ્વસ્થતા, શાંતિ, એકાગ્રતા, પ્રસન્નતા આદિ અથવા જ્ઞાનાદિ ગુણોનો લાભ થાય, તે ભાવ સમાધિ છે.

શ્રી દશવૈકાલિક સૂત્રમાં વિનય સમાધિ, શ્રુત સમાધિ, તપસમાધિ અને આચાર સમાધિ, આ ચાર ભાવ સમાધિનું કથન છે. શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્રમાં વીસ પ્રકારના અસમાધિસ્થાનનું નિરૂપણ છે તે અસમાધિસ્થાનોથી દૂર રહેવું તે ભાવસમાધિ છે. પ્રસ્તુત અધ્યયનમાં ભાવસમાધિ અંતર્ગત્ ચારિત્ર સમાધિના ઉપાયોનું નિદર્શન છે.

ચારિત્રધર્મનું પાલન કરતાં શ્રમણો કર્મના ઉદયજન્ય સંયોગોમાં ચિત્તને

પ્રસન્ન રાખી શકે અને આત્મ સાધના કરી શકે તે માટે સાધુએ સંયમભાવમાં સ્થિર થવું જરૂરી છે. સાધુએ સમાધિમાં બાધક બને તેવી તમામ પ્રવૃત્તિઓનો ત્યાગ કરવો જોઈએ.

(૧) સાધુ જગતના પ્રત્યેક જીવો સાથે આત્મવત્ વ્યવહાર કરે. (૨) ત્રસ કે સ્થાવર જીવોને કોઈપણ પ્રકારે પીડા ન પહોંચાડે. જીવહિંસા તે જીવો સાથે વેરનો બંધ કરાવે છે, જન્મ મરણની પરંપરાને વધારે છે. તેથી અહિંસા ધર્મની આરાધના કરે. (૩) તે જ રીતે મૃષાવાદ અને અદત્તાદાનનો ત્યાગ કરે. (૪) સ્ત્રીઓના સંગથી, વિજાતીયના આકર્ષણથી તેમ જ પાંચ ઈન્દ્રિયોના વિષયોથી સંપૂર્ણપણે નિવૃત્ત થઈને જિતેન્દ્રિય બને. (૫) આ જીવનની સુખાકારી માટે ધનસંચય કે અન્ય કોઈપણ પદાર્થોનો સગ્રહ ન કરે.

આ રીતે પંચ મહાવ્રતનું પાલન કરે તેની સાથે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિના પાલનમાં અપ્રમત રહે

સાધુ આહારાદિની આસક્તિથી આધાકર્મી આદિ દોષયુક્ત આહાર ગ્રહણ ન કરે, આહારની પ્રાપ્તિ કે અપ્રાપ્તિમાં ક્યારેય દીન ન બને, દીનવૃત્તિથી આહારની યાચના ન કરે, સાધુ શરીરની અનિત્યતાનો વિચાર કરીને દેહાશક્તિનો ત્યાગ કરે. યથાશક્તિ તપસાધના દ્વારા શરીરને કૃશ કરીને કર્મનો ક્ષય કરે.

સમાધિભાવમાં સ્થિર થવું, તે જ તેનું લક્ષ્ય છે, તે લક્ષ્યને નજર સમક્ષ રાખીને પ્રત્યેક અસમાધિસ્થાનથી સાધુ દૂર રહે. એકત્વભાવનાનું ચિંતન પરસંગથી છૂટવાનું સાધન છે અને તે જ ભાવસમાધિનું મુખ્ય કારણ છે. તેથી સાધુ એકત્વભાવનાને પુષ્ટ કરે. જીવનના પ્રત્યેક વ્યવહારમાં 'હું શુદ્ધ આત્મા છું' તે સિવાયના તમામ ભાવો કર્મજન્ય છે, આવી દઢતમ સમજણથી રાગ-દ્વેષ કે ક્રોધાદિ કષાયોનો ત્યાગ કરે

જે સાધુ સમાધિના કારણરૂપ પરમાત્માના ત્રૈકાલિક સત્યને સમજતા નથી તેવા મૂઢ સાધુ ભવ ભ્રમણમાં ભોગસુખને જ સમાધિરૂપ માને છે પરંતુ હકીકતમાં તે સમાધિભાવથી દૂર રહે છે.

(૧) મૂઢ જીવો મોક્ષના કારણભૂત સમ્યગદર્શન, સમ્યગજ્ઞાન અને સમ્યક્ ચારિત્ર રૂપ ધર્મને જાણતા નથી પરંતુ આરંભાસક્તિ કે વિષયભોગમાં ગૃદ્ધિ રૂપ અધર્મને જ મોક્ષનું કારણ માને છે, તેઓ જ્ઞાન સમાધિથી દૂર છે.

(૨) એકાંત ક્રિયાવાદી વિષયભોગની ક્રિયાને સુખ કે સમાધિકારક માને છે. એકાંત અક્રિયાવાદી આત્માને નિષ્ક્રિય કે અકર્તા માનીને તત્કાલ જન્મેલા બાળકના ટૂકડા કરીને તેમાં આનંદ માને છે. આવી અનેક પાપજનક માન્યતા હોવાથી તેઓ દર્શન સમાધિથી દૂર છે.

(૩) પોતાની જાતને અમર માનીને દિવસ-રાત ધન પ્રાપ્તિ, ધનસંચય, સાંસારિક પદાર્થો, પરિવાર આદિમાં મમત્ત્વભાવ રાખી તેની રક્ષા કે તેની વૃદ્ધિની ચિંતામાં જ મગ્ન રહે છે તેઓ સમાધિના કારણભૂત ત્યાગ-વૈરાગ્ય કે સંયમ-તપ આદિ ચારિત્ર સમાધિથી દૂર રહે છે.

જે મૂઢ છે, વિષયોમાં ગૃદ્ધ છે, તેના અસમાધિ જન્ય ભાવોને વિવેકપૂર્વક સમજીને, વિચારીને સાધુ અસમાધિ જન્ય તમામ પાપ પ્રવૃત્તિઓનો ત્યાગ કરે, કારણકે કોઈપણ પાપ પ્રવૃત્તિ ચિત્તને ચંચળ બનાવે છે. ચંચળતા અનેક વિકલ્પોને જન્મ આપે છે, વિકલ્પો મનને અશાંત બનાવે છે, અશાંતિ અસમાધિને જન્મ આપે છે તેથી સાધુ સમાધિવર્ધક સાધનામાં પુરુષાર્થશીલ બને, અસંયમી જીવન કે દેહાધ્યાસને છોડીને શુદ્ધ સંયમનું પાલન કરે. જે પરમાત્માની આજ્ઞાનુસાર અસમાધિભાવોનો ત્યાગ કરે છે, તે જન્મ-મરણની પરંપરાનો અંત કરીને શાશ્વત સમાધિને પ્રાપ્ત કરે છે.

**અપેક્ષિત પ્રશ્નો :**

(૧) સમાધિ એટલે શું ? સમાધિના કેટલા પ્રકાર છે ?

(૨) આ અધ્યયનમાં કઈ સમાધિનું નિરૂપણ છે ?

(૩) દર્શન અસમાધિ કોને કહેવાય ?

(૪) અસમાધિનો જન્મ કેવી રીતે થાય છે ?

(૫) સાધુ કેવા પ્રકારની સમાધિને ઈચ્છે છે ?

# અધ્યયન-૧૧ માર્ગ

આ અધ્યયનનું નામ 'માર્ગ' છે. તેમાં ૩૮ ગાથા છે.

**માર્ગ:** માર્ગ એટલે રસ્તો, પંથ વગેરે અનેક પર્યાયવાચી શબ્દથી માર્ગને સમજી શકાય છે. ગંતવ્ય સ્થાન સુધી પહોંચાડે તેને માર્ગ કહે છે. માર્ગના બે ભેદ છે, દ્રવ્યમાર્ગ અને ભાવમાર્ગ. જે ગામ, નગર આદિ નિશ્ચિત સ્થાન સુધી પહોંચાડે છે, તે દ્રવ્યમાર્ગ છે. આકાશમાર્ગ, જલમાર્ગ આદિ દ્રવ્યમાર્ગ છે.

જે ભાવોથી લક્ષ્યસિદ્ધિ થાય, તે ભાવમાર્ગ છે, ભાવમાર્ગના બે ભેદ છે, પ્રશસ્ત અને અપ્રશસ્ત ભાવમાર્ગ .

**(૧) પ્રશસ્ત ભાવમાર્ગ:** પ્રશસ્તભાવો, જેના દ્વારા શાંતિ અને સમાધિ પ્રાપ્ત થાય, તે પ્રશસ્ત ભાવમાર્ગ છે. તેના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર તે રૂપ ત્રણ ભેદ છે. તે વીતરાગી સર્વજ્ઞ તીર્થંકર પરમાત્મા દ્વારા કથિત હોવાથી પૂર્ણ સત્ય છે. તે માર્ગ પર કરેલો પુરુષાર્થ કર્મોનો નાશ કરી, અંતે નિર્વાણ પ્રાપ્ત કરાવે છે.

**(૨) અપ્રશસ્ત ભાવમાર્ગ:** મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય કે અશુભયોગ પૂર્વકની પ્રવૃત્તિ અપ્રશસ્ત ભાવમાર્ગ છે. તે સકષાયી છદ્મસ્થ પુરુષો દ્વારા કથિત હોવાથી પૂર્ણ સત્ય નથી. તે માર્ગ પર કરેલો પુરુષાર્થ જીવનું સંસાર ભ્રમણ વધારે છે, તેથી તે માર્ગ અપ્રશસ્ત છે.

આ અધ્યયનમાં શાસ્ત્રકારે પ્રશસ્ત ભાવમાર્ગનું પ્રતિપાદન કર્યું છે,

સાધક તીર્થંકર કથિત પ્રશસ્ત ભાવમાર્ગ યથાર્થ રીતે જાણે અને તેના પર અતૂટ શ્રદ્ધા કરે. આ માર્ગ જ સત્ય છે, પૂર્ણ છે, ન્યાયયુક્ત છે. આ માર્ગ જ મને દુ:ખોથી મુક્ત કરીને અંતિમ લક્ષ્ય રૂપ સિદ્ધગતિ પ્રાપ્ત કરાવશે, ભૂતકાળમાં અનંતા જીવો આ માર્ગથી જ દુ:ખ મુક્ત થયા છે.વર્તમાનમાં અનેક જીવો આ માર્ગ પર પરાક્રમ કરીને સમાધિ પ્રાપ્ત કરી રહ્યા છે અને ભવિષ્યમાં પણ અનંતા જીવો આ માર્ગથી જ શાશ્વત સુખ પ્રાપ્ત કરશે, તેથી આ માર્ગ ત્રૈકાલિક સત્ય છે. આવી દઢ

શ્રદ્ધા પછી જ સાધક તે માર્ગનો સ્વીકાર કરીને પુરષાર્થશીલ બને છે.

**પ્રશસ્ત ભાવમાર્ગ પર ગમન :** આ અધ્યયનમાં શાસ્ત્રકારે ચારિત્રમાર્ગમાં પુરુષાર્થ કરતાં સાધુઓના નિયમો-ઉપનિયમોને પ્રગટ કર્યા છે. સાધુ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ રૂપ સ્થાવર જીવો અને ગમનાગમન કરતાં ત્રસ જીવોને યથાર્થ રૂપે જાણે, ત્રસ કે સ્થાવર દરેક જીવોમાં આત્મતત્ત્વ એક સમાન છે, દરેક જીવો સુખને ઈચ્છે છે, જીવન ઈચ્છે છે, અનુકૂળતાને ચાહે છે, જેમ મને સુખ ગમે છે, તેમ જગતના તમામ જીવોને પણ સુખ ગમે છે, આ સત્યને સ્વીકારીને પોતાના વ્યવહારથી કોઈ પણ જીવોને દુ:ખી ન કરે કે તેની હિંસા ન કરે. કોઈ પણ પ્રાણી સાથે વેર કે વિરોધ ન કરે.

અહિંસાનું પાલન તે જ ધર્મનો સાર છે, અહિંસા જ સમ્યક્ ચારિત્ર છે અને તે જ પ્રશસ્તભાવમાર્ગ છે. અહિંસા જ નિર્વાણમાર્ગ છે.

અહિંસાધર્મની આરાધના માટે સાધુ એષણા સમિતિનું પૂર્ણપણે પાલન કરે. જીવનનિર્વાહ માટે સાધુને આહાર, પાણીની અનિવાર્યતા છે. પરંતુ સાધુ પ્રાસુક-જીવરહિત અને એષણીય-સાધુચર્યાના નિયમો અનુસાર નિર્દોષ આહાર પાણી ગ્રહણ કરે. આહારપાણીની ગવેષણામાં, કે આહાર ગ્રહણ કરવામાં કે નિર્દોષ આહાર-પાણીના ભોગવટામાં ક્યાંય રાગ કે દ્વેષભાવ ન કરે. દોષિત આહાર અહિંસા મહાવ્રતને દુ:ષિત કરે છે. તેમ જ આહારની આસક્તિ ક્યારેક છલપ્રપંચ, અસત્ય આચરણ, ચોરી કે આહારની સંગ્રહવૃત્તિ જાગૃત થાય છે. આ રીતે એક દોષ અનેક દોષોને જન્મ આપે છે. એક વ્રતનો ભંગ અનેક વ્રતને ખંડિત કરે છે, તેથી સાધુ એષણાસમિતિનું પૂર્ણત:પાલન કરે.

સાધુ ભાષાસમિતિના પાલનમાં પણ સાવધાન રહે. જેમ કે કોઈ વ્યક્તિ આરંભજન્ય અન્નદાનાદિ શુભ પ્રવૃત્તિ કરે અને સાધુને પૂછે કે આ કાર્યમાં પુણ્ય થાય કે નહીં ? ત્યારે સાધુ હા કે ના કાંઈ પણ ન બોલે, કારણકે હા કહેવાથી આરંભજન્ય હિંસક પ્રવૃત્તિની અનુમોદનાનો દોષ લાગે છે અને ના કહેવાથી કેટલાય દુ:ખી

વ્યક્તિને પ્રાપ્ત થતાં ભોજનમાં અંતરાય પડે છે. સાધુ અનુકંપાદાનનો ક્યારે ય નિષેધ ન કરે. આવા પ્રસંગોમાં સાધુ મૌન ધારણ કરે.

સંક્ષેપમાં સાધુ પંચ મહાવ્રત અને પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ રૂપ સમ્યક્ ચારિત્ર રૂપ ભાવમાર્ગમાં અપ્રમત્તભાવે આગળ વધે.

**અપ્રશસ્ત ભાવમાર્ગ :**

મિથ્યાત્વ રૂપ સંસાર પ્રવાહમાં ડૂબતા પ્રાણીઓ માટે સર્વજ્ઞકથિત માર્ગ જ દ્વીપ સમાન છે. તે માર્ગ સર્વ જીવોનું રક્ષણ કરે છે. પરંતુ આ સત્યને મૂઢ જીવો સમજતા ન હોવા છતાં પોતે સત્ય માર્ગને સમજે છે, તેવા ભ્રમમાં પાપ પ્રવૃત્તિ કરે છે અને બીજા પાસે કરાવે છે. સ્વયં ભ્રમિત થાય છે અને બીજા અજ્ઞાની જીવોને ભરમાવે છે, જેમ છિદ્રવાળી નૌકામાં બેસનાર કોઈ જન્માંધ પુરુષ પોતે ડૂબે છે અને બીજાને ડૂબાડે છે, તે જ સ્થિતિ અજ્ઞાની જીવોની છે. તે જીવો કદાપિ લક્ષ્યસિદ્ધિ કરી શક્તા નથી.

સાધુ પ્રશસ્ત અને અપ્રશસ્ત બંને માર્ગ અને તેના પરિણામને જાણીને પ્રશસ્ત ભાવમાર્ગનો સ્વીકાર કરે, એટલું જ નહીં પરંતુ તે માર્ગ પર નિષ્ઠાપૂર્વક ટકી રહે.

તે માર્ગે કદાચ ગમે તેવા ઉપસર્ગો કે પરીષહો આવે, તેમ છતાં સમભાવથી સહન કરે, કષાયોને ઉપશાંત કરે, જીતેન્દ્રિય બને, જે સાધુ પૂર્ણ સંવૃત્ત બનીને આ માર્ગે આગળ વધે છે. તે અવશ્ય અંતિમ લક્ષ્ય રૂપ નિર્વાણને પ્રાપ્ત કરે છે.

**અપેક્ષિત પ્રશ્નો :**

(૧) માર્ગ એટલે શું ? માર્ગના ભેદ-પ્રભેદ લખો.

(૨) આહારની આસક્તિ કેવા પાપ કરાવે છે ?

(૩) ધર્મનો સાર શું છે ?

(૪) અહિંસા ધર્મનું પાલન શા માટે કરવું ?

(૫) સાધુ દાનધર્મનું વિધાન કરી શકે કે નહીં, શા માટે ?

# અધ્યયન-૧૨ સમવસરણ

આ અધ્યયનનું નામ સમવસરણ છે. તેમાં કુલ ૨૨ ગાથા છે. સમવસરણ શબ્દના અનેક અર્થ થાય છે, જેમકે-મિલન, મેળો, સમુદાય, એકત્રિત થવું. વિશિષ્ટ પ્રસંગે અનેક સાધુઓને એકત્રિત થવાનું સ્થાન અથવા તીર્થંકર ભગવાનની ધર્મસભાને સમવસરણ કહે છે.

અહીં વિવિધ પ્રકારના વાદો-મતો અને મતપ્રવર્તકોનું સમ્મેલન, આ અર્થમાં સમવસરણ શબ્દનો પ્રયોગ થયો છે. આ અધ્યયનમાં મુખ્ય ક્રિયાવાદી, અક્રિયાવાદી, વિનયવાદી અને અજ્ઞાનવાદી, આ ચારે વાદીઓના એકાંત દ્રષ્ટિકોણ, તેના દોષો અને અંતે સન્માર્ગનું દર્શન કરાવ્યું છે. શાસ્ત્રકારે ચારે વાદનું કથન પશ્ચાનુપૂર્વીથી કર્યું છે.

**અજ્ઞાનવાદ :** તેઓ જ્ઞાનનો સર્વથા નિષેધ કરે છે. તેઓના મતાનુસાર જીવ સત્ છે કે અસત્ વગેરે કોણ જાણે છે, કદાચ જાણે, તો પણ તેને જાણવાથી શું લાભ ? જેને થોડું ઘણું જ્ઞાન હોય, તે તેના અહંકારમાં અંધ બની જાય છે, તેઓ પરસ્પર એકબીજા પર આક્ષેપ અને વાક્કલહથી અસંતુષ્ટ રહે છે, જ્ઞાનવાદીઓમાં જ પરસ્પર વિરોધ છે, તેમાં કોનું કથન માનવું, તે સમસ્યા બની જાય છે. આમ અનેક દ્રષ્ટિકોણથી અજ્ઞાન જ શ્રેષ્ઠ છે.

અજ્ઞાનવાદીના ૬૭ ભેદ છે.

શાસ્ત્રકારના મતે અજ્ઞાનવાદીઓની યુક્તિઓ તર્ક સંગત નથી. તેઓ સ્વયં મિથ્યાત્વી છે, તેથી તેઓ ભ્રમિત થાય છે, સર્વજ્ઞ પ્રણિત આગમજ્ઞાનમાં પરસ્પર વિરોધ હોતો જ નથી. જ્યાં વિરોધ છે, પરસ્પરના આક્ષેપ કે વાક્કલહ છે, ત્યાં અવશ્ય અસર્વજ્ઞતા છે. સર્વજ્ઞ પરમાત્મા पढमं णाणं तओ दया। પહેલા જ્ઞાન અને પછી દયા, આવા વચનો દ્વારા જ્ઞાનની પ્રધાનતા પ્રગટ કરે છે. સમ્યગજ્ઞાની જ પોતાના આચરણની શુદ્ધિ કરી શકે છે. તેથી અજ્ઞાનવાદીની માન્યતા યથાર્થ નથી.

**વિનયવાદ:** તેઓ વિનયને જ સિદ્ધિનો માર્ગ કહે છે. તેઓ દેવતા, રાજા, યતિ, જ્ઞાતિજનો, વૃદ્ધ, અધમવ્યક્તિ કે પશુ-પક્ષી, માતા, પિતા આ આઠે નો મન, વચન, કાયાથી અને દાન દ્વારા વિનય કરે છે. વિનયવાદીના 8 x 4 = 32 ભેદ થાય છે. તેઓના મતાનુસાર વિનયથી અહંકારાદિ દોષો નાશ પામે છે અને જીવને સ્વર્ગ કે મોક્ષની પ્રાપ્તિ થાય છે, તેથી પાપી કે પુણ્યવાન, ગુણવાન કે દોષી, મનુષ્ય કે પશુ પક્ષી આદિ સર્વને વિનયપૂર્વક નમસ્કાર કરવા, તે જ માર્ગ છે.

વિનયવાદીનું આ કથન એકાંતિક હોવાથી યથાર્થ નથી. વિનય ધર્મનું મૂળ છે, ચારિત્રનું અંગ છે પરંતુ સમ્યગ્દર્શન કે સમ્યગ્જ્ઞાન વિનાનો વિનય મોક્ષ સાધક નથી. વિવેક વિનાના વિનયથી દોષોનો નાશ થતો નથી અને આ પ્રકારના મિથ્યાગ્રહ યુક્ત વિનયથી સ્વર્ગ કે મોક્ષની પ્રાપ્તિ થાય તે કથન યથાર્થ નથી.

**અક્રિયાવાદ:** તેઓ એકાંતે જીવાદિ પદાર્થોનો નિષેધ કરે છે. તેઓના મતાનુસાર આત્મા, કર્મ, કર્મબંધ, કર્મફળ કે કોઈ પણ ક્રિયા નથી. ચાર્વાકદર્શની, બૌદ્ધ અને સાંખ્ય આ ત્રણે દાર્શનિક એકાંત અક્રિયાવાદી છે. ચાર્વાક એટલે લોકાયતિક મતાનુસાર આત્મા જ નથી તેથી ક્રિયા કે ક્રિયાથી થતો કર્મબંધ પણ શક્ય નથી. આત્મામાં બદ્ધ કે મુક્તનો વ્યવહાર ઔપચારિક છે.

બૌદ્ધો સર્વ પદાર્થોને ક્ષણિક માને છે, ક્ષણિક પદાર્થોમાં કોઈ પણ ક્રિયા સંભવિત નથી. ક્રિયા ન હોવાથી કર્મબંધ પણ નથી. સાંખ્યદર્શન આત્માને સ્વીકારે છે પરંતુ આત્મા સર્વવ્યાપી હોવાથી તેમાં કોઈ ક્રિયા થતી નથી. આ રીતે તેઓ ક્રિયાનો નિષધ કરે છે. અક્રિયાવાદીના ૮૪ ભેદ છે.

આ રીતે ત્રણે દાર્શનિકોએ પોતાના કુતર્કથી ક્રિયાનો નિષેધ કર્યો છે પરંતુ તેઓની માન્યતા યુક્તિસંગત નથી કારણ કે તેઓને પોતાના મતની પ્રરૂપણા કરવા માટે પણ ઉપદેશ રૂપ ક્રિયા કરવી જ પડે છે. બૌદ્ધો ક્ષણિકવાદી હોવા છતાં તેઓએ પણ ગૌતમ બુદ્ધના પૂર્વના અનેક જન્મોને, તે કથાઓને સ્વીકારી જ છે. આ

સંસારની વિચિત્રતા, જન્મ-મરણ, રોગ-શોક, સુખ-દુઃખ, સંયોગ-વિયોગ આદિ દ્વંદ્વ કર્મ વિના શક્ય નથી અને ક્રિયા વિના કર્મ સિદ્ધ થતા નથી. સાંખ્ય પણ પ્રકૃત્તિના વિયોગથી મોક્ષને માને જ છે. જો મોક્ષને માને, તો બંધને અવશ્ય માનવું જ પડશે. આ જો બંધ-મોક્ષને માને, તો તેઓના વચનથી જ આત્માનું ક્રિયાવાન થવું તે સિદ્ધ થઈ જાય છે. આ રીતે એકાંત અક્રિયાવાદ યોગ્ય નથી.

**ક્રિયાવાદ:** એકાંત ક્રિયાવાદી એકાંતે જીવાદી પદાર્થોનું અસ્તિત્વ માને છે. તેઓ જ્ઞાનરહિત એકાંત ક્રિયાથી જ સ્વર્ગ-નરક કે મોક્ષને માને છે. જીવ જેવી ક્રિયા કરે, તે પ્રમાણે તેને સુખ-દુઃખાદિ મળે છે. જીવને આ સંસારમાં જે કાંઈ મળ્યું છે, તે પોતાનું જ કરેલું છે. તેમાં કાળ, ઈશ્વર આદિ કાંઈ કરી શકતા નથી. ક્રિયાવાદના ૧૮૦ ભેદ છે.

ક્રિયાવાદીઓનું કથન આંશિક રીતે યોગ્ય છે. આત્માદિ પદાર્થોનું અસ્તિત્વ છે, ક્રિયાથી મોક્ષ થાય છે પરંતુ તેઓની એકાંત પ્રરૂપણા યોગ્ય નથી. આત્માદિ કોઈપણ પદાર્થોનું અસ્તિત્વ સ્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ છે પરંતુ પર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ નથી. અસ્તિત્વને પણ જો એકાંતે માનવામાં આવે, તો જગતની સર્વવસ્તુઓ એક રૂપ થઈ જશે કારણકે દરેક વસ્તુ અસ્તિત્વ ધરાવે છે. જો સર્વવસ્તુ એક રૂપ થઈ જાય, તો સમસ્ત વ્યવહારનો ઉચ્છેદ થઈ જાય છે, પરંતુ તેમ થતું નથી.

તે જ રીતે જ્ઞાનરહિત એકાંત ક્રિયાથી મોક્ષ થતો નથી. સમ્યગજ્ઞાન સહિતની ક્રિયા જ મોક્ષનું કારણ બને છે. ज्ञानक्रियाभ्याम् मोक्षः। જ્ઞાન અને ક્રિયાના સમન્વયથી મોક્ષ થાય છે.

સંક્ષપમાં જીવ-અજીવ આદિ તત્ત્વોને જીવોની ગતિ-આગતિને, બંધ-મોક્ષને, યથાર્થ રૂપે જાણે છે અને જાણ્યા પછી જે પાપ, આશ્રવ કે કર્મબંધ રૂપ ક્રિયાને કરે છે તેમ જ પુણ્ય, સંવર કે નિર્જરા રૂપ ક્રિયાનું આચરણ કરે છે, તે ક્રમશઃ

મોક્ષને પામે છે. જે આત્માવાદ અને કર્મવાદનું અર્થાત્ જ્ઞાન અને ક્રિયાનું સુયોગ્ય સમન્વયપૂર્વકનું કથન કરે છે, તે જ સમ્યક્ ક્રિયાવાદના પ્રરૂપક છે. જે સમ્યગ્ ક્રિયાવાદની પ્રરૂપણા કરે છે, તે જ સ્વ-પરનું કલ્યાણ કરે છે.

**અપ્રેક્ષિત પ્રશ્નો :**

૧. આ અધ્યયનમાં સમવસરણ શબ્દ કયા અર્થમાં વપરાયો છે ?

૨. કેવો વિનય સાર્થક થતો નથી અને કેવો વિનય સાર્થક થાય છે ?

૩. અજ્ઞાનવાદીની માન્યતા શા માટે યથાર્થ નથી ?

૪. ચાર્વાક દર્શનની શું માન્યતા છે ?

૫. ક્રિયાવાદીઓ આત્માનાં અસ્તિત્વ ને કેવી રીતે સ્વીકારે છે ?



# શ્રી ઠાણાંગ સૂત્ર

## (સ્થાન-૧૦)

**બોલ- ૧૫- પ્રવ્રજ્યા :**

**પ્રવ્રજ્યાના દશ પ્રકાર છે.**

છંદા- પોતાની કે અન્યની ઈચ્છાથી દીક્ષા લેવી. (૨) રોસા - ક્રોધથી દીક્ષા લેવી. (૩) પરિજીર્ણા - દરિદ્રતાના કારણે ક્ષુધાથી પીડિત બની દીક્ષા લેવી. (૪) સ્વપ્ના - સ્વપ્નમાં થતાં સંકેતથી કે વિશિષ્ટ સ્વપ્નના કારણે દીક્ષા લેવી. (૫) પ્રતિશ્રુતા - પ્રતિજ્ઞાપૂર્વક દીક્ષા લેવી. (૬) સ્મારણિકા - પૂર્વભવના સ્મરણ કે જાતિસ્મરણના કારણે દીક્ષા લેવી. (૭) રોગણિકા - રોગના કારણે સંસારથી વિરક્ત બની દીક્ષા લેવી. (૮) અનાદતા - અનાદર, તિરસ્કૃત બની દીક્ષા લેવી. (૯) દેવસંજ્ઞપ્તિ - દેવ દ્વારા પ્રતિબોધિત થઈ દીક્ષા લેવી. (૧૦) વત્સાનુબંધી - પુત્ર સ્નેહથી પુત્ર માટે પુત્ર સાથે દીક્ષા લેવી.

આ રીતે કારણની અપેક્ષાએ પ્રવ્રજ્યાના દશ પ્રકાર છે.

**બોલ-૭૫- દશ પ્રકારના સુખ :**

**સુખના દશ પ્રકાર છે.**

(૧) આરોગ્ય (૨) દીર્ઘ આયુષ્ય (૩) ધન સંપન્નતા (૪) કામ-શબ્દ, રૂપનું સુખ (૫) ભોગ-ગંધ, રસ, સ્પર્શનું સુખ (૬) સંતોષ-નિર્લોભતા, અલ્પઈચ્છા (૭) અસ્તિ-જ્યારે જે વસ્તુની જરૂરિયાત હોય ત્યારે તેની પૂર્તિ થઈ જવી (૮) શુભ ભોગ- સુંદર રમ્ય ભોગોની પ્રાપ્તિ (૯) નિષ્ક્રમણ-પ્રવ્રજિત થવાનો યોગ મળવો (૧૦) અનાબાધ-અવ્યાબાધ સુખ, જન્મ-મૃત્યુ આદિથી રહિત એવું મુક્તિનું સુખ.

**બોલ- ૮૫- દસ પ્રકારના શસ્ત્ર :**

**શસ્ત્રના દશ પ્રકાર છે, તે આ પ્રમાણે છે** - (૧) અગ્નિ શસ્ત્ર (૨) વિષ શસ્ત્ર (૩) લવણ શસ્ત્ર (૪) સ્નેહ શસ્ત્ર (૫) ક્ષાર શસ્ત્ર (૬) અમ્લ શસ્ત્ર (૭) દુષ્પ્રયુક્ત મન (૮) દુષ્પ્રયુક્ત વચન (૯) દુષ્પ્રયુક્ત કાય (૧૦) અવિરતિ ભાવ.

જીવઘાત અથવા હિંસાના સાધનને શસ્ત્ર કહે છે. તેના બે પ્રકાર છે- દ્રવ્યશસ્ત્ર અને ભાવ શસ્ત્ર. દશ પ્રકારના શસ્ત્રોમાંથી પ્રથમના છ દ્રવ્ય શસ્ત્ર છે અને છેલ્લા ચાર ભાવ શસ્ત્ર છે. અગ્નિ આદિથી દ્રવ્ય-હિંસા થાય છે અને દુષ્પ્રયુક્ત મન આદિથી ભાવહિંસા થાય છે. લવણ, ક્ષાર, અમ્લ આદિ વસ્તુના સંબંધથી સચિત્ત વનસ્પતિ અચિત્ત થઈ જાય છે. તે જ રીતે સ્નેહ-તેલ, ઘી આદિથી સચિત્ત વસ્તુ અચિત્ત થઈ જાય છે. તેથી લવણાદિને શસ્ત્ર કહ્યા છે. દુષ્પ્રયુક્ત મન આદિ ભાવશસ્ત્ર આત્મગુણોની ઘાત કરનારા છે.

**બોલ-૮૯-દાનના પ્રકાર :**

**દાનના દશ પ્રકાર છે, તે આ પ્રમાણે છે**

(૧) **અનુકંપા દાન :** કરુણાભાવથી દાન આપવું. દીન, અનાથ, રંક, આપત્તિગ્રસ્ત રોગી વગેરે જીવો પ્રતિ દયા બુદ્ધિથી જે અપાય તે અનુકંપા દાન છે.

(૨) **સંગ્રહ દાન :** પૂર, દુર્ભિક્ષ, ધરતીકંપ આદિ ઉપદ્રવોથી પીડિતોને સહાય કરવી તે સંગ્રહ દાન.

(૩) **ભય દાન :** રાક્ષસ, પિશાચ, રાજા, મંત્રી, કોટવાળ આદિના ભયથી જે અપાય તે ભય દાન.

(૪) **કારુણ્ય દાન :** પુત્રાદિના વિયોગના કારણે થતો શોક, કારુણ્ય કહેવાય છે. શોકવશ પિતૃ આદિના નિમિત્તે જે દાન અપાય તે કારુણ્યદાન અર્થાત્ મૃત વ્યક્તિની પાછળ જે દાન અપાય તે.

**(૫) લજ્જા દાન :** લોકલજ્જાથી જે દાન અપાય તે લજ્જાદાન.

**(૬) ગૌરવદાન :** યશ અથવા પોતાની મોટાઈ બતાવવા જે દાન અપાય તે ગૌરવ દાન અથવા ગર્વથી અપાય તે ગર્વ દાન.

**(૭) અધર્મ દાન :** હિંસા, અસત્ય વગેરે પાપમાં આસક્ત વ્યક્તિને આપવું અથવા પાપયુક્ત દાન આપવું.

**(૮) ધર્મ દાન :** ધર્મ ભાવનાથી શ્રુત અને ચારિત્ર ધર્મના પોષણ માટે જે દાન અપાય તે ધર્મ દાન. સંયમીને અપાય તે ધર્મ દાન છે. તે દાન અક્ષય સુખનું કારણ છે.

**(૯) કરિષ્યતિ દાન :** 'ક્યારેક આ પણ મારા ઉપર ઉપકાર કરશે' આ ભાવનાથી જે દાન અપાય તે કરિષ્યતિ દાન.

**(૧૦) કૃતમિતિ દાન :** પહેલા કરેલા ઉપકારને યાદ કરી આપે તે.

**બોલ-૯૧- દસ મુંડન :**

**મુંડના દશ પ્રકાર છે, તે આ પ્રમાણે છે** - (૧) શ્રોતેન્દ્રિત મુંડ - શ્રોત્રેન્દ્રિયના વિષયનો ત્યાગ કરનારા શ્રોતેન્દ્રિયને નિયંત્રણમાં રાખનારા (૨) ચક્ષુરિન્દ્રિય મુંડ - ચક્ષુરિન્દ્રિયના વિષયનો ત્યાગ કરનારા (૩) ઘ્રાણેન્દ્રિય મુંડ - ઘ્રાણેન્દ્રિયના વિષયનો ત્યાગ કરનારા (૪) જિહ્વેન્દ્રિય મુંડ - જિહ્વેન્દ્રિયના વિષયનો ત્યાગ કરનારા (૫) સ્પર્શેન્દ્રિય મુંડ - સ્પર્શેન્દ્રિયના વિષયનો ત્યાગ કરનારા, તેને જીતનારા (૬) ક્રોધ મુંડ - ક્રોધ કષાયને જીતનારા (૭) માનમુંડ - માન કષાયને જીતનારા (૮) માયા મુંડ - માયા કષાયને જીતનારા (૯) લોભ મુંડ - લોભ કષાયને જીતનારા (૧૦) શિરો મુંડ - મસ્તકના કેશનું મુંડન કરનારા.

આ દશ પ્રકારના મુંડમાં પાંચ ઈન્દ્રિય અને ચાર કષાય ને જીતનારા જ શ્રેષ્ઠ છે.

**બોલ-૯૩- દસ પ્રકારના પ્રત્યાખ્યાન :**

**પ્રત્યાખ્યાનના દશ પ્રકાર છે. તે આ પ્રમાણે છે.**

**(૧) અનાગત પ્રત્યાખ્યાન :** ભવિષ્યમાં તપ, નિયમ અથવા પ્રત્યાખ્યાન કરવાના હોય, તેને ભવિષ્યમાં આવનાર મુશ્કેલીના કારણે પહેલાં કરી લેવા. જેમ કે પર્યુષણમાં વૈયાવૃત્ય, પ્રવચન પ્રભાવના આદિ કાર્યોના કારણે કોઈ શ્રમણ પર્યુષણ પહેલાં તે તપસ્યાની આરાધના કરી લે તો તેને અનાગત પ્રત્યાખ્યાન કહે છે.

**(૨) અતિક્રાંત પ્રત્યાખ્યાન :** પહેલાં જે તપ, નિયમ અથવા પ્રત્યાખ્યાન કરવાના હતા, તે ગુરુ, તપસ્વી, કે બિમારની સેવા આદિના કારણે થઈ શક્યા ન હોય અને તે તપ-નિયમાદિને પછી કરે તો તેને અતિક્રાંત પ્રત્યાખ્યાન કહે છે.

**(૩) કોટિ સહિત પ્રત્યાખ્યાન:** એક પ્રત્યાખ્યાનની સમાપ્તિ તથા બીજા પ્રત્યાખ્યાનની આદિ એક જ દિવસે થાય, જેમ કે ઉપવાસના પારણે આયંબિલાદિ તપ કરવું તે કોટિ સહિત છે. અર્થાત્ નવા પ્રત્યાખ્યાનની આદિ અને જૂના પ્રત્યાખ્યાનની પૂર્ણાહુતિ, આ બંનેનું જોડાણ એક દિવસે થાય તેને કોટિ સહિત પ્રત્યાખ્યાન કહે છે.

**(૪) નિયંત્રિત પ્રત્યાખ્યાન :** જે દિવસે જે પ્રત્યાખ્યાન કરવાનો નિશ્ચય કર્યો છે, તે દિવસે રોગાદિ કોઈ પણ પ્રકારની બાધાઓ આવે, તેમ છતાં તેને ન છોડતાં નિયમપૂર્વક પૂર્ણ કરવા, તેને નિયંત્રિત પ્રત્યાખ્યાન કહે છે.

**(૫-૬) સાગાર-અનાગાર પ્રત્યાખ્યાન:** છૂટ સહિતના પ્રત્યાખ્યાન સાગાર પ્રત્યાખ્યાન અને છૂટ રહિતના પ્રત્યાખ્યાન અનાગાર પ્રત્યાખ્યાન છે. સાધુ અથવા શ્રાવક કોઈ પણ વિશિષ્ટ પ્રત્યાખ્યાન સાગાર સહિત પણ કરી શકે અને દૃઢતા હોય તો આગાર રહિત પણ કરી શકે છે. આ કારણે પ્રત્યાખ્યાનના સાગાર અને અનાગાર તેમ બે ભેદ થાય છે.

(૭) **પરિમાણ કૃત પ્રત્યાખ્યાનઃ** દત્તિ, કવલ, ઘર, ભિક્ષા અથવા ભોજ્ય દ્રવ્યોની મર્યાદા કરવી. જેમ કે પાત્રમાં એક સાથે જેટલી અન્નાદિક વસ્તુ પડશે, તેટલી વસ્તુ હું વાપરીશ તે દત્તિ પરિમાણ છે. આ જ રીતે કવલ, ઘર આદિની પણ મર્યાદા થઈ શકે છે.

(૮) **નિરવશેષ પ્રત્યાખ્યાનઃ** અશન-પાન-ખાદિમ અને સ્વાદિમ, આ ચારે પ્રકારના આહારના સમયની મર્યાદા સાથે સર્વથા પ્રત્યાખ્યાન કરવા.

(૯) **સંકેત પ્રત્યાખ્યાનઃ** મુઠ્ઠી, અંગૂઠી, ગાંઠ અને નમસ્કાર મંત્ર આદિ પ્રત્યાખ્યાન પૂર્ણ કરવાના કોઈ પણ સંકેતપૂર્વક પ્રત્યાખ્યાન કરવા.

(૧૦) **અદ્ધા પ્રત્યાખ્યાનઃ** અદ્ધા-કાલ વિશેષને નિયત કરીને પ્રત્યાખ્યાન કરવા, જેમ કે પોરસી, બે પોરસી, માસખમણ, અર્દ્ધમાસખમણ આદિ.

દશ પ્રત્યાખ્યાનને ઉત્તરગુણ પ્રત્યાખ્યાન કહ્યા છે. તે મૂળ ગુણને પુષ્ટ કરે છે, મૂળગુણોને સુશોભિત રાખે છે.

**બોલ-૯૪- શ્રમણ સમાચારીઃ**

સમાચારીના દશ પ્રકાર છે, તે આ પ્રમાણે છે - (૧) ઈચ્છા સમાચારી-કાર્ય કરવા કે કરાવવામાં ગુર્વાદિકોની ઈચ્છા પ્રમાણે કાર્યાદિ કરવા. (૨) મિચ્છા સમાચારી - ભૂલ થઈ જાય તો સાધકે સ્વયં **'મિચ્છામિદુક્કડમ્'** કહી આલોચના કરવી. (૩) તથાકાર સમાચારી - આચાર્યના વચનને 'તહત્તિ' કહી સ્વીકાર કરવો. (૪) આવશ્યકી સમાચારી - ઉપાશ્રયની બહાર જતાં સમયે 'હું આવશ્યક કાર્ય માટે બહાર જાઉં છું.' એમ દર્શાવવા आवस्सही आवस्सही શબ્દનું ઉચ્ચારણ કરવું. (૫) નૈષેધિકી સમાચારી - કાર્ય કરી પાછા આવે ત્યારે 'હું કાર્ય કરીને આવી ગયો છું.' તેમ દર્શાવવા णिस्सिही णिस्सिही શબ્દનું ઉચ્ચારણ કરવું. (૬) આપૃચ્છા સમાચારી -

કોઈ કાર્ય માટે આચાર્યને પૂછવું. (૭) પ્રતિપૃચ્છા સમાચારી - બીજાના કામ માટે આચાર્યને વિશેષ રૂપે પૂછવું. (૮) છંદણા સમાચારી - આહાર માટે સાધિર્મક સાધુઓને આમંત્રણ આપવું. (૯) નિમંત્રણ સમાચારી - 'હું આપના માટે આહારાદિ લઈ આવું ?' આ રીતે ગુરુજનોને નિમંત્રિત કરવા. (૧૦) ઉપસંપદા સમાચારી - જ્ઞાન, દર્શન, ચારિત્રની વિશેષ પ્રાપ્તિ માટે કેટલોક સમય બીજા આચાર્ય પાસે રહેવું.

આ દશ સમાચારી શ્રમણ જીવનના સમગ્ર વ્યવહાર ને શુદ્ધ- વિશુદ્ધ બનાવે છે. જે તેની આત્મસમાધિના કારણરૂપ છે.

**બોલ-૯૫-૯૬- ભગવાન મહાવીરના છદ્મસ્થકાલના દશ સ્વપ્ન અને સ્વપ્નફળ:**

(૧) શ્રમણ ભગવાન મહાવીર, ઘોર રૂપવાળા, દીપ્તિમાન એક તાલ પિશાચને સ્વપ્નમાં પોતાના દ્વારા પરાજિત થતો જોઈ જાગૃત થયા. તેના ફળ સ્વરૂપે શ્રમણ ભગવાન મહાવીરે મોહનીય કર્મને મૂળથી ઉખેડી નાંખ્યું.

(૨) શ્રમણ ભગવાન મહાવીર શ્વેત પાંખવાળા એક મહાન નરકોકિલનું સ્વપ્ન જોઈ જાગૃત થયા. તેના ફળ સ્વરૂપે શ્રમણ ભગવાન મહાવીર શુકલ ધ્યાનયુક્ત થયા.

(૩) શ્રમણ ભગવાન મહાવીર સ્વામી ચિત્ર-વિચિત્ર પાંખવાળા મહાન નરકોકિલનું સ્વપ્ન જોઈ જાગૃત થયા. તેના ફળ સ્વરૂપે શ્રમણ ભગવાન મહાવીરે સ્વસમય, પરસમયરૂપ વૈવિધ્યથી પૂર્ણ દ્વાદશાંગી ગણિપિટકનું વ્યાખ્યાન, પ્રજ્ઞાપન, પ્રરૂપણ, દર્શન, નિદર્શન અને ઉપદર્શન કર્યુ. તે દ્વાદશાંગી ગણિપિટક આ પ્રમાણે છે - (૧) આચારાંગ (૨) સૂયગડાંગ (૩) ઠાણાંગ (૪) સમવાયાંગ (૫) વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ-ભગવતી(૬) જ્ઞાતા ધર્મકથા (૭) ઉપાસક દશાંગ (૮) અંતકૃત દશાંગ (૯) અનુત્તરોપપાતિક દશાંગ (૧૦) પ્રશ્નવ્યાકરણ (૧૧)

વિપાક (૧૨) દૃષ્ટિવાદ.

(૪) શ્રમણ ભગવાન મહાવીર સર્વ રત્નમયી બે મોટી માળા સ્વપ્નમાં જોઈ જાગૃત થયા. તેના ફ્લ સ્વરૂપે શ્રમણ ભગવાન મહાવીરે બે ધર્મની પ્રરૂપણા કરી, અગાર ધર્મ અને અણગાર ધર્મ.

(૫) શ્રમણ ભગવાન મહાવીર એક મહાન શ્વેત ગોવર્ગ સ્વપ્નમાં જોઈ જાગૃત થયા. તેના ફળ સ્વરૂપે શ્રમણ ભગવાન મહાવીરનો ચાર તીર્થમય સંઘ થયો, તે આ પ્રમાણે છે- (૧) શ્રમણ (૨) શ્રમણી (૩) શ્રાવક (૪) શ્રાવિકા.

(૬) શ્રમણ ભગવાન મહાવીર ચારે બાજુથી પ્રફુલ્લિત કમળવાળું એક મહાન સરોવર સ્વપ્નમાં જોઈ જાગૃત થયા. તેના ફળ સ્વરૂપે શ્રમણ ભગવાન મહાવીરે ચાર પ્રકારના દેવોની પ્રરૂપણા કરી, તે આ પ્રમાણે- (૧) ભવનવાસી (૨) વાણવ્યંતર (૩) જ્યોતિષી (૪) વૈમાનિક.

(૭) શ્રમણ ભગવાન મહાવીર નાના-મોટા તરંગોથી વ્યાપ્ત એક મોટા મહાસાગરને ભુજાઓથી તરી ગયા, તે પ્રમાણે સ્વપ્ન જોઈ જાગૃત થયા. તેના ફ્લ સ્વરૂપે શ્રમણ ભગવાન મહાવીરે અનાદિ અનંત, દીર્ઘકાલીન ચાતુરન્ત નરકાદિ ચાર ગતિવાળા સંસાર કાન્તાર (મહાવન) ને પાર કર્યુ.

(૮) શ્રમણ ભગવાન મહાવીર તેજથી જાજ્વલ્યમાન એક મહાન સૂર્ય સ્વપ્નમાં જોઈ જાગૃત થયા. તેના ફ્લ સ્વરૂપે શ્રમણ ભગવાન મહાવીરને અનંત, અનુત્તર, નિર્વ્યાઘાત, નિરાવરણ, અખંડ, પ્રતિપૂર્ણ, શ્રેષ્ઠ એવું કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત થયું.

(૯) શ્રમણ ભગવાન મહાવીર, હરિત અને વૈડૂર્ય વર્ણવાળા પોતાના આંતરડાથી વીંટળાયેલ માનુષોત્તર પર્વતનું સ્વપ્ન જોઈ જાગૃત થયા. તેના ફળ સ્વરૂપે દેવ, મનુષ્યો અને અસુરોમાં શ્રમણ ભગવાન મહાવીરની કીર્તિ પ્રશંસા અને ગુણગાથા ગવાઇ. ‘‘શ્રમણ ભગવાન મહાવીર આવા છે, શ્રમણ ભગવાન મહાવીર આવા

છે,'' આવો યશ ત્રણે લોકમાં ફેલાયો.

(૧૦) શ્રમણ ભગવાન મહાવીર સ્વપ્નમાં મંદરપૂર્વતની મંદરચૂલિકાની ઉપર એક મહાન સિંહાસન ઉપર પોતાને બેઠેલા જોઈ જાગૃત થયા. તેના ફળ સ્વરૂપે શ્રમણ ભગવાન મહાવીર દેવ, મનુષ્ય અને અસુરોની પરિષદની મધ્યે બિરાજમાન થઈ કેવલિપ્રજ્ઞપ્ત ધર્મનું આખ્યાન, પ્રજ્ઞાપન, પ્રરૂપણ, દર્શન, નિદર્શન અને ઉપદર્શન કર્યુ.

ભગવાનને છદ્મસ્થાવસ્થાની અંતિમ રાત્રિએ (અર્થાત્ વૈશાખ સુખ નોમની રાત્રિએ) સ્વલ્પનિદ્રા આવી તથા તેમાં દસ સ્વપ્ન જોયા અને નિકટતમ ભવિષ્યમાં તેના ફળરૂપે વૈશાખ સુદ દશમના દિવસે ત્રીજા પ્રહરમાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ.

**બોલ-૧૦૧- છદ્મસ્થ અને કેવળીના જ્ઞાનની ક્ષમતા:** છદ્મસ્થજીવ દશ પદાર્થને સંપૂર્ણપણે જાણતા નથી અને જોતા નથી, તે આ પ્રમાણે છે-

(૧) ધર્માસ્તિકાય (૨) અધર્માસ્તિકાય (૩) આકાશાસ્તિકાય (૪) શરીર મુક્ત જીવ (૫) પરમાણુ પુદ્ગલ (૬) શબ્દ (૭) ગંધ (૮) વાયુ (૯) આ જીવ જિન થશે કે નહીં (૧૦) આ જીવ સર્વ દુ:ખોનો અંત કરશે કે નહીં.

સંપૂર્ણ જ્ઞાન-દર્શનના ધારક એવા અર્હત, જિન, કેવળી, એ દશ પદાર્થોને સંપૂર્ણરૂપે જાણે છે અને જુએ છે, તે આ પ્રમાણે છે:

(૧) ધર્માસ્તિકાય (૨) અધર્માસ્તિકાય (૩) આકાશાસ્તિકાય (૪) શરીર મુક્ત જીવ (૫) પરમાણુ પુદ્ગલ (૬) શબ્દ (૭) ગંધ (૮) વાયુ (૯) આ જીવ જિન થશે કે નહીં (૧૦) આ જીવ સર્વ દુ:ખોનો અંત કરશે કે નહીં.

**બોલ-૧૪૬**: શતાયુષ્ક દશા- મનુષ્યનું પૂર્ણ આયુષ્ય સો વર્ષનું માનીને તેની દશ-દશ વર્ષની દશ- દશા થાય છે. તે પ્રમાણે છે. (૧) બાલદશા-આ અવસ્થામાં સુખ-દુ:ખ અથવા સારા-નરસાનો વિશેષ બોધ થતો નથી. (૨) ક્રીડાદશા-આ અવસ્થામાં રમત-ગમતની પ્રવૃત્તિ વધુ હોય છે. (૩) મન્દાદશા-આ અવસ્થામાં ભોગની પ્રવૃત્તિ

વધુ હોય છે. બલ-બુદ્ધિના કાર્યો મંદ હોય છે. (૪) બલાદશા-આ અવસ્થામાં મનુષ્ય પોતાના બળનું પ્રદર્શન વધુ કરે છે. (૫) પ્રજ્ઞા દશા-આ દશામાં મનુષ્યની બુદ્ધિ ધન કમાવામાં, કુટુંબનું પાલન પોષણ કરવા આદિમાં લાગેલી હોય છે. આ દશામાં પ્રૌઢતા હોય છે. (૬) હાયનીદશા-આ દશામાં શક્તિ ક્ષીણ થવાનો પ્રારંભ થાય છે. (૭) પ્રપંચાદશા-આ અવસ્થામાં મોઢામાંથી લાળ-થૂંક વગેરે પડવા લાગે છે. (૮) પ્રાગ્ભારદશા-આ અવસ્થામાં શરીર ઉપર કરચલીઓ પડી જાય છે, કમરેથી વાંકા વળી જાય છે, વૃદ્ધાવસ્થા દેખાવા લાગે છે. (૯) ઉન્મુખીદશા-આ અવસ્થામાં મનુષ્ય વૃદ્ધાવસ્થાથી પીડિત હોવાથી મૃત્યુની ઈચ્છા કરવા લાગે છે. (૧૦) શાયિનીદશા-શયન દશામાં રહેવાની ઉંમર તે શાયિની દશા. આ દશામાં મનુષ્ય હીન સ્વર, દીન સ્વર અને શૂન્યચિત્તવાળો દુ:ખી થઈ જાય છે.

**બોલ-૧૪૮ વિદ્યાધર અને આભિયોગિક શ્રેણી:** દીર્ઘ વૈતાઢય પર્વત પર અવસ્થિત સર્વ વિદ્યાધરોની શ્રેણીઓ અને આભિયોગિક દેવોની શ્રેણીઓ દશ યોજન પહોળી છે.

ભરત અને ઐરવત ક્ષેત્રની બરાબર મધ્યભાગમાં પૂર્વ સમુદ્રથી લઈને પશ્ચિમ સમુદ્ર સુધી લાંબો વૈતાઢય પર્વત છે. તે મૂળભાગમાં ૫૦ યોજન પહોળો અને ૨૫ યોજન ઊંચો છે. ભૂમિતલથી દશ યોજનની ઊંચાઈ ઉપર દક્ષિણ દિશામાં ૫૦ અને ઉત્તર દિશામાં ૬૦, કુલ ૧૧૦ વિદ્યાધરોની શ્રેણીઓ છે. તે શ્રેણીઓ દસ યોજન પહોળી છે. વિદ્યાધરોની શ્રેણીઓમાં આકાશગામિની આદિ અનેક વિદ્યાઓના ધારક વિદ્યાધર મનુષ્યો રહે છે, તેનાથી દશ યોજન ઉપર આભિયોગિક દેવોની શ્રેણીઓ છે. તેમાં આભિયોગિક જાતિના વ્યંતર દેવો રહે છે. મહાવિદેહક્ષેત્રની ૩૨ વિજયોના દીર્ઘ વૈતાઢય પર્વત ઉપર પણ તે જ માપવાળી વિદ્યાધરોની આભિયોગિક દેવોની શ્રેણી હોય છે.

**બોલ-૧૫૨- દસ અચ્છેરા :**

આ અવસર્પિણીકાલમાં દશ આશ્ચર્યકારી ઘટનાઓ ઘટિત થઈ છે, તે આ પ્રમાણે છે : (૧) ભગવાન મહાવીર સ્વામીને ઉપસર્ગ આવ્યો. (૨) તીર્થંકર મહાવીરનું ગર્ભ સંહરણ થયું. (૩) મલ્લિનાથ તીર્થંકર સ્ત્રીપણે થયા. (૪) ભગવાન મહાવીરની પ્રથમ દેશના ખાલી ગઈ. કોઈએ વ્રત પ્રત્યાખ્યાન ન કર્યા. (૫) કૃષ્ણ અપરકંકા (અમરકંકા) નગરીમાં ગયા અને વાસુદેવ વાસુદેવનું શંખધ્વનિના માધ્યમે મિલન થયું. (૬) ચંદ્ર અને સૂર્ય દેવોનું વિમાન સહિત પૃથ્વી ઉપર આવવું. (૭) હરિવંશ કુળની ઉત્પત્તિ. (૮) ચમરનો ઉત્પાત. (૯) એકસો આઠ સિદ્ધ. (૧૦) અસંયતની પૂજા. આ દશ પ્રકારના આશ્ચર્ય અનંતકાળે થયા છે અને થાય છે.

**(૧) ઉપસર્ગ :** સામાન્યતયા કેવળી ભગવાનને અને તીર્થંકરોને ઉપસર્ગો આવતા નથી. પરંતુ તીર્થંકર મહાવીરને ગોશાલકનો ઉપસર્ગ આવ્યો હતો, ગોશાલકે ભગવાન પર તેજોલેશ્યા મૂકી જેની અસર અલ્પ સમય માટે ભગવાનને થઈ.

**(૨) ગર્ભાપહરણ :** તીર્થંકરો ક્ષત્રિયકુળમાં જ ઉત્પન્ન થાય છે. મરીચિના ભવમાં બાંધેલા નીચ ગોત્ર કર્મના કારણે ભગવાન મહાવીરનો જીવ દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાં ઉત્પન્ન થયો, ઈન્દ્રની આજ્ઞાથી હરિણૈગમેષી દેવે ભગવાનના ગર્ભનું સંહરણ કરીને દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાંથી ત્રિશલારાણીની કુક્ષિમાં મૂક્યો.

**(૩) સ્ત્રી તીર્થંકર :** સામાન્ય રીતે તીર્થંકરો પુરુષ લિંગમાં હોય છે પરંતુ મલ્લિકુંવરીએ પૂર્વ ભવે માયા કરી સ્ત્રીવેદનો બંધ કર્યો હતો તેથી તે સ્ત્રી લિંગે ઓગણીસમાં તીર્થંકર થયા.

**(૪) અભાવિત પરિષદ :** ચારિત્રધર્મ સ્વીકારવા માટે અયોગ્ય પરિષદને અભાવિત પરિષદ કહે છે. સામાન્ય રીતે તીર્થંકરોની પ્રથમ દેશના સાંભળ્યા પછી કોઈ ને કોઈ શ્રાવકવ્રત કે સાધુવ્રત ગ્રહણ કરે છે  અને ચતુર્વિધ સંઘની સ્થાપના થાય છે. પરંતુ ભગવાન મહાવીરની પ્રથમ દેશનામાં મનુષ્ય ન હતા,  તેથી કોઈને વિરતિના ભાવ ન થયા અને શ્રાવક વ્રત કે સાધુ વ્રતનો સ્વીકાર ન કર્યો તે આશ્ચકારી ઘટના છે.

**(૫) કૃષ્ણ વાસુદેવનું અમરકંકા નગરીમાં ગમન :** ધાતકીખંડના ભરતક્ષેત્રની અમરકંકાના પદ્મનાભ રાજાએ દેવ સહાયતાથી દ્રૌપદીનું હરણ કર્યું, આ વૃતાંત નારદ દ્વારા જાણી. પાંડવો અને કૃષ્ણ વાસુદેવ લવણાધિપતિ સુસ્થિત દેવની મદદથી અમરકંકા પહોંચી પદ્મનાભ સાથે યુધ્ધ કરી, શંખનાદ કરી દ્રૌપદીને લઈ ભરત ક્ષેત્ર તરફ પ્રયાણ કર્યું, તે જ સમયે ધાતકીખંડના વાસુદેવ કપિલ જે ત્યાંના તીર્થંકર મુનિસુવ્રત પ્રભુની દેશના સાંભળી રહ્યા હતા તેને તીર્થંકર દ્વારા સર્વ હકીકતની જાણ થતાં કૃષ્ણ વાસુદેવનું સ્વાગત કરવા લવણ સમુદ્રને કિનારે પહોંચ્યા. ત્યારે કૃષ્ણ વાસુદેવ ઘણા દૂર નીકળી ગયાં હતાં. શ્રી કૃષ્ણે શંખનાદ કર્યો. કપિલ વાસુદેવે દૂર નીકળી ગયેલા કૃષ્ણ વાસુદેવની ધજાનો અગ્રભાવ જોયો તે જોઈને કપિલે પ્રત્યુત્તરમાં પંચજન્ય રાંખનાદ કર્યો. આ રીતે બે વાસુદેવનું શંખનાદથી મિલન થયું. બે વાસુદેવને મિલનને આશ્ચર્યકારી ઘટના કહી છે.

**(૬) સૂર્ય અને ચંદ્ર મૂળ વિમાન સહિત આવ્યા :** જ્યોતિષી દેવોના ઈન્દ્ર ચંદ્ર અને સૂર્યના શાશ્વતા વિમાન હંમેશા સમપૃથ્વીથી ક્રમશઃ ૮૮૦ અને ૮૦૦ યોજનની ઊંચાઇ પર રહીને સતત પરિક્રમા કરે છે. ચંદ્રેન્દ્ર અને સૂર્યેન્દ્ર આ બંને ઈન્દ્રો પોત-પોતાના શાશ્વત વિમાનોમાં નિવાસ કરતા હોય છે.

આ બંને ઈન્દ્રોના વિમાન ભ્રમણ કરવા રૂપ અનાદિ વ્યવસ્થાનું ઉલ્લંઘન

કરીને નીચે પ્રભુના સમવસરણમાં આવ્યા હતા. અર્થાત્ ચંદ્ર અને સૂર્ય શાશ્વત વિમાનમાં જ આવ્યા, આ લોકનું એક આશ્ચર્ય થયું.

આ ઘટના મૃગાવતી સાધ્વીના કેવળજ્ઞાનમાં નિમિત્ત બની ગઇ. ચંદ્ર- સૂર્યના તેજથી મૃગાવતીજી સૂર્યાસ્તને જાણી શક્યા નહીં. ચંદ્ર- સૂર્ય સમવસરણમાંથી વિદાય થતાં અચાનક અંધકાર થયો. મૃગાવતીજી સૂર્યાસ્ત થઇ ગયો છે, તેમ જાણીને સ્વસ્થાને ગયા. ત્યાં ગુરુણી ચંદનાજીએ મૃગાવતીજીને સૂર્યાસ્ત પછી આવવા માટે ઠપકો આપ્યો. મૃગાવતીજી પોતાના દોષનું પશ્ચાતાપ પૂર્વક પ્રતિક્રમણ કરીને કેવળજ્ઞાનને પામ્યા.

**(૭) હરિવંશ કુળની ઉત્પતિ :** હરિવર્ષ નામનું યુગલિક ક્ષેત્ર છે. જ્યાં વંશ કે કુળ પરંપરા હોતી નથી. પરંતુ હરિવર્ષના એક યુગલિકની સંતાન પરંપરા ચાલી તે આશ્ચર્યકારી ઘટના છે. હરિવર્ષ ક્ષેત્રના એક હરિ, હરિણી નામના યુગલિકનું પૂર્વભવના વૈરી દેવે અપહરણ કરી ભરતક્ષેત્રની ચંપા નગરીમાં મૂક્યા. પૂર્વભવમાં તે દેવ વીરક નામનો માળી અને યુગલિક સ્ત્રી હરિણી તેની વનમાળા નામે પત્નિ હતી. તે દેશનો સુમુખ નામનો રાજા વનમાળા પર મોહિત થયો અને વનમાળા પોતાના પતિ વીરકને છોડી સુમુખ રાજા પાસે ચાલી ગઈ. વનમાળા વગર વીરકની સ્થિતિ પાગલ જેવી થઈ ગઈ. વનમાળાના નામનો પોકાર કરતાં એકવાર રાજમહેલ પાસેથી પસાર થયો. તેની આવી અવદશા જોઈ રાજા-રાણી પોતાના દુષ્કર્મની આલોચના કરવા લાગ્યા. તે જ સમયે વિજળી પડતા બંને મૃત્યુ પામી હરિ-હરિણી નામે યુગલિક થયા અને વીરક મૃત્યુ પામી સૌધર્મ દેવલોકમાં કિલ્વીષક દેવ થયો. અવધિજ્ઞાનથી પૂર્વભવ જોતાં હરિ-હરિણી પર દ્વેષ જાગૃત થયો. તેણે વિચાર્યુ આ યુગલિક તરીકે મૃત્યુ પામશે તો ક્ષેત્ર પ્રભાવે દેવ થશે, તેમ વિચારી તે બંનેને ચંપાનગરીમાં મૂક્યા, ત્યાંનો રાજા નિ:સંતાન મૃત્યુ પામ્યા હતા તેથી દેવે આકાશવાણી કરી પ્રજાએ તેને રાજા બનાવ્યો.

આ રીતે તેના નામે હરિવંશ શરૂ થયો.

**(૮) ચમરનો ઉત્પાત:** અસુરકુમારરાજ ચમરેન્દ્રે સૌધર્મ દેવલોકમાં જઈ જે ઉત્પાત મચાવ્યો તે આશ્ચર્યકારી ઘટના છે. અસુરેન્દ્ર ઊર્ધ્વલોકમાં દેવલોક સુધી જવાનું સામર્થ્ય ધરાવે છે, પરંતુ સામાન્ય અસુરો ઊર્ધ્વ દેવલોકમાં જતા નથી. પૂરણ નામનો તાપસ ચમરેન્દ્ર રૂપે ઉત્પન્ન થયો. તેણે અવધિજ્ઞાન દ્વારા ઊર્ધ્વદિશામાં પોતાના મસ્તક ઉપર સૌધર્મ દેવલોકમાં સ્થિત શકેન્દ્રના બે ચરણ જોયા. શકેન્દ્રનો પરાભવ કરવા મહાવીર સ્વામીને વંદન કરી, તેમનું શરણું લઈ, એક લાખ યોજન પ્રમાણ વૈક્રિય શરીરની રચના કરી સૌધર્મ દેવલોકમાં ગયો. ત્યાં જઈને ઉત્પાત મચાવ્યો. શકેન્દ્રને તિરસ્કાર પૂર્વક આક્રોશ વચન કહેવા લાગ્યો, તેથી ક્રોધાયમાન શક્રે તેના પર વજ્ર નામનું શસ્ત્ર છોડયું, વજ્રને જોતાં ચમર તીવ્રવેગથી ભાગ્યો, શકેન્દ્રે અવધિજ્ઞાનથી જાણ્યું કે ચમર તીર્થંકર પરમાત્માનું શરણ લઈને આવ્યો છે, ચમર તો વજ્રથી બચવા અતિ સૂક્ષ્મ રૂપ બનાવી ભગવાનના પગ નીચે સંતાઈ ગયો છે. પ્રભુની અશાતનાથી બચવા શકેન્દ્રે તીવ્રવેગથી આવી પ્રભુથી ચાર અંગુલ દૂર રહેલા વજ્રને પકડી લીધું અને ચમરને તેના અપરાધની ક્ષમા આપી.

**(૯) એક સમયે ઉત્કૃષ્ટ અવગાહનાવાળા ૧૦૮ નું સિદ્ધ થવું:** ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષ્યની અવગાહનાવાળા એક સમયમાં બે જીવ જ સિદ્ધ થાય છે પરંતુ ઉત્કૃષ્ટ અવગાહનાવાળા ભગવાન ઋષભદેવ, ૫૦૦ ધનુષ્યની ઉત્કૃષ્ટ અવગાહનાવાળા પોતાના ૯૮ પુત્ર તથા આઠ પૌત્ર એક સાથે નિર્વાણ પામ્યા. તે જ સમયે ઐરવતક્ષેત્રના તીર્થંકર નિર્વાણ પામ્યા. આ રીતે 98 + 8 + 1 + 1 = 108 થાય છે. તેથી તે આશ્ચર્ય કહેવાય છે.

**(૧૦) અસંયતની પૂજા:** આરંભ, પરિગ્રહથી યુક્ત અસંયત વ્યક્તિ પૂજા-સત્કાર ને યોગ્ય નથી. સંયમી સાધક જ પૂજાને યોગ્ય છે પરંતુ આ અવસર્પિણીમાં અસંયમીની પૂજા થવા લાગી તે આશ્ચર્યકારી ઘટના છે.

શ્રી સુવિધિનાથ સ્વામીના નિર્વાણ પછી થોડા સમયમાં સાધુ-સાધ્વીની પરંપરાનો નાશ થયો. શ્રાવકો પોતાની બુદ્ધિથી ધર્મની પ્રરૂપણા કરવા લાગ્યા અને તેઓ પૂજાવા લાગ્યા. આ રીતે નવમાંથી સોળમા તે સાત તીર્થંકરોના શાસનનો વિચ્છેદ થયો, તે સમયે અસંયતિની પૂજા થવા લાગી.

આ રીતે આ અવસર્પિણી કાળમાં પાંચ આશ્ચર્ય ભગવાન મહાવીરના સમયમાં અને અન્ય પાંચ શેષ તીર્થંકરોના સમયમાં ઘટિત થયા.

| | **અચ્છેરા** | **સમય** |
|---|---|---|
| ૧. | કેવળીપણામાં ઉપસર્ગ | ભગવાન મહાવીર |
| ૨. | ગર્ભાપહરણ | ભગવાન મહાવીર |
| ૩. | સ્ત્રી તીર્થંકર | મલ્લિનાથ ભગવાન |
| ૪. | અભાવિત પરિષદ | મહાવીર સ્વામી |
| ૫. | કૃષ્ણનું અમરકંકા જવું | અરિષ્ટનેમિના શાસનકાળમાં |
| ૬. | ચંદ્ર-સૂર્યનું મૂળ વિમાન સાથેનું અવતરણ | ભગવાન મહાવીર |
| ૭. | હરિવંશની ઉત્પત્તિ | શીતલનાથના સમયમાં |
| ૮. | ચમરનો ઉત્પાત | ભગવાન મહાવીર |
| ૯. | ૧૦૮સિદ્ધ થયા | ઋષભદેવ સ્વામી |
| ૧૦. | અસંયતિ પૂજા | ૯ માં તીર્થંકરથી ૧૬ માં તીર્થંકરની વચ્ચેના સાત આંતરામાં |

**બોલ ૧૫૯-જ્ઞાન વૃધ્ધિકર નક્ષત્રો :**

દશ નક્ષત્ર જ્ઞાનની વૃદ્ધિ કરનારા છે, તે આ પ્રમાણે છે - (૧) મૃગશિર (૨) આર્દ્રા (૩) પુષ્ય (૪) પૂર્વાષાઢા (૫) પૂર્વ ભાદ્રપદા (૬) પૂર્વા ફાલ્ગુની (૭) મૂળ (૮) અશ્લેષા (૯) હસ્ત (૧૦) ચિત્રા. આ દશ નક્ષત્ર જ્ઞાન વૃદ્ધિ કરાવનારા છે.

જ્ઞાન વૃદ્ધિમાં નક્ષત્રનો સંયોગ પણ સાધકતમ કારણ છે. આ જૈન સિદ્ધાંતની વિશાળતા અને અનેકાંતિકતાનો આદર્શ છે. નક્ષત્રો પોતપોતાના મંડલ પર પોતાની ગતિ પ્રમાણે પરિભ્રમણ કરતા રહે છે. નક્ષત્ર ૨૮ છે. નક્ષત્રોની ગતિ ચંદ્રની ગતિથી તીવ્ર છે માટે એક એક નક્ષત્ર ચંદ્ર સાથે થોડા સમય ચાલીને આગળ વધી જાય છે. આ રીતે એક મહીનામાં સર્વે નક્ષત્ર ચંદ્ર સાથે સંયોગ કરી અર્થાત્ સાથે ચાલીને આગળ નીકળી જાય છે. નક્ષત્રનો ચંદ્ર સાથે સંયોગનો જે સમય હોય તે અલગ-અલગ મહત્ત્વ ધરાવે છે. આ કારણે સૂત્રોક્ત દસ નક્ષત્રનો ચંદ્ર સાથે સંયોગ હોય ત્યારે જ્ઞાનનો પ્રારંભ આદિ કરવો તે જ્ઞાનવર્ધન હોય છે.



અ
ચ્છે
રા



અ
ચ્છે
રા

## સોળમું અધ્યયન-અમરકંકા : દ્રૌપદી

પ્રસ્તુત અધ્યયનમાં દ્રૌપદીના પૂર્વભવોનું તેમ જ કેટલાંક ભાવી ભવોનું વર્ણન છે. પ્રારંભ નાગશ્રીના ભવથી થાય છે અને છેલ્લે મોક્ષ પ્રાપ્તિના વર્ણન સાથે તે પૂર્ણ થાય છે.

પદ્મનાભ રાજા દ્રૌપદીનું હરણ કરાવીને તેને ધાતકીખંડ દ્વીપની અમરકંકા નગરી લઈ ગયા હતા. અમરકંકા નગરીની પ્રમુખતાને લીધે આગમશાસ્ત્રોમાં આ અધ્યયનનું નામ અમરકંકા આપેલ છે. જ્યારે દ્રૌપદીના ભવોની પ્રમુખતાને લીધે પ્રસ્તુત અધ્યયનનું નામ 'દ્રૌપદી' પણ પ્રસિધ્ધ છે.

## દ્રૌપદીનો પૂર્વભવ : નાગશ્રી બ્રાહ્મણી

તે કાલે ચંપા નામે નગરી હતી. તે ચંપાનગરીની બહાર ઈશાન દિશામાં સુભૂમિભાગ નામનું ઉધાન હતું.

તે ચંપાનગરીમાં સોમ, સોમદત્ત, સોમભૂતિ નામે ત્રણ બ્રાહ્મણ ભાઈઓનો પરિવાર આનંદપૂર્વક રહેતો હતો. ત્રણેય બ્રાહ્મણોની પત્નીઓના નામ ક્રમશ: નાગશ્રી, ભૂતશ્રી અને યક્ષશ્રી હતું. આ બ્રાહ્મણો ચાર વેદ તથા અન્ય શાસ્ત્રોમાં પારંગત હતા. ત્રણેય બંધુઓ વચ્ચે પરસ્પર પ્રેમભાવ હોવાથી તેઓ વારા ફરતી એક-એક ભાઈઓના ઘેર સાથે બેસીને ભોજન કરતા હતા.

## કડવા તૂંબડાનું શાક :

એકવાર સોમ બ્રાહ્મણને ત્યાં ભોજનનો વારો હતો. નાગશ્રીએ વિપુલ પ્રમાણમાં અશનાદિ ચારેય પ્રકારનો આહાર બનાવી સાથે તુંબડી (દૂધીનું) નું ઉત્તમ

મસાલેદાર શાક બનાવ્યું. પરંતુ ચાખતાં જ ખબર પડી કે તુંબડીનું શાક અત્યંત કડવું ઝેર જેવું થયું છે. ત્યારે નાગશ્રીએ દેરાણીઓ આદિની નિંદાથી તથા અપયશથી બચવા તે શાકને એક બાજુ સંતાડીને મૂકી દીધું તેમ જ બીજી મીઠી તૂંબડીનું એવું જ ઉત્તમ મસાલેદાર શાક બનાવી લીધું

ભોજનનો સમય થતાં બ્રાહ્મણ બંધુઓ એક સાથે બેસી ઉત્તમ ભોજન ગ્રહણ કર્યું અને ભોજન કર્યા બાદ સહુ પોત પોતાના કામે લાગ્યા. ત્યાર બાદ બ્રાહ્મણીઓએ ભોજન કર્યું. ભોજન બાદ સહુ પોતાના ઘેર ગયા.

## ધર્મરુચિનું ભિક્ષાર્થે ગમન :

તે સમયે ધર્મઘોષ નામના સ્થવિરમુનિ પોતાના વિશાળ પરિવાર સાથે ચંપાનગરીના સુભૂમિભાગ ઉદ્યાનમાં પધાર્યા હતા. તે ધર્મઘોષ સ્થવિરના અંતેવાસી શિષ્ય ધર્મરુચિ અણગાર માસખમણના પારણે માસખમણનું તપ કરતા હતા. એકવાર માસખમણના પારણાના દિવસે ધર્મરુચિ અણગાર ગોચરીના સમયે ગુરુની આજ્ઞા લઈ ચંપાનગરીમાં ભિક્ષાર્થે નીકળ્યા. ચંપાનગરીના ઘરોમાં સામુદાનિક રૂપે ભિક્ષાર્થે ફરતાં ફરતાં નાગશ્રી બ્રાહ્મણીના ઘરે પધાર્યા.

## કડવા તુંબડાના શાકનું દાન :

નાગશ્રી બ્રાહ્મણીએ ધર્મરુચિ અણગારને આવતા જોઈને કડવી તુંબડીના શાકને ઠેકાણે પાડવાનો યોગ્ય અવસર જાણીને તેણે તે વિષયુક્ત શાક મુનિનાં પાત્રમાં વહોરાવી દીધું. ત્યારે ‘આ આહાર પર્યાપ્ત છે’ એવું જાણીને ધર્મરુચિ અણગાર પોતાના સ્થાને પાછા ફર્યા. તેમ જ ઈર્યાપથનું પ્રતિક્રમણ કરી, આહાર-પાણીનું પ્રતિલેખન કરી તે આહાર-પાણીનું પાત્ર હાથમાં લઈ ગુરુ ભગવંતને બતાવ્યું. શાકને જોતાં જ તેની ગંધથી તે શાક કડવું ઝેર જેવું જણાતાં ગુરુએ તે શાકને

પરઠવી દેવા જણાવ્યું, ત્યારે ધર્મરુચિ અણગાર, સ્થંડિલ ભૂમિ- પરઠવા યોગ્ય ભૂમિ પાસે આવ્યા. તેની પ્રતિલેખના કરી શાકનું એક ટીપું લઈને જમીન પર નાંખ્યું.

### જીવદયા માટે ઝેરી શાકનું આરોગવું :

કડવી તુંબડીના તેલ નીતરતા શાકની ગંધથી હજારો કીડીઓ ત્યાં આવી. જે જે કીડીઓએ તે શાક ખાધું, તે કીડીઓ તરત જ અકાળે મૃત્યુ પામી ગઇ. આ જોઈને દયાળુ મુનિરાજ જીવોની દયા માટે સ્વયં જ બધું શાક આરોગી ગયા.

### અનશનપૂર્વક મરણ અને સદ્ગતિ :

કડવી તુબડીનું શાક ખાધા પછી એક મુહૂર્તમાં તેનું પરિણમન થતાં મુનિરાજના શરીરમાં વેદના ઉત્પન્ન થઈ . તે વેદના દુ :ખકારી તથા દુસહ્ય હતી. ત્યારે મુનિરાજને શરીર હવે વધુ ટકી શકે તેમ નથી એવું લાગતા તેમણે દર્ભનો સંથારો પાથરી, પૂર્વ દિશાભિમુખ પર્યંક આસને બેસી હાથ જોડી જીવન પર્યંતનું અનશન વ્રત સ્વીકાર્યું. થોડી જ વારમાં શરીરમાં વિષનું પરિણમન થતાં તેઓ સંથારાપૂર્વક કાળધર્મ પામીને સર્વાર્થસિધ્ધ વિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થયા. ધર્મરુચિ દેવ તેત્રીસ સાગરોપમની સ્થિતિ ભોગવી તે ભવનો ક્ષય કરી ત્યાંથી ચ્યવીને, મહાવિહેહ ક્ષેત્રમાં મનુષ્ય જન્મ ધારણ કરીને સિધ્ધિને પ્રાપ્ત કરશે.

### નાગશ્રીના અકાર્યનું પરિણામ :

આ બાજુ ધર્મરુચિ અણગારની સંથારા પૂર્વક કાળધર્મ પામ્યાની વાત જાણી ત્યારે પછી ધર્મઘોષ સ્થવિરે નિર્ગ્રંથોને બતાવ્યું કે તે નાગશ્રી બ્રાહ્મણીને ધિક્કાર છે, કે જેણે માસખમણના પારણામાં મુનિને ઝેરી તુંબડીનું શાક વહોરાવ્યું હતું, તેનાથી જ મુનિનું અકાળે મૃત્યુ થયું છે. શ્રમણ નિર્ગ્રથોએ ધર્મઘોષ સ્થવિર પાસેથી આ વૃત્તાંત સાંભળીને ચંપાનગરીના લોકોને નાગશ્રી બ્રાહ્મણીના કૃત્યની વાતો કરી. લોકોને

નાગશ્રીના આ કૃત્યની જાણ થતાં તેના પર ફિટકાર વરસાવા લાગ્યા.

સોમ આદિ બ્રાહ્મણોએ પણ ઘણા લોકો પાસેથી આ વૃતાંત સાંભળ્યો, ત્યારે બ્રાહ્મણોએ તેને પાપિણી, પતિતા વગેરે આક્રોશભર્યા વચનોથી ફિટકારી તેમ જ માર મારી ઘરમાંથી બહાર કાઢી મૂકી.

**નાગશ્રીની દુર્દશા અને ભવભ્રમણ :**

પોતાના ઘરમાંથી કાઢી મૂકાયેલી તે નાગશ્રી ચંપાનગરીમાં બધાથી તિરસ્કાર પામતી પેટ ભરવા એક ઘરથી બીજા ઘરે ભટકવા લાગી. એટલું જ નહીં કર્મોદયે શરીરે સોળ રોગથી આકાંત બની. આ સોળ રોગાંતકથી દુ:ખી, (શારીરિક) માનસિક વ્યથાથી વ્યથિત થતી તે નાગશ્રી કાળના સમયે કાળ કરીને છઠ્ઠી નરકમાં નારકી રૂપે ઉત્પન્ન થઈ.

ત્યાર પછી તે નાગશ્રી નરકમાંથી નીકળીને તિર્યંચરૂપે મત્સ્યયોનિમાં ઉત્પન્ન થઈ, ત્યાંથી તે શસ્ત્ર આદિથી વીંધાઈને, દાહથી પીડાઈને આયુષ્ય પૂર્ણ કરીને સાતમી નરકમાં નારકીરૂપે ઉત્પન્ન થઈ. આમ એક એક નરકમાં બે-બે ભવ અને વચ્ચે તિર્યંચોના ભવ, એમ ભવભ્રમણ કરતાં કરતાં તથા વચ્ચે લાખો ભવ એકેન્દ્રિય આદિમાં કરતી રહી.

**સુકુમાલિકાનો ભવ :**

ત્યાર પછી તે નાગશ્રી આ જ જંબૂદ્વીપમાં ભારતવર્ષના ચંપાનગરીમાં સાગરદત્ત સાર્થવાહની ભદ્રા ભાર્યાની કુક્ષિએ બાલિકારૂપે ઉત્પન્ન થઈ. તેના માતા પિતાએ તેનું સુકુમાલિકા એવું ગુણયુક્ત નામ રાખ્યું.

**સાગરદત્ત સાથે પાણિગ્રહણ :**

તે ચંપાનગરીમાં જિનદત્ત નામનો એક ધનિક સાર્થવાહ નિવાસ કરતો હતો. તે જિનદત્તને સુકુમાર એવો સાગર નામે એક પુત્ર હતો. જિનદત્તે યુવાન વયને પામેલી સુકુમાલિકાને જોઈને સાગરદત્ત સાર્થવાહ પાસેથી સુકુમાલિકાની માંગણી પોતાના પુત્ર સાગરની પત્ની રૂપે કરી. ત્યારે સાગરદત્ત સાર્થવાહે એક શરત મૂકી કે, ''જો સાગર ઘર જમાઈ બનીને રહે તો હું સાગર સાથે મારી પુત્રીનું પાણિગ્રહણ કરવા તૈયાર છું. જિનદત્ત સાર્થવાહે સાગર પુત્રને શરતની વાત કરી. ત્યારે સાગર પુત્રે શરતને સ્વીકારી લીધી. ત્યાર પછી શુભતિથિ, મુર્હૂતમાં ખૂબ જ ધામધૂમથી અગ્નિની સાક્ષીએ સાગર પુત્ર અને સુકુમાલિકાના લગ્ન થયા.

હસ્તમેળાપ સમયે સાગરપુત્રને સુકુમાલિકાના હાથનો સ્પર્શ તલવાર, શસ્ત્ર, અગ્નિ આદિ જેવો મારક, દાહક, અનિષ્ટ લાગ્યો, પરંતુ પરવશપણે તે સહન કરતો બેઠો રહ્યો. આ જ ઘટનાનો અનુભવ તેણે સુકુમાલિકા સાથે શય્યા પર સૂતો હતો ત્યારે કર્યો. તેને સુકુમાલિકાનો તે અંગસ્પર્શ અસહ્ય લાગતાં તે પોતાની શય્યા પર આવીને સૂતો. પરંતુ સુકુમાલિકા પણ ત્યાં આવીને તેની પાસે સૂતી, જેનાથી બીજીવાર પણ સુકુમાલિકાના પૂર્વોક્ત પ્રકારના અંગસ્પર્શનો અનુભવ થતાં તે શીઘ્રગતિથી પોતાના ઘરે ચાલ્યો ગયો.

સવાર પડતાં સુકુમાલિકાને આ વાતની જાણ થતાં તેણે તેના પિતાજી સાગરદત્તને જણાવી. ત્યારે સાગરદત્ત તરત જ જિનદત્ત સાર્થવાહના ઘરે ગયા અને જિનદત્તને ઠપકો આપ્યો. જિનદત્ત સાગરપુત્ર પાસે ગયા અને સાગરદત્તના ઘરે પાછા ચાલ્યા જવા વિનંતી કરી. પરંતુ સાગરપુત્રએ મરી જવું, દીક્ષા લેવી, કે પરદેશમાં ચાલ્યા જવું વગેરે વાતોનો સ્વીકાર કર્યો, પરંતુ સાગરદત્તના ઘરે પાછો ન જવાનો નિશ્ચય જણાવ્યો. આ વાત સાગરદત્તે પણ સાંભળી. તેઓ મનમાં લજ્જિત થતાં ઘરે પાછા ફર્યા. તેમણે ઘરે આવી પુત્રીને આશ્વાસન આપતાં કહ્યું, હે

પુત્રી ! સાગરપુત્રએ તને છોડી દીધી તો શું થયું ? હવે હું તને બીજા પુરુષ સાથે પરણાવીશ.

**ભિખારી સાથે પુનર્વિવાહ અને તેનું પલાયન :**

ત્યાર પછી સાગરદત્ત સાર્થવાહે એક અત્યંત દરિદ્ર પુરુષ (ભિખારી) ને જોયો, આ ભિખારીની સાથે તેમણે સુકુમાલિકાના લગ્ન કરાવ્યા. તે ભિખારીએ પણ સુકુમાલિકાના અંગસ્પર્શનો અસહ્ય અનુભવ કર્યો. તે સ્પર્શ સહન ન કરી શક્તાં, શેઠના સ્વર્ગ જેવા સુખના પ્રલોભનને લાત મારીને તે જ રાતે સુકુમાલિકાનો ત્યાગ કરી ભાગી ગયો.

**સુકુમાલિકા દાનધર્મમાં પ્રવૃત્ત :**

બીજે દિવસે સુકુમાલિકાની દાસી પાસેથી ભિખારીના ચાલ્યા જવાની વાત સાંભળીને સાગરદત્ત સાર્થવાહે આવીને કહ્યું, હે પુત્રી ! તું પૂર્વ જન્મમાં કરેલાં હિંસા આદિ દુષ્કૃત્યો દ્વારા ઉપાર્જિત પાપકર્મોનું ફળ ભોગવી રહી છે પરંતુ ચિંતા ન કર. હે પુત્રી ! હવે તું દાન આદિ પ્રવૃત્તિ દ્વારા તારો સમય પસાર કર. ભોજનશાળામાં તૈયાર થયેલા અશન, પાન આદિ ચારે પ્રકારનો આહાર શ્રમણો આદિને આપતી જા.

**સુકુમાલિકાને ઘરે સાધ્વીઓનું ભિક્ષાર્થે આગમન :**

સુકુમાલિકાએ પિતાની ઉપરોક્ત વાતનો સ્વીકાર કર્યો અને ચારે પ્રકારનો આહાર શ્રમણાદિને આપવા લાગી. તે સમયે ગોપાલિકા નામના બહુશ્રુતા સાધ્વીજી વિચરતા વિચરતા ચંપાનગરીમાં પધાર્યા. તેમાંથી એક સંઘાડો સુકુમાલિકાના ઘરે ગોચરી માટે આવ્યો, ત્યારે સુકુમાલિકાએ ભક્તિભાવપૂર્વક આહાર-પાણી વહોરાવીને સાધ્વીજીઓને કહ્યું, હે આર્યાઓ ! મારા પતિ સાગર પુત્ર માટે હું પ્રિય,

કાંત ઈષ્ટ થાઉં એવો કોઈ મંત્ર, ચૂર્ણ આદિ આપો.

## સુકુમાલિકાની દીક્ષા અને આતાપના :

તેની આ વાત સાંભળી ગોપાલિકા આર્યાએ તેને જૈનધર્મનો ઉપદેશ સંભળાવ્યો. સાધ્વીજીના પ્રતિબોધથી સુકુમાલિકાએ શ્રાવિકાધર્મ સ્વીકાર્યો. શ્રાવિકાધર્મનું પાલન કરતાં કરતાં તેણે દીક્ષા અંગીકાર કરવાનો વિચાર કર્યો. સાગરદત્ત સાર્થવાહ પાસેથી દીક્ષાની આજ્ઞા લઈ, તે ગોપાલિકા આર્યાની પાસે પ્રવ્રજિત બની. તે સુકુમાલિકા આર્યા ઈર્યાસમિતિ આદિથી ધર્મનું પાલન કરતાં કરતાં અનેકવિધ ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ આદિની તપસ્યા કરતી વિચરવા લાગી.

એકવાર સુકુમાલિકા આર્યાએ ગોપાલિકા આર્યાની પાસે જઈને, વંદન નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું, હે આર્યાજી ! હું આપની આજ્ઞા મેળવીને ચંપાનગરીની બહાર ઉદ્યાનમાં નિરંતર છઠ્ઠ-છઠ્ઠની તપશ્ચર્યા કરતાં સૂર્યની સન્મુખ આતાપના લેવા ઈચ્છું છું. ત્યારે તે ગોપાલિકા આર્યાએ સુકુમાલિકા આર્યાને આ પ્રમાણે કહ્યું, હે આર્યે ! આપણે શ્રમણી નિર્ગ્રંથીઓ છીએ.તેથી ગામ બહાર તપશ્ચર્યા કરી આતાપના લેતાં વિચરવું કલ્પે નહીં. ઉપાશ્રયમાં રહીને જ તપશ્ચર્યા કરી આતાપના લેવી કલ્પે છે. પરંતુ સુકુમાલિકા આર્યાને ગોપાલિકા આર્યાજીની આ વાત પર શ્રધ્ધા કે રુચિ ન થઈ. જેથી તેઓ ઉદ્યાનની બહાર નજીકમાં નિરંતર છઠ્ઠ-છઠ્ઠનો તપ કરતી, આતાપના લેતી વિચરવા લાગી.

## સુકુમાલિકા દ્વારા પાંચ પતિનું નિદાન :

એકવાર ચંપાનગરીની લલિતા ટોળીના પાંચ પુરુષો દેવદત્તા ગણિકાની સાથે ઉદ્યાનમાં ફરી રહ્યાં હતા અને જાત જાતની ક્રીડા કરી રહ્યાં હતા. તે સમયે સુકુમાલિકા આર્યાએ પાંચ પુરુષ સાથે ક્રીડા કરતી ગણિકાને જોઈ. તેની પૂર્વકાલીન ઈચ્છાઓ

જાગ્રત થઈ અને તેણીએ પાંચ પતિની પ્રાપ્તિનું નિયાણું કર્યું. ત્યાર પછી તે ક્રમશઃ શરીર બકુશા અને સંયમમાં શિથિલાચારી થઈ ગઈ, એટલું જ નહીં ગોપાલિકા આર્યાજી પાસેથી નીકળીને અલગ ઉપાશ્રયમાં રહેવા લાગી. મહાવ્રતો અને જ્ઞાનાદિમાં શિથિલ થવાથી તે પાર્શ્વસ્થા બની ગઈ.

આ પ્રમાણે ઘણા વર્ષો સુધી સંયમ પર્યાયનું પાલન કરીને પોતાના દૂષિત આચારોની આલોચના અને પ્રતિક્રમણ કર્યા વિના યથા સમયે કાળ કરીને ઈશાન કલ્પના કોઈ વિમાનમાં દેવ ગણિકા (અપરિગૃહિતાદેવી) રૂપે ઉત્પન્ન થઈ, ત્યાંનું આયુષ્ય પૂર્ણ કરીને તેણીએ દ્રુપદ રાજા અને ચુલણી રાણીની પુત્રી દ્રૌપદીરૂપે જન્મ ધારણ કર્યો.

## દ્રૌપદીનો ભવ:

તે પુત્રી બાર દિવસની થઈ ત્યારે તેનું નામ દ્રૌપદી રાખવામાં આવ્યું. તે શ્રેષ્ઠ રાજકન્યા ધીરે ધીરે બાલ્યાવસ્થાથી મુક્ત થઈને ક્રમશ:યૌવનાવસ્થા ને પ્રાપ્ત થઈ. તેમ જ તે ઉત્કૃષ્ટ રૂપ, લાવણ્ય, સુંદરતા આદિથી યુક્ત બની. ત્યારે દ્રુપદરાજાએ પોતાની પુત્રની મનપસંદ પતિ મળે તે માટે સ્વયંવરની ગોઠવણ કરી, કે જેથી દ્રૌપદી પોતાની ઈચ્છાથી કોઈ રાજા કે યુવરાજને ભરથાર તરીકે પસંદ કરી શકે.

## દ્રૌપદીનો સ્વયંવર:

દ્રુપદરાજાએ દશે દિશાઓમાં દશ દૂત્તો દ્વારા રાજા, મહારાજા, બળવાન પુરુષો શ્રેષ્ઠીઓ વગેરે અનેક લોકોને સ્વયંવરમાં પધારવાનું આમંત્રણ આપ્યું. દ્રુપદરાજાના આમંત્રણનો સ્વીકાર કરીને દરેક રાજાઓ, યુવરાજો વગેરે કાંપિલ્યપુર નગરમાં પધાર્યા.

દ્રુપદરાજાએ આવેલ આગંતુક રાજાઓનું સન્માન કરીને દરેક રાજાઓને અલગ

અલગ આવાસ સ્થાન આપ્યા. ત્યારબાદ બીજે દિવસે સર્વ રાજાઓ, યુવરાજો આદિ વિભૂષિત થઈને સ્વયંવર મંડપમાં આવી પોત પોતાના નામોથી અંકિત આસનો પર બેસી, રાજકુંવરી દ્રૌપદીની પ્રતિક્ષા કરવા લાગ્યા.

## દ્રૌપદીનો સ્વયંવર મંડપમાં પ્રવેશ :

ત્યાર પછી અંત:પુરની સ્ત્રીઓ તેમ જ દાસીઓ સાથે રાજકન્યા દ્રૌપદી સર્વ અંલકારોથી વિભૂષિત બની સ્વયંવર મંડપમાં આવી. તેણે વાસુદેવ આદિ હજારો રાજાઓને પ્રણામ કર્યા. રાજકન્યા દ્રૌપદીએ એક મોટો શ્રીદામકાંડ (સુશોભિત પુષ્પમાળાઓનો હાર) ગ્રહણ કર્યો. તેની સાથે સર્વનો પરિચય આપનારી ધાવમાતા (ક્રીડાધાત્રી) હતી. તે ધાવમાતાએ ડાબા હાથમાં ચમકતો અરીસો લીધો અને તે જમણા હાથથી સંકેત કરી, તે અરીસામાં પડતાં રાજાઓના પ્રતિબિંબને બતાવતી, તેમ જ તેમનો પરિચય આપતી હતી.

## દ્રૌપદી-પાંડવોના વિવાહ :

એક પછી એક રાજાઓના પરિચય આપતી ગઈ. ત્યારે રાજકન્યા દ્રૌપદી અનેક હજારો રાજાઓની મધ્યમાં થઈને, તેનું અતિક્રમણ કરતી કરતી પૂર્વકૃત નિદાનથી પ્રેરિત જ્યાં પાંચ પાંડવ હતા ત્યાં આવી. ત્યાં આવીને તેણે તે પાંચ પાંડવોને પંચરંગી કુસુમદામ-ફૂલોના હારથી ચારે બાજુ વેષ્ટિત કરી દીધા અને બોલી, 'મેં આ પાંચ પાંડવોને પતિરૂપે પસંદ કર્યા છે.'

ત્યારે દ્રુપદરાજાએ પાંચ પાંડવોનું દ્રૌપદી સાથે પાણિગ્રહણ કરાવ્યું. તેમ જ દહેજમાં આઠ ક્રોડ હિરણ્ય આદિ ઘણું, સોનું, રૂપું, દાસીઓ વગેરે આપ્યું, ત્યારબાદ પાડુંરાજા પાંચે પાંડવો અને દ્રૌપદીદેવીની સાથે હસ્તિનાપુર આવ્યા. પાંડુરાજાના આમંત્રણને માન આપી તેમની સાથે વાસુદેવ આદિ હજારો રાજાઓ પણ

હસ્તિનાપુર આવ્યા. ત્યારે પાડુંરાજાએ દરેકનું સન્માન કર્યું. તેમ જ પાંચ પાંડવોની સાથે દ્રૌપદીનો કલ્યાણકારી લગ્ન મહોત્સવ કર્યો ત્યાર બાદ વાસુદેવ આદિ હજારો રાજાઓનો યોગ્ય સત્કાર-સન્માન કરીને તેઓને વિદાય કર્યા.

ત્યાર પછી પાંચે પાંડવો દ્રૌપદી દેવીની સાથે એક-એક દિવસ વારા ફરતી ઉદાર કામભોગ ભોગવતા રહેવા લાગ્યા.

**નારદનું આગમન :**

એકવાર પાંડુરાજા, પાંચ પાંડવો આદિ અંત:પુરના મહેલમાં બેઠા હતા, તે સમયે કચ્છુલ્લ નામના નારદ ત્યાં આવ્યા. અનેક વિદ્યાઓ તેમને સિધ્ધ હતી અને વિદ્યાધર રૂપે તેમની ખ્યાતિ ફેલાયેલી હતી, કચ્છુલ્લ નારદને આવતા જોઈને પાંડુ રાજા, પાંચ પાંડવો વગેરે આસન ઉપરથી ઊભા થઈને તેમનો સત્કાર-સન્માન કર્યો, પરંતુ દ્રૌપદી દેવીએ તેમનો આદર કર્યો નહીં, તેઓ ઊભા પણ થયા નહીં.

**દ્રૌપદી પર નારદનો રોષ :**

આ જોઈને કચ્છુલ્લ નારદના મનમાં વિચાર આવ્યો કે, આ દ્રૌપદી દેવી પોતાના રૂપ-યૌવન લાવણ્યને કારણે અભિમાની બની ગઈ છે, તેથી મારો આદર કરતી નથી. તેથી દ્રૌપદી દેવીનું અનિષ્ટ કરવું મારા માટે ઉચિત છે, આ પ્રમાણે વિચારી નારદે પાંડુરાજા પાસેથી જવાની આજ્ઞા લઈ આકાશગામિની વિદ્યા વડે આકાશમાર્ગે રવાના થઈ ગયા.

**નારદનું અમરકંકા ગમન :**

તે સમયે પૂર્વાદ્ધ ધાતકીખંડના દક્ષિણાર્ધ ભરતક્ષેત્રમાં અમરકંકા નામની રાજધાની હતી. ત્યાં પદ્મનાભ નામે રાજા રાજ્ય કરતા હતા. નારદ ઊડતા ઊડતા પદ્મનાભ રાજાના ભવનમાં આવ્યા.

તે સમયે પદ્મનાભ રાજાએ તેમનો આદર-સત્કાર કર્યો. રાજાએ નારદ સામે પોતાના અંત:પુરના ખૂબ જ વખાણ કર્યા ત્યારે નારદે પાંડુરાજાની પુત્રવધૂ દ્રૌપદીદેવીના રૂપ લાવણ્યની ખૂબ પ્રંશસા કરી. આ સાંભળી પદ્મનાભ રાજા દ્રૌપદી ઉપર આસક્ત બની ગયા.

**પદ્મનાભ દ્વારા દેવ આહ્વાન :**

દ્રૌપદીના રૂપ લાવણ્ય ઉપર મોહિત બનેલા પદ્મનાભ રાજાએ દ્રૌપદીને મેળવવા મિત્રદેવનું સ્મરણ કર્યું. અઠ્ઠમના પ્રભાવે તે દેવ ઉપસ્થિત થતાં રાજાએ તેને દ્રૌપદી દેવીને પોતાની પાસે લાવવાની ઈચ્છા દર્શાવી. પૂર્વના મિત્ર દેવે રાજાની ખુશી માટે દ્રૌપદીને લેવા માટે દેવગતિથી હસ્તિનાપુર નગર પ્રયાણ કર્યું.

**દેવ દ્વારા દ્રૌપદીનું હરણ :**

તે સમયે હસ્તિનાપુરમાં યુધ્ધિષ્ઠિર રાજા દ્રૌપદી દેવીની સાથે સુખપૂર્વક સૂતા હતા. ત્યારે પૂર્વ સંગતિક દેવે ત્યાં આવીને તેણે દ્રૌપદી દેવીને અવસ્વાપિની વિદ્યાથી ગાઢનિદ્રામાં સૂવડાવી દીધી અને સૂતેલી દ્રૌપદીદેવીનું અપહરણ કરી પદ્મનાભ રાજાના ભવનની અશોકવાટિકામાં મૂકી દીધી અને અવસ્વાપિની વિદ્યાનું સંહરણ કરી પદ્મનાભ રાજા પાસે જઈને દ્રૌપદીના અપહરણની વાત કરીને તે દેવ પોતાના સ્વ સ્થાને પાછા ફર્યા.

થોડીવાર પછી દ્રૌપદી દેવીની ઊંઘ ઊડી ગઈ, પોતાને અપરિચિત ભવનમાં અને અશોકવાટિકામાં જોઈને ખૂબ જ ચિંતિત થયા. ત્યાં જ પદ્મનાભ રાજા વિભૂષિત થઈને ત્યાં આવ્યા અને બોલ્યા, ''તમે ચિંતા શા માટે કરો છો ? તમને મારો મિત્રદેવ અહીં લઈ આવ્યો છે. તમે સુખપૂર્વક અહીં રહો અને મારી સાથે વિપુલ ભોગ ભોગવો.'' આ સાંભળીને દ્રૌપદી દેવીએ પોતાના શીલની રક્ષા માટે અને સમય

વ્યતીત કરવા છ માસની મુદ્દત માંગી કે છ માસમાં કૃષ્ણ વાસુદેવ મને લેવા નહીં આવે તો હું તમારી આજ્ઞા સ્વીકારીશ.

પદ્મનાભ રાજાએ દ્રૌપદીનું આ કથન સ્વીકારીને દ્રૌપદીદેવીને કન્યાઓના અંત:પુરમાં રાખી દીધી. ત્યાર પછી દ્રૌપદીદેવી નિરંતર છઠ્ઠની તપશ્ચર્યા અને પારણામાં આયંબિલ કરતા આત્માને તપથી ભાવિત કરતા રહેવા લાગ્યા.

**દ્રૌપદીની શોધ :**

દ્રૌપદીનું અપહરણ થઈ ગયા પછી થોડીવારમાં જ યુધિષ્ઠિર જાગ્યા અને દ્રૌપદીદેવીને પોતાની પાસે ન જોતાં, ચારે બાજુ શોધ ખોળ કરી પણ ક્યાંય તેમની ભાળ મળી નહીં, ત્યારે કુંતીદેવીએ કૃષ્ણ વાસુદેવ પાસે જવાનું વિચાર્યું, કારણકે કૃષ્ણ વાસુદેવ જ એક એવા છે કે જેઓ ગમે તેમ કરીને દ્રૌપદીદેવીનો પત્તો મેળવી શકશે. આવું વિચારી તેઓ કૃષ્ણ વાસુદેવ પાસે આવ્યા અને સર્વ વિગત જણાવી. ત્યારે કૃષ્ણ વાસુદેવે પોતાના ફૈબા કુંતીને આશ્વાસન આપીને કહ્યું, ફૈબા ! પાતાળ, ભવન, કે અર્ધ ભારતની કોઈ પણ જગ્યાએથી હું દ્રૌપદીદેવીને લઈ આવીશ. આવું આશ્વાસન મળતાં કુંતીદેવી ત્યાંથી પાછા ફર્યા.

ત્યાર બાદ કૃષ્ણ વાસુદેવે દ્રૌપદીના વિષયમાં નગરમાં ઘોષણા કરાવી. થોડા જ સમયમાં કચ્છુલ્લ નારદ દ્વારકા નગરીમાં આવ્યા. કૃષ્ણ વાસુદેવ પાસે જઈને બેઠાં, કૃષ્ણ વાસુદેવને કુશળ સમાચાર પૂછવા લાગ્યા. ત્યારે કૃષ્ણ વાસુદેવે નારદને પૂછ્યું, તમે ઘણા ગામો, નગરો આદિમાં ફરો છો, કોઈ જગ્યાએ દ્રૌપદીદેવીની ભાળ મળી છે. ?

ત્યારે નારદે કહ્યું, હે દેવાનુપ્રિયો ! એકવાર હું ધાતકીખંડમાં આવેલ અમરકંકા નામની રાજધાનીમાં ગયો હતો, ત્યાં મેં પદ્મનાભ રાજાના ભવનમાં દ્રૌપદીદેવી જેવી કોઈ સ્ત્રીને જોઈ હતી. ત્યારે કૃષ્ણ વાસુદેવ સમજી ગયા કે આ કામ

નારદજીનું જ છે.

### કૃષ્ણ અને પાંડવોનું અમરકંકા ગમન :

નારદજી દ્વારા દ્રૌપદીદેવીના સમાચાર મળતાં પાંચ પાંડવો સહિત કૃષ્ણ વાસુદેવ લવણાધિપતિ સુસ્થિત દેવની આરાધના કરી લવણ સમુદ્ર પાર કરી ધાતકીખંડ દ્વીપની અમરકંકા નગરીમાં આવ્યાં. ત્યાર પછી દારુક નામના સારથી સાથે, રાજા પદ્મનાભને સંદેશો મોકલ્યો કે, **''તે દ્રૌપદીદેવી કૃષ્ણ વાસુદેવને સોંપી દે નહીં તો યુધ્ધ માટે તૈયાર થઈ જાય.''**

દારુકનો આ સંદેશો સાંભળીને રાજા પદ્મનાભ ખૂબ જ ગુસ્સે થઈને બોલ્યા, હું કૃષ્ણ વાસુદેવેને દ્રૌપદી પાછી આપવાનો નથી. હમણાં હું સ્વયં સજ્જ થઈને યુધ્ધ કરવા માટે આવું છે.

### પદ્મનાભ સાથે યુધ્ધ :

ત્યારબાદ દારુક પદ્મનાભ રાજા દ્વારા તિરસ્કૃત થઈને પાછો ફર્યો અને કૃષ્ણ વાસુદેવેને સમગ્ર વૃત્તાંત કહીં સંભળાવ્યો, પદ્મનાભ રાજાએ પણ પોતાની ચતુરંગિણી સેના સાથે કૃષ્ણ પાસે જવા પ્રયાણ કર્યું, ત્યારે કૃષ્ણ વાસુદેવે પાંચે પાંડવોને પૂછયું, તમે પદ્મનાભ રાજાની સાથે યુધ્ધ કરશો કે યુધ્ધ જોશો ? ત્યારે પાંચે પાંડવોએ કહ્યું, હે સ્વામિન્ ! અમે યુધ્ધ કરશું અને આપ અમારું યુધ્ધ જુઓ.

પાંચે પાંડવો પદ્મનાભ રાજા સાથે લડયા, પરંતુ યુધ્ધભૂમિમાં પદ્મનાભ રાજા સામે તેઓ ટકી શક્યા નહીં. ત્યારે કૃષ્ણ વાસુદેવ યુધ્ધના મેદાનમાં આવ્યા. તેમના શંખનાદથી જ પદ્મનાભ રાજાની અડધી સેના તો હતપ્રભ બની ગઈ, તેમ જ વૈક્રિયરૂપથી નરસિંહનું રૂપ ધારણ કરી અમરકંકા રાજધાનીના દરવાજા, શ્રેષ્ઠ મહેલો જમીનદોસ્ત કરવા લાગ્યા. ત્યારે પદ્મનાભ રાજા પોતાની રાજધાનીનો વિનાશ જોઈ

ગભરાઈ ગયા અને દ્રૌપદીદેવીના કહેવાથી કૃષ્ણ વાસુદેવના શરણે આવી ક્ષમાયાચના માંગી, એટલું જ નહીં પોતાના હાથે જ દ્રૌપદીદેવીને સોંપી દીધી.

કૃષ્ણ વાસુદેવે પણ પદ્મનાભને પોતાના તરફથી ભયમુક્ત બનાવી વિદાય કર્યા અને દ્રૌપદીદેવીને પાંચ પાંડવોને સોંપી દીધી. ત્યાર પછી કૃષ્ણ વાસુદેવે પાંચ પાંડવો અને છઠ્ઠા પોતે તેમ છ રથો વડે લવણ સમુદ્રમાં થઈને જંબૂદ્વીપના ભારતવર્ષ તરફ પ્રયાણ કર્યું.

**બે વાસુદેવોનું ધ્વનિ મિલન :**

તે સમયે મુનિસુવ્રત નામના અરિહંત ધાતકીખંડની ચંપાનગરીમાં પધાર્યા હતા, કપિલ વાસુદેવ તેમની પાસે ધર્મોપદેશ સાંભળતા હતા. ત્યારે તેમણે કૃષ્ણ વાસુદેવના પંચ જન્ય શંખનો નાદ સાંભળ્યો. ત્યારે તેમના મનમાં વિચાર આવ્યો કે શું ધાતકીખંડ દ્વીપના ભારત વર્ષમાં બીજા વાસુદેવ ઉત્પન્ન થયા છે કે જેના શંખનો ધ્વનિ મારા શંખના ધ્વનિ જેવો જ છે, ત્યારે મુનિસુવ્રત અરિહંતે કપિલ વાસુદેવના મનનું સમાધાન કરતાં કહ્યું કે, તે વાત સત્ય નથી. એવું ક્યારેય થતું નથી, થશે પણ નહીં કે એક ક્ષેત્રમાં, એક યુગમાં અને એક જ સમયમાં બે તીર્થંકર, બે ચક્રવર્તી, બે બળદેવ કે બે વાસુદેવ ઉત્પન્ન થાય.

તમારા પદ્મનાભ રાજાનો પૂર્વસંગતિક મિત્ર દેવ અપહરણ કરીને દ્રૌપદીદેવીને અમરકંકા લઈ આવ્યો હતો. દ્રૌપદીદેવીને પાછા લઈ જવા કૃષ્ણ વાસુદેવ અને પાંચ પાંડવો પદ્મનાભ રાજા સાથે યુધ્ધ કરી રહ્યાં છે. તે કૃષ્ણ વસુદેવના શંખનો આ ધ્વનિ છે.

ત્યારે કપિલ વાસુદેવે પુરુષોત્તમ કૃષ્ણ વાસુદેવના દર્શન કરવાની ઈચ્છા પ્રગટ કરી. પરંતુ એક વાસુદેવ બીજા વાસુદેવને મળે તેવું ક્યારેય થયું નથી, થશે નહીં, આથી કપિલ વાસુદેવ લવણ સમુદ્રના કિનારે આવ્યા ત્યારે તેમણે કૃષ્ણ વાસુદેવની

શ્વેત અને પીળી ધ્વજાનો અગ્રભાગ જોયો અને પોતાનો પંચજન્ય શંખ વગાડયો. ત્યારે કૃષ્ણ વાસુદેવે પણ કપિલ વાસુદેવના શંખનો નાદ સાંભળી પોતાનો પંચજન્ય શંખને ફૂંકયો. આમ બન્ને વાસુદેવોનું શંખનાદથી મિલન થયું.

સામાન્ય રીતે એક જ ક્ષેત્રમાં એક સમયમાં બે વાસુદેવનું મિલન થતું નથી પરંતુ આ હૂંડા અવસર્પિણીકાલમાં દશ આશ્ચર્યકારક ઘટનાઓ ઘટિત થઈ છે તેમાં ભગવાન નેમનાથના સમયમાં થયેલી આ એક આશ્ચર્યકારક ઘટના છે.

**પદ્મનાભને દેશ નિકાલની સજા:**

ત્યાર પછી કપિલ વાસુદેવ અમરકંકા રાજધાનીમાં આવ્યા, અમરકંકા રાજધાનીને વિનિષ્ટ થયેલી જોઈ, તેમ જ સર્વ વિગત જાણી તેમણે પદ્મનાભ રાજાને દેશ નિકાલની આજ્ઞા આપી, તેમના પુત્રને અમરકંકા રાજધાની સોંપી તેઓ પોતાના રાજ્યમાં ચાલ્યા ગયા.

પાંડવો દ્વારા કૃષ્ણના બળની કસોટી :-

ત્યાર પછી કૃષ્ણ વાસુદેવ તેમ જ પાંચ પાંડવો આદિ લવણ સમુદ્રના મધ્યભાગમાંથી પસાર થઈને ગંગા નદીની સમીપે પહોંચ્યા. કૃષ્ણ વાસુદેવ પાંચે પાંડવોને ગંગા નદી પાર કરવાનું કહીં તેઓ લવણ સમુદ્રના અધિપતિ સુસ્થિત દેવને મળવા ગયા. પાંચે પાંડવો નૌકા દ્વારા ગંગા નદી પાર કરી કિનારે પહોંચ્યા. ત્યારે તેઓએ કૃષ્ણ વાસુદેવના બળની કસોટી કરવા નૌકાને છુપાવી દીધી. છુપાવીને કૃષ્ણ વાસુદેવની પ્રતીક્ષા કરવા લાગ્યા. કૃષ્ણ વાસુદેવ લવણાધિપતિ સુસ્થિત દેવને મળીને આવ્યા ત્યારે નૌકાની શોધ કરી પરંતુ નૌકા મળી નહીં. જેથી તેઓ તરતાં તરતાં ગંગા નદી પાર કરી કિનારે પહોંચ્યા અને મનોમન વિચાર કરવા લાગ્યા કે ખરેખર પાંચ પાંડવો બળવાન છે. તેમણે જાણી બુઝીને પદ્મનાભને પરાજિત કર્યો નથી.

કિનારે પહોંચતા તેમણે પાંચે પાંડવોના બળની પ્રશંસા કરી, ત્યારે પાંચે

પાંડવોએ નૌકા દ્વારા ગંગા પાર કરવાની વાત કરી, તેમ જ નૌકા છુપાવીને કૃષ્ણ વાસુદેવની પ્રતીક્ષા કરતાં હતા, તે સર્વ વિગત જણાવી.

### કૃષ્ણ દ્વારા પાંડવોને સજા :

પાંચે પાંડવો પાસેથી આવી વાત સાંભળી કૃષ્ણ વાસુદેવને ખૂબ જ ગુસ્સો આવ્યો. તેમણે પોતાના બળનો પ્રભાવ બતાવતાં પાંડવોના રથોના ચૂરેચૂરા કરી નાંખ્યા, એટલું જ નહીં તેઓને દેશ નિકાલની સજા કરી. તેમ જ તે સ્થાને રથમર્દન નામનું નગર વસાવ્યું. ત્યારબાદ તેમણે દ્વારિકાનગરીમાં પ્રવેશ કર્યો.

### પાંડવોની પાંડુરાજા સાથે વિચારણા :

ત્યાર પછી પાંચે પાંડવો હસ્તિનાપુર નગરે આવ્યા અને પાંડુરાજાને કૃષ્ણ વાસુદેવે આપેલ દેશિનકાલની સજા આદિ સર્વ હકીકત જણાવી. ત્યારે કુંતીદેવીએ કૃષ્ણ વાસુદેવ પાસે જઈને, 'પાંચ પાંડવો ક્યા દેશમાં, કઈ દિશામાં જઈને નિવાસ કરે ? તે વાત જણાવી.

### પાંડુ મથુરાની સ્થાપના :

કૃષ્ણ વાસુદેવે કુંતીદેવીને આશ્વાસન આપતા કહ્યું, હે ફૈબા ! મારું વચન મિથ્યા થતું નથી. એટલે હે દેવાનુપ્રિયે ! પાંચે પાંડવો દક્ષિણ દિશાના સમુદ્ર કિનારે પાંડુ-મથુરા નામની નવી નગરી વસાવે અને મારા અદશ્ય સેવક થઈને રહે ? અર્થાત્ મારી સામે ન આવે.

ત્યાર પછી કુંતીદેવીએ પાંડુરાજા પાસે આવી સઘળો વૃત્તાંત કહ્યો. પાંડુરાજાએ પાંચે પાંડવોને દક્ષિણ દિશાના સમુદ્રના કિનારે પાંડુ-મથુરા નગરી વસાવી રહેવાની વાત કરી. પાંચે પાંડવોએ પણ તે વાતને સ્વીકારી લીધી અને દક્ષિણી

બેલાતટ પર જઈને ત્યાં પાંડુ મથુરા નગરીની સ્થાપના કરી સુખપૂર્વક રહેવા લાગ્યાં.

થોડા સમય પછી દ્રૌપદીદેવી ગર્ભવતી બની, નવમાસપૂર્ણ થતાં તેણે સુંદર બાળકને જન્મ આપ્યો. તે બાળકનું નામ પાંડુસેન રાખ્યું. તે બાળક ક્રમશ: મોટો થવા લાગ્યો યુવાવસ્થાને પ્રાપ્ત થતા તે યુવરાજ થયો.

## પાંડવો અને દ્રૌપદીનું સંયમ ગ્રહણ :

તે સમયે ધર્મઘોષ નામના સ્થવિરમુનિ પધાર્યા. પાંચે પાંડવો સ્થવિરમુનિના દર્શનાર્થે ગયા. સ્થવિર મુનિની દેશના સાંભળી વૈરાગ્યભાવ જાગતાં દ્રૌપદીદેવીની અનુમતિ લઈને, તેમ જ પાંડુસનેન કુમારને રાજ્યગાદી પર સ્થાપિત કરી પાંચે પાંડવોએ દીક્ષા ગ્રહણ કરી. તે જ રીતે દ્રૌપદીદેવીએ પણ સંસારના ભયથી ઉદ્વિગ્ન થઈ ને સુવ્રતા આર્યા પાસે દીક્ષા ગ્રહણ કરી.

પાંચે પાંડવોએ દીક્ષિત બની ચૌદપૂર્વનું અધ્યયન કર્યું તેમ જ ઘણા વર્ષો સુધી છઠ્ઠ, અઠ્ઠમ, ચોલા આદિ તથા અર્ધમાસખમણ, માસખમણ આદિ તપસ્યા દ્વારા આત્માને ભાવિત કરતાં વિચરવા લાગ્યા. એવી જ રીતે દ્રૌપદી દેવી પણ દીક્ષિત બની ૧૧ અંગોનું અધ્યયન આદિ તેમ જ તપ દ્વારા આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા.

## ભગવાન અરિષ્ટનેમિનું મોક્ષગમન :

તે સમયે અરિહંત અરિષ્ટનેમિ સોરઠ દેશમાં સૌરાષ્ટ્ર જનપદમાં વિચારી રહ્યાં છે, એવું જાણી યુધિષ્ઠિર આદિ પાંચે અણગારોએ સ્થવિર ગુરુ ભગવંતની આજ્ઞા મેળવી, તીર્થંકર અરિષ્ટનેમિની પાસે જવા માટે નીકળ્યા. માસખમણના પારણે માસખમણ કરતાં કરતાં ગામેગામ વિહાર કરતા હસ્તીકલ્પ નગરે પહોંચ્યા અને હસ્તીકલ્પ નગરની બહાર સહસ્રામ્રવન નામના ઉદ્યાનમાં રહ્યાં.

ત્યાર પછી યુધિષ્ઠિર સિવાયના શેષ ચાર અણગારોએ માસખમણના પારણાના દિવસે યુધિષ્ઠિર અણગારની અનુમતિ લઈને ભિક્ષા માટે ફરી રહ્યાં હતા, ત્યારે તેઓએ સાંભળ્યું કે, હે દેવાનુપ્રિયો ! તીર્થંકર અરિષ્ટનેમિ ગિરનાર પર્વત પર એક મહિનાના નિર્જળા ઉપવાસ કરીને, પાંચસો છત્રીસ સાધુઓની સાથે નિર્વાણને પામ્યા છે. સિધ્ધ, બુધ્ધ, મુક્ત થયા છે.

**પાંડવો દ્વારા અનશન સ્વીકાર :**

ત્યારે યુધિષ્ઠિર સિવાયના ચારે અણગારો આ સમાચાર સાંભળીને તરત જ યુધિષ્ઠિર અણગાર પાસે આવ્યા અને આહાર પાણી આદિ બતાવી ને કહ્યું, હે દેવાનુપ્રિયો ! અરિહંત અરિષ્ટનેમિ નિર્વાણને પ્રાપ્ત થયા છે. હવે આપણા માટે એ જ યોગ્ય છે કે આહાર-પાણીને પરઠીને ધીરે ધીરે શત્રુંજ્ય પર્વત પર ચઢીએ અને ત્યાં સંલેખના કરીને, મૃત્યુની આકાંક્ષા નહીં કરતાં વિચરીએ. આ વિચારનો સ્વીકાર કરીને, પહેલા ગ્રહણ કરેલા આહાર-પાણીને પરઠી દીધા અને શત્રુંજ્ય પર જઇને સંથારાનો સ્વીકાર કર્યો.

**પાંડવોનું મોક્ષગમન :**

યુધિષ્ઠિર આદિ પાંચે અણગારોએ સામાયિકથી લઈને ચૌદપૂર્વનો અભ્યાસ કરીને ઘણા વર્ષો સુધી શ્રામણ્ય પર્યાયનું પાલન કરી, બે માસની સંલેખનાથી આત્માને સેવિત કરીને, જે પ્રયોજન માટે દીક્ષિત બન્યા હતા, તે પ્રયોજનને સિધ્ધ કર્યું. તેઓએ અનંત કેવળજ્ઞાન અને અનંત કેવળદર્શનને પ્રાપ્ત કરી સિધ્ધગતિ મેળવી.

### આર્યા દ્રૌપદીનું સ્વર્ગગમન :

દીક્ષા અંગીકાર કર્યા પછી દ્રૌપદી આર્યાએ સુવ્રતા આર્યા પાસેથી સામાયિકથી લઈને અગિયાર અંગોનું અધ્યયન કર્યું. ઘણા વર્ષો સુધી શ્રામણ્ય પર્યાયનું પાલન કરી, એક માસની સંલેખના કરી કાલધર્મ પામીને, બ્રહ્મલોક નામના સ્વર્ગમાં દ્રુપદ દેવરૂપે ઉત્પન્ન થયાં.

ત્યાં દસ સાગરોપમની સ્થિતિ પૂરી કરી મહાવિહેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈને સર્વકર્મોનો અંત કરી સિધ્ધ, બુધ્ધ થશે.

### ઉપસંહાર :


પ્રસ્તુત અધ્યયનમાં દ્રૌપદીદેવીની જીવન ઘટનાને દૃષ્ટાંતરૂપે રજૂ કરી બોધ આપવામાં આવ્યો છે. જેમ કે, ત્રિકરણ શુધ્ધિપૂર્વકનું આહારદાન અને નિદાન રહિત સંયમ-તપ મોક્ષરૂપ ફળને આપે છે.


સુપાત્રને અપાતો આહાર અમનોજ્ઞ હોય, ભક્તિપૂર્વક અપાયો ન હોય, તો તે અનર્થનું કારણ થાય છે, જેમ કે નાગશ્રી બ્રાહ્મણીના ભવમાં દ્રૌપદીના જીવ દ્વારા અપાયેલું કડવા તુંબડાનું દાન.

એવી જ રીતે દીર્ઘકાલ સુધી તપશ્ચર્યા કર્યા પછી જો તે તપ નિદાન દોષથી દૂષિત થાય તો તે તપ મોક્ષપ્રદ થતું નથી. જેમ સુકુમાલિકાના ભવમાં કરેલું નિદાન દ્રૌપદીના ભવમાં કલ્યાણ કારણ ન બન્યું.

# દ્રૌપદીના પૂર્વના મૂખ્ય ભવો.







છઠ્ઠી નરક તમ:પ્રભા



સુકુમાલિકા સાધ્વી



ઈશાન દેવલોકના દેવ



પાંડવો તથા દ્રૌપદી

૧. કડવા તુંબડાનું શાક વહોરાવતી નાગશ્રી

૨. ઝેરી શાકનો કીડી પર પ્રભાવ, અનુકંપાશીલ ધર્મરૂચી અણગાર

૩. નાગશ્રીનો જન્મ છઠ્ઠી નરકે

૪. અનેક ભવ ભ્રમણ પછી નારકી બને સાધ્વી

૫. સાધ્વી બની ઈશાન દેવલોકની દેવી

૬. અનંતા કષ્ટો પછી નાગશ્રીનો જીવ બન્યો દ્રૌપદી

## અઠ્ઠાવીસમું અધ્યયન : મોક્ષમાર્ગ ગતિ

**પરિચય :**

- આ અધ્યયનમાં મોક્ષમાર્ગ અને તેમાં ગતિ કરવાની પધ્ધતિનું વિશ્લેષણ હોવાથી તેનું નામ મોક્ષમાર્ગ ગતિ છે.
- આત્માની કર્મોથી સંપૂર્ણ મુક્તિ, પરમ આનંદ અવસ્થા તે મોક્ષ છે. ચતુર્વિધ સંઘનું અંતિમ લક્ષ મોક્ષ છે. આ સાધના મનુષ્ય ભવમાં જ થઈ શકે છે. તે માર્ગ પર ગતિ કરવી તે જ સાધકનો પુરુષાર્થ છે.
- જિનેશ્વર ભગવંતોએ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપને મોક્ષમાર્ગ કહ્યો છે. આ અધ્યયનમાં મોક્ષમાર્ગના ચારેય ઉપાયોનું વિગતવાર વર્ણન છે.
- આત્માના અનંતગુણોમાં મુખ્ય ગુણ જ્ઞાન છે, જગતના તત્ત્વોનો યથાર્થ બોધ થવો તે સમ્યગ્જ્ઞાન છે. આ અધ્યયનમાં જ્ઞાનના વિષય ભૂત છ દ્રવ્ય, તેના ગુણ, પર્યાય આદિનું વર્ણન છે. જ્ઞાનાવરણીય કર્મના ક્ષય કે ક્ષયોપશમની વિવિધતાથી તેના મતિ, શ્રુત, અવધિ, મન :પર્યવ અને કેવળજ્ઞાન તે પાંચ ભેદ થાય છે.
- આત્માના શ્રધ્ધા ગુણોની શુધ્ધ પર્યાય સમ્યગ્દર્શન છે. જે વસ્તુ જેવી છે તેવી માનવી, નવતત્ત્વની સમજણ પૂર્વકની શ્રધ્ધા તે જ સમ્યગ્દર્શન છે. સમ્યર્ગદર્શનની આરાધના કરવી તે જ સિધ્ધિનો માર્ગ છે.
- સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પછી જ ઉપાર્જિત કરેલું જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે. ત્યારે પછી જ સમ્યક્ ચારિત્ર અને સમ્યક્તપની આરાધના થાય છે આ મહત્ત્વશીલતાના કારણે આ અધ્યયનમાં સમ્યગ્દર્શનના ભેદ, દશ રુચિ, આઠ આચાર આદિ વિષયોનું વિસ્તૃત વિશ્લેષણ છે.
- સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન ગુણનું શ્રેષ્ઠ ફળ તે સમ્યક્ ચારિત્ર છે. આવતા

કર્મનો નિરોધ કરે તે ચારિત્ર છે. તેમજ પાપકારી પ્રવૃત્તિનો ત્યાગ અને મહાવ્રત આદિનું પાલન તે ચારિત્ર, પ્રસ્તુતમાં સામાયિક આદિ પાંચ અવસ્થાઓના માધ્યમથી ચારિત્રના પાંચ પ્રકાર કહ્યા છે.

- પૂર્વસંચિત કર્મોનો નાશ કરવા માટે સમ્યક્તપ એ મોક્ષમાર્ગનું મહત્ત્વનું અંગ છે. છ પ્રકારના બાહ્યતપ અને છ પ્રકારના આભ્યંતર તપ, એમ તપના બાર પ્રકાર છે. બાહ્ય તપ મુખ્યત્વે શરીર સાથે અને આભ્યંતર તપ મુખ્યત્વે આત્મના ભાવ સાથે સંબધિત છે.
- સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ એ મોક્ષમાર્ગના ચારેય અંગ પરસ્પર સંકળાયેલા છે, જ્ઞાનથી જીવાદિ ભાવો જાણી શકાય છે. દર્શનથી તે ભાવો પર શ્રધ્ધા થાય છે. ચારિત્રથી આશ્રવનો એટલે આત્મામાં આવતા કર્મોનો નિરોધ થાય છે અને તપથી તેની પરિશુધ્ધિ અર્થાત પૂર્વસંચિત કર્મોનો ક્ષય થાય છે. આ રીતે મોક્ષમાર્ગમાં ક્રમિક વિકાસ કરતાં સાધક આ ચારેયના સુમેળપૂર્વક સાધના કરે છે અને જ્યારે આ ચારેયની પૂર્ણતા થાય, ત્યારે જીવનો મોક્ષ થાય છે.



## મોક્ષમાર્ગ ગતિ

**મોક્ષ માર્ગ:**

**मोक्खमग्गगइं तच्चं, सुणेह जिणभासियं।**

**चउकारणसंजुत्तं, णाणदंसणलक्खणं।।१।।**

**શબ્દાર્થ:** **जिणभासियं** - જિનેન્દ્ર ભગવાન દ્વારા કથિત **चउकारणसंजुत्तं** - સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન સમ્યક્ ચારિત્ર અને સમ્યક્ તપ, તે ચાર કારણોથી સંયુક્ત, આ ચાર કારણોથી પ્રાપ્ત થનારી **णाणदंसणलक्खणं** - જ્ઞાન-દર્શન લક્ષણરૂપ **तच्च** - યથાર્થ, સત્ય **मोक्खमग्गगइं** - મોક્ષમાર્ગની ગતિ, મોક્ષમાર્ગનો પુરુષાર્થ **सुणेह** - સાંભળો.

**ભાવાર્થ:** જિનેશ્વર ભગવંતો દ્વારા કથિત સમ્યગ્જ્ઞાન આદિ ચાર કારણોથી યુક્ત અને જ્ઞાન-દર્શન આ બે લક્ષણ સ્વરૂપ મોક્ષમાર્ગની યથાર્થ ગતિને તમે સાંભળો. (અર્થાત્ હું મોક્ષમાર્ગ ગતિ નામના અધ્યયનનું વર્ણન કરું છું, તે તમે સાંભળો.)

**णाणं च दंसणं चेव, चरित्तं च तवो तहा।**

**एस मग्गो त्ति पण्णत्तो, जिणेहिं वरदंसीहिं।।२।।**

**શબ્દાર્થ :** **वरदंसीहि** - શ્રેષ્ઠદર્શી, સંસારના સમસ્ત પદાર્થોને જોનારા, સર્વદર્શી **जिणेहिं** - જિનેશ્વર ભગવંતોએ **णाणं** - જ્ઞાન **दंसणं** - દર્શન **चरित्तं** - ચારિત્ર **तवो** - તપ **एस** - આ **मग्गो त्ति** - મોક્ષમાર્ગ **पण्णत्तो** - પ્રરૂપિત કર્યો છે.

**ભાવાર્થ:** સર્વદર્શી જિનેશ્વર ભગવંતોએ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપરૂપ મોક્ષમાર્ગ પ્રરૂપ્યો છે.

**णाणं च दंसणं चेव, चरित्तं च तवो तहा।**
**एयं मग्गमणुपत्ता, जीवा गच्छंति सुग्गइं।। ३ ।।**

**શબ્દાર્થ :** **एयं** - આ **मग्गं** - માર્ગનું **अणुपत्ता** - આચરણ કરીને **जीवा** - જીવો **सुग्गइं** - સુગતિ, મોક્ષ **गच्छंति** - પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ :** જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપના માર્ગનું આચરણ કરીને જીવો સુગતિ પ્રાપ્ત કરે છે.

**સમ્યગ્જ્ઞાન તથા તેના પ્રકાર :**

**तत्थ पंचविहं णाणं, सुयं आभिणिबोहियं।**
**ओहिणाणं तु तइयं, मणणाणं च केवलं।। ४।।**

**શબ્દાર્થ:** **तत्थ** - તેમાં, મોક્ષમાર્ગમાં **पंच विह** - પાંચ પ્રકારનું **आभिणिबोहियं** - આભિનિબોધિક, મતિજ્ઞાન **सुयं** - શ્રુતજ્ઞાન **तइयं** - ત્રીજું **ओहिणाणं** - અવધિજ્ઞાન **मणणाणं** - મન:પર્યવજ્ઞાન **केवलं** - કેવળજ્ઞાન.

**ભાવાર્થ:** મોક્ષમાર્ગના ઉપરોક્ત ચાર સાધનમાંથી જ્ઞાનના પાંચ પ્રકાર છે- શ્રુતજ્ઞાન, આભિનિબોધિક-જ્ઞાન (મતિજ્ઞાન), ત્રીજું અવધિજ્ઞાન તેમજ મન:પર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન.

**एयं पंचविहं णाणं, दुव्वाण य गुणाण य।**
**पज्जवाणं च सव्वेसिं, णाणं णाणीहिं देसियं।। ५।।**

**શબ્દાર્થ :** एय - આ ઉપરોક્ત पंचविहं - પાંચ પ્રકારનું णाणं - જ્ઞાન અને दुव्वाण - દ્રવ્ય गुणाण - ગુણ सव्वेसिं - તેની સમસ્ત पज्जवाणं - પર્યાયોનું णाणं - જ્ઞાન णाणीहिं - જ્ઞાની પુરુષો દ્વારા देसियं - ઉપદેશ્યું છે, બતાવ્યું છે.

**ભાવાર્થ :** આ પાંચ પ્રકારનું જ્ઞાન અને સર્વ દ્રવ્ય, ગુણ અને તેની સમસ્ત પર્યાયોનું જ્ઞાન જ્ઞાની પુરુષો દ્વારા નિરૂપિત છે.

**દ્રવ્ય, ગુણ, પર્યાય :**

**गुणाणमासओ दव्वं, एगदव्वस्सिया गुणा।**
**लक्खणं पज्जवाणं तु, उभओ अस्सियाभवे।। ६।।**

**શબ્દાર્થ :** दव्वं - દ્રવ્ય गुणाणं - ગુણોનો आसओ - આશ્રય, આધાર છે एगदव्वस्सिया - એક દ્રવ્યને આશ્રિત રહે છે गुणा - ગુણો पज्जवाणं - પર્યાયોનું लक्खणं - લક્ષણ એ છે કે उभओ - પર્યાય, દ્રવ્ય અને ગુણ બંનેને अस्सिया - આશ્રિત રહેનાર भवे - હોય છે.

**ભાવાર્થ :** ગુણોનો આધાર દ્રવ્ય છે. ગુણો કેવળ દ્રવ્યના આશ્રિત રહે છે. પર્યાયોનું લક્ષણ એ છે કે તે દ્રવ્ય અને ગુણ બંનેના આશ્રયે રહે છે.

**વિવેચન :**

**દ્રવ્ય, ગુણ, પર્યાય :** જૈન સિદ્ધાતોને સમજવા માટે આ ત્રણ શબ્દો અત્યંત જરૂરી છે, તે જ રીતે જીવન વ્યવહારમાં સમભાવને કેળવવા તે સહાયક બને છે.

**દ્રવ્ય :** ગુણોનો આધાર છે, અર્થાત્ ગુણો જેના આધારે રહે છે, તે દ્રવ્ય છે. જેમ કે

જ્ઞાન ગુણ છે અને જ્ઞાન ગુણ જીવ દ્રવ્યમાં હોય છે, તેથી જીવ દ્રવ્ય છે.

જીવ કે અજીવદ્રવ્યમાં અનંત ગુણો હોય છે, તે અનંતગુણો દ્રવ્યને આશ્રિત હોય છે. દ્રવ્ય વિના ગુણો હોતા નથી.

**ગુણ:** જે દ્રવ્યને આશ્રિત જ રહે છે, તે ગુણ છે. દ્રવ્યમાંએક સાથે અનંત ગુણો હોવા છતાં દરેક ગુણ સ્વતંત્ર હોય છે. એક ગુણ બીજા ગુણ રૂપે પરિણત થતા નથી. જ્ઞાન ગુણ ક્યારેય શ્રદ્ધા રૂપે કે શ્રદ્ધાગુણ ક્યારેય જ્ઞાન રૂપે પરિણત થતા નથી અનંતગુણો હંમેશા પોતાના સ્વરૂપે દ્રવ્યમાં જ રહે છે.

**પર્યાય:** દ્રવ્ય અને ગુણ, બંનેને આશ્રયે રહે, તે પર્યાય છે, દ્રવ્ય અને ગુણ, બંનેમાં સતત પરિવર્તન થઈ રહ્યું છું. દ્રવ્ય અને ગુણની પરિવર્તન પામતી અવસ્થાને પર્યાય કહે છે, જેમકે જીવદ્રવ્યમાં સમયે સમયે પરિવર્તન થાય, સમયે સમયે આયુષ્ય ઘટતું જાય, તેમ તેમ જીવદ્રવ્ય પરિવર્તન પામે છે, મનુષ્ય, દેવ, નારકી, તિર્યંચ આદિ ચાર ગતિ રૂપે દરેક જીવ દ્રવ્ય પરિવર્તન પામે છે. એટલે મનુષ્ય, દેવ આદિ જીવ દ્રવ્યની પર્યાય છે અને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન આદિ પાંચ જ્ઞાન કે આપણા જ્ઞાનમાં થતી વધ-ઘટ તે જ્ઞાનગુણની પર્યાય છે. શુદ્ધ દ્રવ્યમાં કાંઈ પરિવર્તન થતું નથી.

દ્રવ્ય, ગુણ, પર્યાયનું સ્વરૂપ જોતાં સ્પષ્ટ થાય છે કે દ્રવ્ય અને ગુણ ત્રૈકાલિક છે, પર્યાય ક્ષણિક છે. પ્રથમ સમયે ઉત્પન્ન થાય અને બીજી જ સમયે તે નાશ પામી જાય છે.

આપણા રાગ-દ્વેષનું નિમિત્ત પ્રાયઃ પર્યાય હોય છે, આજના યુગના કોઈ પણ મનમોહક દશ્યો, ખાન-પાન, વેશભૂષા આદિ જે કાંઈ દશ્ય જગત છે, તે પુદ્ગલ દ્રવ્યોની પર્યાય છે અને તેને પ્રતિક્ષણ પલટાતા આપણે જોઈ રહ્યા છીએ

તે જ રીતે આપણા રાગ-દ્વેષના પાત્ર રૂપ વિવિધ વ્યક્તિઓ છે, તે જીવદ્રવ્યની પર્યાય છે અને તેમાં પણ સતત પરિવર્તન થઈ રહ્યું છે. કોઈપણ વ્યક્તિ હંમેશા એક સમાન રહેતી નથી. તેના દ્રવ્યમાં અને ગુણોમાં પરિવર્તન થયા જ કરે છે. પરંતુ મૂળભૂત દ્રવ્યમાં કે ગુણોમાં ક્યારેય પરિવર્તન થતું નથી. જીવ દ્રવ્ય ક્યારેય અજીવ થતો નથી અને અજીવ દ્રવ્ય ક્યારેય જીવ રૂપ થતું નથી.

દ્રવ્ય, ગુણ, પર્યાયનો સિદ્ધાંત, તેનો યથાર્થ બોધ આપણને રાગ-દ્વેષ દૂર કરવામાં, સમભાવમાં સ્થિર થવામાં સહાયક બને છે. આપણે જીવન વ્યવહારમાં પર્યાય દ્રષ્ટિને છોડીને દ્રવ્ય દ્રષ્ટિને સ્વીકારીએ, તો રાગ-દ્વેષ થતાં નથી.

કોઈપણ વસ્તુ કે વ્યક્તિની વર્તમાનની ક્ષણિક અવસ્થા નાશવંત જ છે. તેવું સમજીને સ્વીકારીને વસ્તુ કે વ્યક્તિના મૂળભૂત સ્વરૂપને નિહાળીએ, ત્યારે રાગ-દ્વેષ થતાં નથી. આ પ્રકારનો બોધ જ સમ્યગ્જ્ઞાન છે.

જીવ અને અજીવદ્રવ્યોના દ્રવ્ય, ગુણ, પર્યાયની યથાર્થ જાણકારી સમ્યગ્જ્ઞાન છે અને સમ્યગ્જ્ઞાન જ મોક્ષમાર્ગનું અંગ બની શકે છે.

છ દ્રવ્ય :

**धम्मो अहम्मो आगासं, कालो पुग्गल जंतवो।**
**एस लोगो त्ति पण्णत्तो, जिणेहिं वरदंसीहिं।।७।।**

**શબ્દાર્થ:** धम्मो - ધર્માસ્તિકાય अहम्मो - અધર્માસ્તિકાય आगासं - આકાશાસ્તિકાય पुग्गल - પુદ્ગલાસ્તિકાય जंतवो - જીવાસ્તિકાય कालो - કાળ एस - આ છ દ્રવ્યરૂપ लोगो त्ति - લોક છે वरदंसीहिं - કેવળદર્શી, સર્વજ્ઞ-સર્વદર્શી जिणेहिं - જિનેશ્વર ભગવંતોએ पण्णत्तो - કહ્યું છે.

**ભાવાર્થ :** ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, જીવાસ્તિકાય અને કાળ આ છ દ્રવ્યરૂપ લોક છે, એવું સર્વજ્ઞ-સર્વદર્શી જિનેશ્વર ભગવંતોએ પ્રરૂપિત કર્યું છે.

**धम्मो अहम्मो आगासं, दव्वं इक्किक्कमाहियं।**

**अणंताणि य दव्वाणि, कालो पुग्गल जंतवो।। ८।।**

**શબ્દાર્થ :** दव्वं - દ્રવ્ય इक्किक्कमाहियं - એક-એક કહ્યા છે अणंताणि - અનંતા दव्वाणि - દ્રવ્યો.

**ભાવાર્થ :** ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, તે ત્રણ દ્રવ્યો એક-એક છે. કાળ, પુદ્ગલાસ્તિકાય અને જીવાસ્તિકાય, એ ત્રણ દ્રવ્યો અનંત-અનંત છે.

**गइ लक्खणो उ धम्मो, अहम्मो ठाण लक्खणो।**

**भायणं सव्वदव्वाणं, णहं ओगाह लक्खणं।।९।।**

**શબ્દાર્થ :** गइ-लक्खणो - ગતિ લક્ષણ ठाण लक्खणो - સ્થિતિ લક્ષણ सव्व दव्वाणं - સર્વ દ્રવ્યોનું भायणं - ભાજન, પાત્ર, આધારભૂત णहं - નભ, આકાશ, આકાશાસ્તિકાય ओगाह-लक्खणं - અવગાહન લક્ષણવાળું છે.

**ભાવાર્થ :** ગતિમાં સહાયક થવું, તે ધર્માસ્તિકાયનું લક્ષણ છે, સ્થિતિમાં સહાયક થવું, તે અર્ધાસ્તિકાયનું લક્ષણ છે, આકાશાસ્તિકાય સર્વ દ્રવ્યોનું આધારભૂત છે અને તે અવગાહન પ્રદાન લક્ષણવાળું છે.

**वत्तणा लक्खणो कालो, जीवो उवओग लक्खणो।**

**णाणेणं दंसणेणं च, सुहेण य दुहेण य।।१०।।**

**શબ્દાર્થ : वत्तणा लक्खणो** - વર્તના લક્ષણ, વીતવું, પસાર થવું એ કાલનું લક્ષણ છે **उवओग-लक्खणो** - ઉપયોગ લક્ષણ **णाणेणं** - જ્ઞાનથી **दंसणेणं** - દર્શનથી **सुहेण** - સુખથી **दुहेण** - દુ:ખથી.

**ભાવાર્થ :** વર્તના એ કાળનું લક્ષણ છે, ઉપયોગ એ જીવનું લક્ષણ છે અને જીવ જ્ઞાન, દર્શન, સુખ અને દુ:ખ દ્વારા ઓળખાય છે.

**णाणं च दंसणं चेव, चरित्तं च तवो तहा।**
**वीरियं उवओगो य, एयं जीवस्स लक्खणं।।११।।**

**શબ્દાર્થ : वीरियं** - વીર્ય, આત્મશક્તિ **उवओगो** - ઉપયોગ **जीवस्स** - જીવનું **लक्खणं** - લક્ષણછે .

**ભાવાર્થ :** જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ તથા વીર્ય અને ઉપયોગ એ સંસારી જીવોના વિશિષ્ટ લક્ષણ છે. બીજી રીતે કહીએ, તો જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય ઉપયોગ, તે જીવ દ્રવ્યના જ લક્ષણો છે. અન્ય દ્રવ્યોમાં આ ગુણો હોતા નથી.

**सद्दंधयार उज्जोय, पभा छायातवे इ वा।**
**वण्ण गंधरसाफासा, पुग्गलाणं तु लक्खणं।।१२।।**

**શબ્દાર્થ : सद्दं** - શબ્દ **अंधयार** - અંધકાર **उज्जोय** - ઉદ્યોત **पभा** - પ્રભા **छाया** - છાયા **आतवे** - આતાપ (ગરમી) **वण्णगंध-रसाफासा** - વર્ણ, ગંધ, રસ, સ્પર્શ **इ वा** - એ બધા **पुग्गलाणं** - પુદ્ગલના **लक्खणं** - લક્ષણ છે.

**ભાવાર્થ :** શબ્દ, અંધકાર, ઉદ્યોત, પ્રભા, છાયા અને આતપ તથા વર્ણ, ગંધ,રસ અને સ્પર્શ તે પુદ્ગલના લક્ષણ છે.

**एगत्तं च पुहत्तं य, संखा संठाणमेव य।**

**संजोगा य विभागा य, पज्जवाणं तु लक्खणं।।१३।।**

**શબ્દાર્થ:** **एगत्तं** - એકઠા થવું **पुहत्तं** - પૃથકત્વ, વિખરાઈ જવું **संखा** - સંખ્યા (એક, બે, ત્રણ આદિ સંખ્યા) **संठाणमेव** - સંસ્થાન (આકાર) **संजोगा** - સંયોગ **विभागा** - વિભાગ.

**ભાવાર્થ:** એકઠા થવું, વિખરાઈ જવું, સંખ્યા, આકાર, સંયોગ, વિયોગ, તે પર્યાયના લક્ષણ છે.

<u>સમ્યગ્દર્શન અને તેના પ્રકાર</u> :

**जीवाजीवा य बंधो य, पुण्णं पावासवो तहा।**

**संवरो णिज्जरा मोक्खो, संतेए तहिया णव।। १४।।**

**શબ્દાર્થ :-** **जीवा** - જીવ **अजीवा** - અજીવ **बंधो** - બંધ **पुण्णं** - પુણ્ય **पाव** - પાપ **आसवो** - આશ્રવ **संवरो** - સંવર **णिज्जरा** - નિર્જરા **मोक्खो** - મોક્ષ **एए** - આ **णव** - નવ **तहिया** - યથાતથ્ય તત્ત્વ **संति** - છે.

**ભાવાર્થ:** જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ, આ નવ તત્ત્વ છે.

**तहियाणं तु भावाणं, सब्भावे उवएसणं।**

**भावेण सद्दहंतस्स, सम्मत्तं तं वियाहियं।। १५।।**

**શબ્દાર્થ:** **तहियाणं** - યથાતથ્ય, સત્ય, તત્ત્વ **भावाणं** - ભાવોનો, જીવાદિ તત્ત્વોના **सब्भावे** - સદ્ભાવમાં, અસ્તિત્વમાં **उवएसणं** - ઉપદેશથી **भावेण**

- સ્વાભાવિક રીતે, અંત:કરણથી **सद्दहंतस्स** - શ્રદ્ધા કરનાર જીવને **सम्मत्तं** - સમ્યક્ત્વ (સમ્યગ્દર્શન) **वियाहियं** - જિનેન્દ્ર ભગવાને કહ્યું છે.

**ભાવાર્થ:** આ નવ તત્ત્વોના અસ્તિત્વની સ્વાભાવિક રીતે (પોતાની મેળે) અથવા અન્યના ઉપદેશથી શ્રદ્ધા કરવી, તેને જિનેશ્વરોએ સમ્યક્ કહ્યું છે.

**વિવેચન:** આ બે ગાથામાં સૂત્રકારે મોક્ષમાર્ગના અનિવાર્ય અંગભૂત સમ્યગ્દર્શનની વ્યાખ્યા સ્પષ્ટ કરી છે.

**સમ્યગ્દર્શન: तहियाणं तु भावणं** - પદાર્થોના તથ્યને કે સત્યને સ્વીકારવું જે ભાવો જેવા છે, તેને તે જ રૂપે જાણીને તેના પર શ્રદ્ધા કરવી, તે સમ્યગ્દર્શન છે, સમ્યગ્દર્શન આત્માના શ્રદ્ધાગુણની એક નિર્મળ પર્યાય છે. સમ્યગ્દર્શન એટલે સત્ય દર્શન, યથાર્થ દર્શન. તીર્થંકર પરમાત્માએ છ દ્રવ્યનું કે નવ તત્ત્વોનું સ્વરૂપ જે રીતે દર્શાવ્યું છે, તેને તે જ રૂપે જાણીને, સમજીને તેના ઉપર દઢ શ્રદ્ધા કરવી, તે સમ્યગ્દર્શન છે. સંક્ષેપમાં તીર્થંકર પરમાત્માના કેવળજ્ઞાન કેવળદર્શનનો શ્રદ્ધાપૂર્વકનો સ્વીકાર તે સમ્યગ્દર્શન છે.

**નવતત્ત્વ:**

**(૧) જીવતત્ત્વ :** ચૈતન્યલક્ષણ, જ્ઞાન ગુણ યુક્ત, સુખ દુ:ખને જાણે અને અનુભવે તે જીવ છે, તે ત્રૈકાલિક શાશ્વત, નિત્ય છે. તે સ્વયં પોતાના મલિન ભાવોથી કર્મો કરે છે, કરેલા કર્મોને જ ભોગવે છે અને સ્વયં પોતાના જ શુભ ભાવોથી બંધાતા કર્મોને રોકી શકે છે. સ્વયંના સવળા પુરુષાર્થથી પૂર્વકૃત કર્મોનો ક્ષય કરી શકે છે, સંક્ષેપમાં તે પોતાની વૈભાવિક શક્તિથી બંધાય છે અને સ્વાભાવિક શક્તિથી છૂટી શકે છે અર્થાત્ મોક્ષ પામે છે.

આ રીતે અનંત શક્તિનો ધારક જીવ - આત્મા છે, તે નિત્ય છે, કર્મોનો

કર્તા છે, ભોક્તા છે, મોક્ષ છે અને તેનો ઉપાય પણ છે. આ છ પદ દ્વારા જીવનું સ્વરૂપ સમજાય છે.

(૨) **અજીવતત્ત્વ :** જે જીવ નથી, જેમાં ચેતના કે જ્ઞાનાદિ ગુણ નથી, તે અજીવ છે.

(૩) **પુણ્યતત્ત્વ :** અન્ય જીવોને શારીરિક, માનસિક કે વાચિક અનુકૂળતાઓ આપવી, તેવી વિવિધ પ્રવૃત્તિઓ પુણ્યરૂપ છે અને તેના પરિણામે જીવને સર્વ પ્રકારની અનુકૂળતાઓ પ્રાપ્ત થાય છે.

(૪) **પાપતત્ત્વ :** અન્ય જીવોને મન, વચન, કાયાથી દુઃખી કરવા વગેરે હિંસાદિ ૧૮ પ્રકારની પ્રવૃત્તિઓ પાપ રૂપ છે અને તેના પરિણામે જીવને વિવિધ પ્રકારની પ્રતિકૂળતા પ્રાપ્ત થાય છે.

(૫) **આશ્રવતત્ત્વ :** રાગ-દ્વેષ આદિ વિકારી ભાવોથી જીવ કર્મ પુદ્ગલોને ખેંચે છે, કર્મને આવવાના કારણોને આશ્રવ કહે છે.

(૬) **સંવરતત્ત્વ :** કર્મને આવવાના કારણોને રોકવા, તે સંવર છે.

(૭) **નિર્જરાતત્ત્વ :** જીવ સાથે બંધાયેલા કર્મોનું છૂટી જવું, તે નિર્જરા છે.

(૮) **બંધતત્ત્વ :** જીવ અને કર્મ પુદ્ગલોનું એક-મેક થઈ જવું, તે બંધ છે.

(૯) **મોક્ષતત્ત્વ :** જીવ સાથે બંધાયેલા કર્મોનું પૂર્ણપણે છૂટી જવું. આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થવું, તે મોક્ષ છે.

આ નવ તત્ત્વોની શ્રદ્ધા સ્વયં પોતાના જ મનોભાવોથી અથવા અન્યના ઉપદેશથી થાય છે. તત્ત્વોનું રહસ્ય કદાચ ન સમજાય તેમ છતાં જિનવચન છે. તેથી તે પૂર્ણ સત્ય છે, તેવી શ્રદ્ધા કરવી અને ક્યારેક તત્ત્વોના રહસ્યોને જાણીને, સમજીને શ્રદ્ધા થાય છે.

સંક્ષેપમાં કોઈ પણ રીતે જિનવચન પર અતૂટ શ્રદ્ધાના ભાવ, શ્રદ્ધા પૂર્વકની

આત્મપરિણતિ, પ્રતીતિ કે તેમાં જ સ્થિરતા તે સમ્યગ્દર્શન છે અને તથા પ્રકારની આત્મપરિણતિવાળા જીવોનો બાહ્ય આચાર કે બાહ્ય વ્યવહાર તે વ્યવહાર સમક્તિ છે.

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માન્યતા આધારિત છે. જીવ પોતાની માન્યતાને છોડીને તીર્થંકર કથિત માન્યતાને સ્વીકારીને તેમાં જ શ્રદ્ધા કરે, તે સમ્યગ્દર્શનને પામે છે.

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પછી જ જ્ઞાન, ચારિત્ર કે તપ સમ્યગ્ રૂપે પરિણમે છે, તેથી સમ્યગ્દર્શનથી જ મોક્ષમાર્ગની ગતિનો પ્રારંભ થાય છે.

**<u>સમ્યગ્દર્શનની દસ રુચિ</u>:**

**णिसग्गुवएस रुई, आणारुई सुत्त बीयरुइमेव।**
**अभिगमवित्थाररुई, किरिया संखेव धम्मरुई ।।१६।।**

**શબ્દાર્થ:** **णिसग्गुवएस रुई** - નિસર્ગ રુચિ, ઉપદેશ રુચિ **आणारुई** - આજ્ઞા રુચિ **बीयरुइमेव** - સૂત્ર રુચિ, બીજ રુચિ **अभिगम-वित्थाररुइ** - અભિગમ રુચિ, વિસ્તાર રુચિ **किरिया-संखेव-धम्मरुइ** - ક્રિયારુચિ સંક્ષેપરુચિ, ધર્મરુચિ.

**ભાવાર્થ:** નિસર્ગરુચિ, ઉપદેશરુચિ, આજ્ઞારુચિ, સૂત્રરુચિ, બીજરુચિ, અભિગમરુચિ, વિસ્તારરુચિ, ક્રિયારુચિ, સંક્ષપરુચિ અને ધર્મરુચિ.

**भूयत्थेणाहिगया, जीवाजीवा य पुण्णपावं च।**
**ससम्मइयासव संवरो य, रोएइ उ णिसग्गो।।१७।।**

**શબ્દાર્થ:** **ससम्मइया** - સ્વસન્મતિકા, સ્વયમેવ જાતિસ્મરણ આદિ જ્ઞાન દ્વારા

**जीवा य** - જીવ અને **अजीवा** - અજીવ **पुण्ण** - પુણ્ય **पावं** - પાપ **आसव संवरो** - આસ્રવ, સંવર **य** - તથા બંધ, નિર્જરા અને મોક્ષ **भूयत्थ** - આ પદાર્થ સત્ય છે **उ** - આ પ્રકારે જેણે **अहिगया** - જાણી લીધા છે તેની **रोएइ** - રુચિ **णिसग्गो** - નિસર્ગરુચિ છે.

**ભાવાર્થ:** ગુરુ આદિના ઉપદેશ વિના પોતાના સ્વાભાવિક જ્ઞાન દ્વારા જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ અને સંવર આદિ તત્ત્વોને જાણીને, આ પદાર્થો સત્ય છે તેવી શ્રદ્ધા કરવી, તે નિસર્ગરુચિ (સમ્યક્ત્વ) છે.

**जो जिणदिट्ठे भावे, चउव्विहे सद्दहाइ सयमेव।**
**एमेव णण्णहत्ति य, णिसग्गरुइ त्ति णायव्वो।।१८।।**

**શબ્દાર્થ:** **जो** - જે જીવ **सयमेव** - સ્વયમેવ, જાતિસ્મરણ આદિ જ્ઞાન દ્વારા **जिणदिट्ठ** - જિનેશ્વરોએ જોયેલા અથવા ઉપદેશ આપેલા **भावे** - જીવાદિ તત્ત્વોને **चउव्विहे** - ચાર પ્રકારે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી **एमेव** - તે આ પ્રકારે જ છે **णण्णहत्ति** - અન્યથા નથી **सद्दहाइ** - શ્રદ્ધા કરે તે **णिसग्गरुइ त्ति** - નિસર્ગ રુચિ છે **णायव्वो** - જાણવી જોઈએ.

**ભાવાર્થ:** અન્યના ઉપદેશ વિના સ્વયમેવ જિનેશ્વર કથિત જીવાદિ નવ તત્ત્વોને દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ, તે ચાર પ્રકારે જાણે, તે ભાવો તેમજ છે, અન્ય પ્રકારે નથી, તેવી શ્રદ્ધા કરવી, તે નિસર્ગ રુચિ છે, તેમ જાણવું જોઈએ.

**एए चेव उ भावे, उवइट्ठे जो परेण सद्दहइ।**
**छउमत्थेण जिणेण व, उवएसरुइ त्ति णायव्वो।।१९।।**

**શબ્દાર્થ:** जिणेण - જિનેન્દ્ર પાસેથી परेण - બીજા छउमत्थेण - છદ્મસ્થ ગુરુઓ પાસેથી उवइट्ठे - ઉપદેશ સાંભળીને एए चेव - આ भावे - જીવાદિ તત્ત્વોને उवएसरुइ त्ति - ઉપદેશ રુચિ णायव्वो - જાણવી જોઈએ.

**ભાવાર્થ:** જે જીવ જિનેન્દ્ર પાસેથી અથવા અન્ય છદ્મસ્થ ગુરુ પાસેથી ઉપદેશ સાંભળીને આ જીવાદિ તત્ત્વો પર શ્રદ્ધા રાખે છે, તે ઉપદેશ રુચિ છે, તેમ જાણવું જોઈએ.

**रागो दोसो मोहो, अण्णाणं जस्स अवगयं होइ।**
**आणाए रोयंतो, सो खलु आणारुई णाम।। २०।।**

**શબ્દાર્થ:** रागो - રાગ दोसो - દ્વેષ मोहो - મોહ अण्णाणं - અજ્ઞાન अवगयं - અંશત:નષ્ટ होइ - થયું છે आणाए - જિનાજ્ઞાથી કે ગુરુ આજ્ઞાથી रोयंतो - જીવાદિ તત્ત્વો પર રુચિ રાખે છે सो - તે खलु - ખરેખર, નિશ્ચયથી आणारुई णाम - આજ્ઞારુચિ છે.

**ભાવાર્થ:** જેના રાગ, દ્વેષ, મોહ, અજ્ઞાન અંશત:નષ્ટ થયા છે અને જિનાજ્ઞાથી જીવાદિ તત્ત્વો પર રુચિ રાખે છે, તે ખરેખર આજ્ઞારુચિવાળો છે.

**जो सुत्तमहिज्जंतो, सुएण ओगाहइ उ सम्मत्तं।**
**अंगेण बहिरेण व, सो सुत्तरुइ त्ति णायव्वो।।२१।।**

**શબ્દાર્થ:** सुत्तं - સૂત્ર, શ્રુત अहिज्जंतो - ભણતાં अंगेण - અંગપ્રવિષ્ટ बहिरेण - અંગબાહ્ય सुएण - સૂત્રોથી सम्मत्तं - સમ્યક્ત્વ ओगाहइ - પ્રાપ્ત કરે सो - તે सुत्तरुइ त्ति - સૂત્રરુચિ.

**ભાવાર્થ :** અંગ પ્રવિષ્ટ અથવા અંગબાહ્ય સૂત્રોનો અભ્યાસ કરતાં શ્રુતજ્ઞાનથી જે સમ્યક્ત્વ પ્રાપ્ત થાય, તે સૂત્રરુચિ છે, તેમ જાણવું જોઈએ.

**एगेण अणेगाइं पयाइं, जो पसरइ उ सम्मत्तं।**
**उदएव्व तेल्लबिंदू, सो बीयरुइ त्ति णायव्वो।।२२।।**

**શબ્દાર્થ : उदएव्व तेल्लबिंदू** - જે રીતે પાણીમાં પડેલું તેલનું બિંદુ ફેલાઈ જાય છે **जो** - જેનું **सम्मत्तं** - સમ્યક્ત્વ **एगेण** - જીવાદિ એક પદથી **अणेगाइं** - અનેક **पयाइं** - પદોમાં **पसरइ** - ફેલાઈ જાય છે **सो** - તે **बीयरुइ त्ति** - બીજ રુચિ.

**ભાવાર્થ :** પાણીમાં પડેલાં તેલના બિંદુની જેમ જે સમ્યક્ત્વ એક પદથી અનેક પદમાં ફેલાય જાય, તે બીજરુચિ છે, તેમ જાણવું જોઈએ.

**सो होइ अभिगमरुई, सुयणाणं जेण अत्थओ दिट्ठं।**
**एक्कारस अंगाइ, पइण्णगं दिट्ठिवाओ य।।२३।।**

**શબ્દાર્થ : जेण** - જેણે **एक्कारस** - અગિયાર **अंगाइं** - અંગ **पइण्णगं** - પ્રકીર્ણ સૂત્ર **दिट्ठिवाओ** - દૃષ્ટિવાદ તથા ઉપાંગ સૂત્રોમાં **सुयणाणं** - શ્રુતજ્ઞાન છે તે **अत्थओ** - અર્થરૂપથી **दिट्ठं** - જાણી લીધું છે **अभिगमरुई** - અભિગમ રુચિ **होइ** - છે.

**ભાવાર્થ :** અગિયાર અંગ સૂત્ર, બારમું દૃષ્ટિવાદ અંગસૂત્ર અને પ્રકીર્ણક સૂત્રોરૂપ શ્રુતજ્ઞાન જેણે અર્થ સહિત જાણી લીધું છે તેની શ્રુતજ્ઞાનયુક્ત જે શ્રદ્ધા હોય છે તે અભિગમ રુચિ છે. તેમ જાણવું જોઈએ.

**दव्वाण सव्वभावा, सव्वपमाणेहिं जस्स उवलद्धा।**

**सव्वाहिं णयविहीहिं य, वित्थाररुइ त्ति णायव्वो।।२४।।**

**શબ્દાર્થ:** जस्स - જેણે दव्वाण - દ્રવ્યોના सव्वभावा - સમસ્ત ભાવો, પર્યાયો सव्वपमाणेहिं - પ્રત્યક્ષાદિ બધા પ્રમાણોથી सव्वाहिं - સર્વ णयविहीहिं - નૈગમાદિ નયોથી उवलद्धा - જાણી લીધા છે वित्थाररुइ त्ति - વિસ્તાર રુચિ.

**ભાવાર્થ:** જેણે દ્રવ્યોના સર્વ ભાવોને સર્વ પ્રમાણોથી અને નૈગમાદિ સર્વ નયવિધિથી જાણી લીધા છે, તે વિસ્તાર રુચિ છે, તેમ જાણવું જોઈએ.

**दंसण णाण चरित्ते, तवविणए सच्चसमिइ गुत्तीसु।**

**जो किरिया भावरुई, सो खलु किरियारुई णाम।। २५।।**

**શબ્દાર્થ:** दंसणणाणचरित्ते - દર્શન, જ્ઞાન, ચારિત્ર तव विणए - તપ, વિનય सच्चसमिइ-गुत्तीसु - સત્ય, સમિતિ, ગુપ્તિ किरिया-भावरुई - ક્રિયાઓનું પાલન કરવામાં ભાવપૂર્વક રુચિ રાખે છે सो - તે खलु - ખરેખર, નિશ્ચયથી किरियारुई णाम - ક્રિયા રુચિ છે.

**ભાવાર્થ:** દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, વિનય, સત્ય, સમિતિ અને ગુપ્તિ આદિ ક્રિયાઓના પાલનમાં ભાવપૂર્વક રુચિ છે તે ખરેખર ક્રિયા રુચિ છે.

**अणभिग्गहियकुदिट्ठी, संखेवरुइ त्ति होइ णायव्वो।**

**अविसारओ पवयणे, अणभिग्गहिओ य सेसेसु।।२६।।**

**શબ્દાર્થ:** अणभिग्गहियकुदिट्ठ - જેણે મિથ્યામત ગ્રહણ કર્યો નથી सेसेसु - શેષ

કપિલ આદિના સિદ્ધાંતોને પણ ભણ્યા નથી **पवयणे** - જિન પ્રવચનમાં **अविसारओ** - વિશારદ નથી **संखेवरुइ त्ति** - સંક્ષેપ રુચિ **होइ** - હોય છે **णायव्वो** - જાણવું જોઈએ.

**ભાવાર્થ:** જેણે મિથ્યામતને ગ્રહણ કર્યો નથી, જે જિન પ્રવચનમાં વિશારદ નથી તેમજ જિનમત સિવાય અન્ય મતના શાસ્ત્રોને પણ સ્વીકાર્યો નથી પરંતુ જે અલ્પબોધથી તત્ત્વ શ્રદ્ધાવાન છે, તે તેની સંક્ષેપ રુચિ છે, તેમ જાણવું જોઈએ.

**जो अत्थिकायधम्मं, सुयधम्मं खलु चरित्तधम्मं च।**
**सद्दहइ जिणाभिहियं, सो धम्मरुइ त्ति णायव्वो।।२७।।**

**શબ્દાર્થ:** **जिणाभिहियं** - જિનેન્દ્ર ભગવાને કહેલા **अत्थिकाय धम्मं** - ધર્માસ્તિકાય આદિ દ્રવ્ય તથા તેના ગતિ સ્થિતિ આદિ ધર્મ **सुय धम्मं** - શ્રુતધર્મની **चरित्त धम्मं** - ચારિત્ર ધર્મની **सद्दहइ** - શ્રદ્ધા કરે છે **धम्मरुइ त्ति** - ધર્મરુચિ છે.

**ભાવાર્થ:** જિનેન્દ્ર ભગવાને કહેલા ધર્માસ્તિકાયાદિ અસ્તિકાયધર્મોમાં તથા શ્રુતધર્મ અને ચારિત્રધર્મમાં શ્રદ્ધા કરે છે, તે ધર્મરુચિ છે, તેમ જાણવું.

**સમ્યગ્દર્શનના પોષક તત્ત્વો:**

**परमत्थ संथवो वा, सुदिट्ठ परमत्थ सेवणा वा वि।**
**वावण्ण कुदंसण वज्जणा, य सम्मत्त सद्दहणा।।२८।।**

**શબ્દાર્થ:** **परमत्थसंथवो** - પરમ અર્થનો સંસ્તવ-પરિચય, જીવાદિ તત્ત્વોનું જ્ઞાન પ્રાપ્ત કરીને તેનું મનન કરવું **सुदिट्ठपरमत्थसेवणा** - સુદૃષ્ટ પરમાર્થ સેવન. જેમણે પરમ અર્થને સારી રીતે જાણ્યો છે તેવા આચાર્ય આદિની સેવા કરવી **वावण्ण** -

સમ્યક્ત્વથી પતિત થયેલા, વ્યાપન્ન **कुदंसण** - કુદર્શની, મિથ્યાદર્શની, **वज्जणा** - ત્યાગ કરવો **सम्मत्त सद्दहणा** - સમ્યક્ત્વની શ્રદ્ધાન છે.

**ભાવાર્થ:** ૧) આત્મા, જીવાદિ તત્ત્વો અને જિન પ્રવચન રૂપ પરમ અર્થનો સારી રીતે પરિચય કરવો, ૨) પરમ અર્થને પ્રાપ્ત કર્યો છે, તેવા આચાર્ય આદિની સેવા કરવી, ૩) સમ્યક્ત્વથી પતિત થયેલાની અને ૪) મિથ્યાદર્શનીની સંગતિનો ત્યાગ કરવો, તે સમ્યક્ત્વની શ્રદ્ધાન છે.

**સમ્યગ્દર્શનની મહત્તા:**

**णत्थि चरित्तं सम्मत्तविहूणं, दंसणे उ भइयव्वं।**

**सम्मत्त चरित्ताइं जुगवं, पुव्वं वा सम्मत्तं।।२९।।**

**શબ્દાર્થ :- सम्मत्तविहूणं** - સમ્યક્ત્વ વિના **चरित्तं** - ચારિત્ર **णत्थि** - હોતું નથી **दंसणे** - સમ્યગ્દર્શનમાં **भइयव्वं** - ચારિત્રની ભજના છે **सम्मत्तचरित्ताइं** - સમ્યક્ત્વ અને ચારિત્ર **जुगवं** - એક સાથે (યુગપત્) હોઈ શકે **पुव्वं** - પહેલાં **सम्मत्तं** - સમ્યક્ત્વ હોય છે.

**ભાવાર્થ :-** સમ્યક્ત્વ વિના ચારિત્ર હોતું નથી. સમ્યક્ત્વમાં ચારિત્રની ભજના છે. સમ્યક્ત્વ અને ચારિત્ર એક સાથે પણ હોય શકે છે અને પહેલાં સમ્યક્ત્વ પ્રાપ્ત થાય, પછી ચારિત્ર પ્રાપ્ત થાય તેમ પણ બની શકે છે.

**णादंसणिस्स णाणं, णाणेण विणा ण हुंति चरणगुणा।**

**अगुणिस्स णत्थि मोक्खो, णत्थि अमोक्खस्स णिव्वाणं।।३०।।**

**શબ્દાર્થ: अदंसणिस्स** - સમ્યગ્દર્શન રહિત વ્યક્તિને **णाणं** - જ્ઞાન **ण** - નથી

**णाणेण** - સમ્યગ્જ્ઞાન **विणा** - વિના **चरणगुणा** - ચારિત્રગુણ, ભાવ ચારિત્ર **ण हुंति** - પ્રગટ થતું નથી **अगुणिस्स** - ચારિત્રગુણ રહિતને **मोक्खो** - કર્મથી મુક્તિ **णत्थि** - થતી નથી **अमोक्खस्स** - મોક્ષ થાય વિના, કર્મ મુક્ત થયા વિના **णिव्वाणं** - નિર્વાણ, સિદ્ધ પદની પ્રાપ્તિ **णत्थि** - થતી નથી.

**ભાવાર્થ :** સમ્યગ્દર્શન રહિત જીવને સમ્યગ્જ્ઞાન થતું નથી, સમ્યગ્જ્ઞાન વિના ચારિત્ર ગુણો પ્રગટ થતા નથી અર્થાત્ ભાવ ચારિત્ર પ્રાપ્ત થતું નથી. ચારિત્રગુણ રહિત (ભાવ ચારિત્ર રહિત) જીવને કર્મોથી મુક્તિ થતી નથી. કર્મોથી મુક્તિ વિના નિર્વાણ એટલે સંપૂર્ણ આત્મશાંતિ, સિદ્ધાવસ્થાની પ્રાપ્તિ થતી નથી.

**સમ્યગ્દર્શનના આઠ આચાર :**

**णिस्संकिय णिक्कंखिय, णिव्वितिगिच्छा अमूढदिट्ठी य।**
**उवबूह थिरीकरणे, वच्छल्ल पभावणे अट्ठ।।३१।।**

**શબ્દાર્થ : णिस्संकिय** - નિ:શંકતા, જિનવચનમાં શંકા ન કરવી **णिक्कंखिय** - નિષ્કાંક્ષા, પરદર્શનની કે સુખની આકાંક્ષા ન કરવી **णिव्वितिगिच्छा** - નિર્વિચિકિત્સા. ધર્મકરણીના ફળમાં સંદેહશીલ ન થવું **अमूढदिट्ठी** - મૂઢતા વિનાનું એટલે સમજણસહિતનું સમ્યગ્ દર્શન હોવું, જ્ઞાન ગર્ભિત સમ્યગ્ દર્શન હોવું, સ્વશ્રદ્ધામાં દઢ રહેવું **उवबूह** - ઉપબૃંહણ, ગુણીજનોના ગુણોની પ્રશંસા કરવી. શ્રુત ધર્મ અને ચારિત્ર ધર્મની સ્વ-પરમાં વૃદ્ધિ કરવી, પુષ્ટિ કરવી **थिरीकरणे** - સ્થિરીકરણ, ધર્મથી ડગી જતાં જીવોને ધર્મમાં સ્થિર કરવા **वच्छल्ल** - વાત્સલ્ય, સાધર્મીઓ પ્રત્યે પ્રેમભાવ, અહોભાવ રાખવો **पभावणे** - પ્રભાવના જૈનધર્મની

ઉન્નતિ માટે પ્રયત્ન કરવો **अट्ठ** - આ આઠ દર્શનાચાર છે.

**ભાવાર્થ:** (૧) નિ:શંકતા, (૨) નિષ્કાંક્ષા, (૩) નિર્વિચિકિત્સા, (૪) અમૂઢ દૃષ્ટિ-જ્ઞાન ગર્ભિત દૃષ્ટિ, (૫) ઉપબૃંહણ-પુષ્ટીકરણ, (૬) સ્થિરીકરણ, (૭) વાત્સલ્ય અને (૮) પ્રભાવના, એ આઠ સમકિતના અંગ (દર્શનાચાર) છે.

**વિવેચન:**

પ્રસ્તુત ગાથામાં સમ્યગ્દર્શનના આઠ આચારનું નિરૂપણ છે.

જે વ્યક્તિને જીવ-અજીવ આદિ તત્ત્વોના જ્ઞાન સાથે નવેય તત્ત્વોની યથાર્થ શ્રદ્ધા થઈ જાય ત્યારે એને સમ્યગ્દર્શન ગુણ પ્રગટ થાય છે. એક સમ્યગ્દર્શન ગુણના પ્રગટીકરણ સાથે આત્મામાં અન્ય અનેક ગુણો પ્રગટ થાય છે. સૂત્રકારે અહીં તેવા આઠ ગુણોનું નિરૂપણ કર્યું છે.

**(૧) નિશંકતા:** જિનકથિત ભાવો ઈન્દ્રિયગમ્ય હોતા નથી, જેમ કે નિગોદ, કંદમૂળમાં અનંત જીવો છે. તે જીવોનું સાધારણ શરીર છે. એક જ શરીરમાં અનંત જીવો સાથે રહે છે, તે અનંત જીવો એક સાથે જ આહારાદિ ક્રિયાઓ કરે છે, તેમ જ સ્વર્ગ-નરકની શાસ્ત્રોક્ત વાતોને સાંભળીને જિનવચનમાં શંકા થાય છે. તેમ જ આજના પરમાણુ યુગમાં પ્રતિદિન નવા નવા આવિષ્કારો થતાં હોય, તેમાં કેટલીક વાતો આપણને શાસ્ત્ર સંમત ન લાગે, વૈજ્ઞાનિકોના પ્રત્યક્ષ પુરાવા જોઈને જિનવચનમાં શંકા થાય, ત્યારે શ્રદ્ધાને દૃઢ બનાવવી જરૂરી છે, કારણકે વિજ્ઞાન વિકસતું જ્ઞાન છે, તે પૂર્ણ નથી પરંતુ જિનવચનો સર્વજ્ઞકથિત હોવાથી તે પૂર્ણ સત્ય છે, તેવી શ્રદ્ધા રાખી કોઈ પણ પરિસ્થિતિમાં તેનો નિશંકપણે સ્વીકાર કરવો, તે નિશંકતા ગુણ છે.

**(૨) નિષ્કાંક્ષા :** અન્ય ધર્મોના આડંબરો કે ચમત્કારો જોઈને તેના પ્રતિ આકર્ષિત ન થવું કે તેની પ્રશંસા ન કરવી, તે નિષ્કાંક્ષા ગુણ છે. પરમાત્માના વચનાનુસાર વર્તમાને એક ધર્મના અનેક ભેદ, વિવિધ વિચારધારાઓ દેખાય છે, તેમાં ક્યારેક બાહ્ય વૈભવ, વાક્ ચાતુર્ય કે ક્યાંક ચમત્કારો જોઈને તેના પ્રતિ આકર્ષિત થયા વિના વિતરાગધર્મ જ પૂર્ણ સત્ય છે. તેમ સમજીને તેનાથી ચલિત ન થવું, ચિત્તને ચંચળ ન બનાવવું, તે નિષ્કાંક્ષા ગુણ છે, સ્થિરતા અને ધીરજ સમ્યગ્દર્શનને દઢ બનાવે છે.

અથવા ધર્માચરણના ફળ સ્વરૂપે ભૌતિક સુખની આકાંક્ષા ન રાખવી, તે નિષ્કાંક્ષા છે.

**(૩) નિર્વિકિત્સા :** ધર્મકરણીના ફળમાં સંદેહ ન રાખવો, ક્યારેક પૂર્વકૃત કર્મો ગાઢ કે નિકાચિત હોય, વર્ષો સુધી ધર્માચરણ કરવા છતાં તેનું ફળ દેખાતું નથી, ત્યારે સાધકની શ્રદ્ધા ચલિત થાય છે, તેને ધર્મના ફળ વિષયક સંદેહ થાય છે અને 'ધર્મીને ત્યાં જ ધાડ પડે છે', એવા અસત્ય વચનોનું ઉચ્ચારણ થાય છે, પરંતુ આ કથન યોગ્ય નથી કારણકે કોઈપણ કર્મનો અબાધાકાળ પૂર્ણ થાય, પછી જ તેનું ફળ પ્રગટ થાય છે. ક્યારેક દીર્ઘસ્થિતિનું કર્મ હોય, તો તેનો અબાધાકાળ પણ લાંબો હોય છે, તેથી તેનું ફળ દીર્ઘકાળ પછી પ્રગટ થાય, ત્યારે ધર્મનું ફળ નથી, તેવી શંકા કરવી નહીં. વાસ્તવમાં કરેલી ધર્મારાધના ક્યારે ય નિષ્ફળ જતી જ નથી, કરેલા શુભ-અશુભ કર્મોનું ફળ કર્તાને મળે જ છે, આવી કર્મ અને ધર્મના સિદ્ધાંતની દઢતમ શ્રદ્ધા તે નિર્વિચિકિત્સા છે.

**(૪) અમૂઢદષ્ટિ :** દેવમૂઢતા, ગુરુમૂઢતા, ધર્મમૂઢતા, શાસ્ત્રમૂઢતા, લોકમૂઢતા આદિ મૂઢતાઓ છે. તે મૂઢતાથી રહિત થવું તે અમૂઢદષ્ટિ છે. **દેવમૂઢતા :** ભૌતિક સુખ સમૃદ્ધિ માટે રાગી-દ્વેષી દેવોની ઉપાસના કરવી. **ગુરુમૂઢતા :** આરંભ-પરિગ્રહમાં આસક્ત, હિંસાદિમાં પ્રવૃત્ત માત્ર વેશધારી સાધુને અથવા ગૃહસ્થને ગુરુ માનવા. **ધર્મમૂઢતા :** આરંભજન્ય ક્રિયાકાંડોને ધર્મ માનવો. **શાસ્ત્રમૂઢતા :** હિંસાદિની પ્રેરણા કરનાર, અસત્ય કલ્પના પ્રધાન, રાગદ્વેષયુક્ત દૂષિત ગ્રંથોને શાસ્ત્ર માનવા. **લોકમૂઢતા :** લોકોમાં પ્રચલિત કુરૂઢિઓ અથવા કુપ્રથાઓને ધર્મ માનવો. આ સર્વ પ્રકારની મૂઢતાનો ત્યાગ કરી, આગમજ્ઞાન ગર્ભિત યથાર્થ સમજણ રાખવી, સત્ય - અસત્યનો ભેદ કરીને સત્યનો જ સ્વીકાર કરવો તે અમૂઢદષ્ટિ છે. એકાંતવાદી કે કુપથગામીઓની પ્રશંસા, સ્તુતિ, સેવા, સંપર્ક અતિ પરિચય કરીને તેમાં આકર્ષાવું તે પણ મૂઢદષ્ટિ કહેવાય છે. અમૂઢ દષ્ટિવાળો આત્મા ક્રમશ : ક્ષાયક સમકિતને પ્રાપ્ત કરનાર થાય છે.

**(૫) ઉપબૃંહણ :** તેના ત્રણ અર્થ છે (૧) પ્રશંસા (૨) વૃદ્ધિ (૩) પુષ્ટિ. જેમ કે - (૧) ગુણીજનોના ગુણોની પ્રશંસા કરીને તે ગુણો પ્રાપ્ત કરવા પુરુષાર્થ કરવો. (૨) ક્ષમા, મૃદુતા વગેરે પોતાના આત્મગુણોની વૃદ્ધિ કરવી. (૩) સમ્યગ્દર્શનની પુષ્ટિ કરવી. આ ગુણથી સમક્તિ પુષ્ટ થાય અને ગુણદ્રષ્ટિ કેળવાય તેમ જ ધર્મની ભક્તિ થાય. ગુણીજનોની પ્રશંસા વગેરેથી અનેક વ્યક્તિ જિનશાસનને પામે છે. એક વ્યક્તિને જિનશાસનમાં જોડવો, તે ભદ્રપુણ્યબંધનું કાર્ય છે અને ભવિષ્યમાં આપણને જિનશાસનની પ્રાપ્તિ કરાવે છે. આ રીતે ઉપબૃંહણ ગુણ સ્વ-પર ને માટે લાભનું કારણ બને છે.

**(૬) સ્થિરીકરણ :** સમ્યક્ત્વ અથવા ચારિત્રથી ચલાયમાન થતાં વ્યક્તિઓને પુન: તે માર્ગમાં સ્થિર કરી દેવા તે સ્થિરીકરણ છે. આ ગુણ સ્વપર ઉપકારક થાય છે. વર્તમાનના ઘોર કળિયુગમાં સામાન્ય જનસમાજ ધર્મથી વિમુખ બની રહ્યો છે. તેને ધર્મ અને ધર્મગુરુઓની ઉપકારિતા સમજાવીને ધર્મમાં સ્થિર કરવા.

**(૭) વાત્સલ્ય :** સાધર્મિક પ્રત્યે હાર્દિક અને નિ:સ્વાર્થ અનુરાગ કે વાત્સલ્ય ભાવ રાખવો તથા સાધર્મિક સાધુવર્ગ અને શ્રાવકવર્ગની સેવા કરવી. તેને જિનશાસન કે દેવ, ગુરુ, ધર્મ પ્રતિ સદ્ભાવ ટકી રહે તે માટે તેની વર્તમાનની આવશ્યકતા અનુસાર સર્વ પ્રકારની અનુકુળતા આપવાનો પ્રયત્ન કરવો. શ્રાવકોએ દાનધર્મમાં સાધર્મિક ભક્તિને પ્રધાનતા આપવી. સાધર્મિકોની સેવા કે ભક્તિ તે જિનશાસનની સેવા કે ભક્તિ છે તેવા બહુમાનથી તેના પ્રતિ વાત્સલ્યભાવ રાખવો. આ ગુણથી અન્ય વ્યક્તિઓને ધર્મ પ્રતિ અનુરાગની વૃદ્ધિ થાય છે.

**(૮) પ્રભાવના :** પ્રભાવના જે વ્યવહારથી અન્ય જીવો ધર્મથી ભાવિત કે પ્રભાવિત થાય તે, વ્યવહારને પ્રભાવના રહે છે, જેમ કે નિષ્કામ ભાવે વૈરાગ્યપૂર્ણ પ્રવચનો આપવા, જિનવચનનો પ્રસાર થાય, તે લક્ષ્યથી તથા પ્રકારનું સાહિત્ય પ્રકાશિત કરવુ, વિશિષ્ટ તપ સાધના કરવી, સાધુનું ગ્રામાનુગ્રામ વિચરણ વગેરે પ્રવૃત્તિઓ દ્વારા ધર્મની પ્રભાવના થાય છે. સર્વ જીવો જિનશાસનને પામે, તેવી શુદ્ધ ભાવનાથી કરેલું કાર્ય જ પ્રભાવના બને છે.

સમ્યગ્ દર્શનના આ આઠ આચારોમાંથી નિ:શંકતા આદિ પ્રથમ ચાર અંતરંગ ગુણરૂપ છે અને શેષ ચાર બાહ્ય આચાર રૂપે પ્રગટ થાય છે.

આ આઠ આચારોનું ઉલ્લંઘન થાય, તો તે સમકિતના અતિચાર બની જાય

છે. જૈનાગમોમાં સમકિતના પાંચ અતિચારનું કથન છે-શંકા, કાંક્ષા, વિચિકિત્સા, પરપાસંડ પ્રશંસા અને પરપાસંડ પિરચય. પ્રથમ ત્રણ આચારના ઉલ્લંઘનરૂપ ત્રણ અતિચાર છે અને શેષ પાંચ આચારના અભાવમાં કોઈ પણ અતિચાર થઈ શકે છે. સંક્ષેપમાં પ્રસ્તુત ગાથામાં કથિત સમકિતના આઠ આચારોના પાલનથી અતિચાર રહિત શુદ્ધ, નિર્મળ અને દઢ સમકિતની પ્રાપ્તિ થાય છે.

**સમ્યક્ ચારિત્ર:**

**सामाइयत्थ पढमं, छेदोवट्ठावणं भवे बीयं।**

**परिहार विसुद्धीयं, सुहुमं तह संपरायं च ।। ३२।।**

**શબ્દાર્થ:** अत्थ - ત્યાર પછી पढमं - પ્રથમ सामाइयं - સામાયિક बीयं - બીજું छेदोवट्ठावणं - છેદોપસ્થાપનીય भवे - હોય છે परिहार विसुद्धीयं - ત્રીજું પરિહાર વિશુદ્ધિ सुहुमं संपरायं - ચોથું સૂક્ષ્મ-સંપરાય ચારિત્ર છે.

**ભાવાર્થ:** ત્યાર પછી પહેલું સામાયિક ચારિત્ર, બીજું છેદોપસ્થાપનીય ચારિત્ર, ત્રીજું પરિહાર વિશુદ્ધ ચારિત્ર, ચોથું સૂક્ષ્મ સંપરાય ચારિત્ર છે.

**अकसायमहक्खायं, छउमत्थस्स जिणस्स वा।**

**एयं चयरित्तकरं, चारित्तं होइ आहियं।।३३।।**

**શબ્દાર્થ:** अकसायं - કષાયના ક્ષય કે ઉપશમથી થનારું, કષાય રહિત अहक्खायं - પાંચમું યથાખ્યાત ચારિત્ર छउमत्थस्स - અગિયારમા અથવા બારમા ગુણસ્થાનવર્તી છદ્મસ્થ મુનિનું जिणस्स — કેવળી ભગવાનનું एयं - આ પાંચેય પ્રકારના चारित्तं - ચારિત્ર चयरित्तकरं - સંચિત કર્મોના ખજાનાનો રિક્ત

(ખાલી) કરનાર **होइ** - છે **आहियं** - એમ જિનેન્દ્ર ભગવાને કહ્યું છે.

**ભાવાર્થ :** કષાય રહિત પાંચમું યથાખ્યાત ચારિત્ર છદ્મસ્થ મુનિને અથવા કેવળી ભગવંતોને હોય છે. આ પાંચય પ્રકારના ચારિત્ર પૂર્વ સંચિત કર્મોને રિક્ત-ખાલી કરે છે, તેથી તેને ચારિત્ર કહે છે.

**तवो य दुविहो वुत्तो, बाहिरब्भंतरो तहा।**

**बाहिरो छव्विहो वुत्तो,एवमब्भंतरो तवो।।३४।।**

**શબ્દાર્થ :** **तवो** - તપ **दुविहो** - બે પ્રકારના **वुत्तो** - કહ્યા છે **बाहिरब्भंतरो तहा** - બાહ્ય તપ અને આભ્યંતર તપ **बाहिरो** - બાહ્ય તપ **छव्विहो** - છ પ્રકારના **एवं** - એ પ્રમાણે **अब्भंतरो** - આભ્યંતર તપ.

**ભાવાર્થ :** તપના બે પ્રકાર કહ્યા છે - બાહ્ય તપ અને આભ્યંતર તપ. બાહ્ય તપના છ પ્રકાર છે અને તે જ રીતે આભ્યંતર તપના પણ છ પ્રકાર છે.

**વિવેચન :** પ્રસ્તુત ગાથામાં મોક્ષના ચોથા સાધન-તપના ભેદ-પ્રભેદનું કથન છે.

**જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપની ઉપયોગિતા :**

**णाणेण जाणइ भावे, दंसणेण य सद्दहे।**

**चारित्तेण णिगिण्हाइ, तवेण परिसुज्झइ।।३५।।**

**શબ્દાર્થ :** **णाणेण** - જ્ઞાનથી **भाव** - પદાર્થોને, તત્ત્વોને **जाणइ** - જાણે છે **दंसणेण** - દર્શનથી **सद्दहे** - શ્રદ્ધા કરે છે **चारित्तेण** - ચારિત્રથી **णिगिण्हाइ** - આશ્રવ નિરોધરૂપ સંવર કરે છે **तवेण** - તપથી **परिसुज्झइ** - પૂર્વકૃત કર્મોનો ક્ષય કરી પરીશુદ્ધ થાય છે.

**ભાવાર્થ :** આત્મા જ્ઞાનથી જીવાદિ તત્ત્વોને જાણે છે, દર્શનથી તેના પર શ્રદ્ધા કરે છે, ચારિત્રથી આશ્રવ નિરોધરૂપ સંવર કરે છે અને તપથી પૂર્વકૃત કર્મોનો ક્ષય કરી પરિશુદ્ધ થાય છે.

**खवित्ता पुव्वकम्माइं, संजमेण तवेण य।**

**सव्वदुक्ख पहीणट्ठा, पक्कमंति महेसिणो।। त्ति बेमि।।३६।।**

**શબ્દાર્થ :** **महेसिणो** - મહર્ષિ **संजमेण** - સંયમથી **तवेण** - તપથી **पुव्वकम्माइं** - પૂર્વકૃત કર્મોનો **खवित्ता** - ક્ષય કરીને **सव्वदुक्ख-पहीणट्ठा** - બધા દુ:ખોથી રહિત થવા માટે **पक्कमंति** - જ્ઞાન દર્શન ચારિત્રમાં પરાક્રમ કરે છે.

**ભાવાર્થ :** સંયમ અને તપથી પૂર્વકૃત કર્મોનો ક્ષય કરીને સર્વ દુ:ખોનો ક્ષય કરવા મહર્ષિઓ જ્ઞાન, દર્શન ચારિત્રમાં પરાક્રમ કરે છે, તેના ફલ સ્વરૂપ તેઓ સિદ્ધગતિ પ્રાપ્ત કરે છે.

**ઉપસંહાર :** તીર્થંકર કે કેવળી ભગવાન વિહૂણા આ પંચમકાળના સાધકો માટે આ અધ્યયન દીવાદાંડી રૂપ છે. માત્ર ૩૬ ગાથામાં સંપૂર્ણ સાધનામાર્ગ પ્રગટ થાય છે. સમ્યગ્દર્શનનું સ્વરૂપ, તેની દસ રુચિ, સમ્યગ્દર્શનની પુષ્ટિ માટે શાસ્ત્રકારે આપેલી હિતશિક્ષા તેમ જ સમકિતી જીવોનો આચાર વગેરે વિષયોનું વિસ્તૃત વર્ણન ખરેખર રોચક અને પ્રેરક છે. તે સમકિતીને સ્થિર કરે છે અને અન્ય જીવોને સમકિત પ્રાપ્તિ માટે ચોક્કસપણે પ્રેરિત કરે છે.

સંક્ષેપમાં મોક્ષ પ્રાપ્તિ માટે મુમુક્ષુએ નિરંતર જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ એ ચારેયની સુમેળ પૂર્વક આરાધના કરવી જોઈએ. તે આરાધનાની સફળતા માટે આ અધ્યયન સદા મનનીય, સ્મરણીય અને આદરણીય છે.

# ૨૩. ત્રેવીસ પદવી

જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર વક્ષસ્કાર-૩ તથા પન્નવણા સૂત્ર પદ-૨૦

નવ ઉત્તમ પદવી, સાત એકેન્દ્રિય રત્નની પદવી, સાત પંચેન્દ્રિય રત્નની પદવી. એમ મળી કુલ ત્રેવીસ પદવી.

**નવ ઉત્તમ પદવીના નામ :**

(૧) તીર્થંકરની પદવી, (૨) ચક્રવર્તીની પદવી, (૩) વાસુદેવની પદવી, (૪) બળદેવની પદવી, (૫) માંડલિકની પદવી, (૬) કેવળીની પદવી, (૭) સાધુની પદવી, (૭) શ્રાવકની પદવી, (૯) સમકિતની પદવી.

**સાત એકેન્દ્રિય રત્નના નામ :**

(૧) ચક્રરત્ન, (૨) છત્રરત્ન, (૩) ચર્મરત્ન, (૪) દંડરત્ન, (૫) ખડ્ગરત્ન, (૬) મણિરત્ન, (૭) કાકણ્યરત્ન.

**સાત પંચેન્દ્રિય રત્નના નામ :**

(૧) સેનાપતિ-રત્ન, (૨) ગાથાપતિ-રત્ન, (૩) વાર્ધિક-રત્ન, (૪) પુરોહિત-રત્ન, (૫) સ્ત્રી-રત્ન, (૬) ગજ-રત્ન, (૭) અશ્વ-રત્ન. એ ૧૪ રત્ન ચક્રવર્તીને હોય.

સાત એકેન્દ્રિય રત્ન અને સાત પંચેન્દ્રિય રત્ન એમ ૧૪ રત્ન ચક્રવર્તીનું જે જે કાર્ય કરે છે તે સંબંધી વિવેચન :

**સાત એકેન્દ્રિય રત્નનું કાર્ય :**

(૧) ચક્રરત્ન - છ ખંડ સાધવાનો માર્ગ દેખાડે. (૨) છત્રરત્ન - ઉ. ૧૨ યોજન

(૪૮ ગાઉ) સુધી છાયા કરે. (૩) ચર્મરત્ન - નદી, જળાશય વગેરે ઉપર નાવ માફક કામ કરે. (૪) દંડરત્ન -તમિસ્ત્ર, ખંડપ્રપાત ગુફાના દરવાજા ઉઘાડે. (૫) ખડ્ગરત્ન - શત્રુને હણે. (૬) મણિરત્ન - હસ્તીરત્નના કપાળ પર બાંધવાથી પ્રકાશ આપે. (૭) કાકણ્યરત્ન - ગુફામાં યોજન યોજનને અંતરે વર્તુળાકારે ઘસવાથી સૂર્યમંડળ સમાન પ્રકાશ આપે.

**સાત પંચેન્દ્રિય રત્નનું કાર્ય :**

(૧) સેનાપતિ-રત્ન - દેશ ઉપર વિજય મેળવે. (૨) ગાથાપતિ-રત્ન - ચોવીસ જાતિનાં ધાન્ય ઉપજાવે. (૩) વાર્ધિક-રત્ન - બેંતાલીસ ભૂમિ (માળ) ના આવાસ, પુલ વગેરે બનાવે. (૪) પુરોહિત-રત્ન - વાગ્યા ઘા રૂઝવે, વિઘ્ન ટાળે, શાંતિકર્મ કરે. ધર્મકથા સંભળાવે. (૫) સ્ત્રી-રત્ન - ચક્રવર્તીની પટરાણી હોય, તે ભોગ-વિલાસ માટે હોય છે. વિષયના ઉપભોગમાં આવે. (૬) ગજ-રત્ન, (૭) અશ્વ-રત્ન - એ બે બેસવાને કામ આવે.

**ચૌદ રત્ન ક્યાં ઉત્પન્ન થાય ?**

ચક્રવર્તી પૂર્વભવના પ્રબળ પુણ્યપ્રભાવે ૧૪ રત્નના સ્વામી બને છે. તે રત્નો ક્રમશઃ ઉત્પન્ન થાય છે. તેમાં સહુથી પ્રથમ આયુધશાળામાં ચક્રરત્ન ઉત્પન્ન થાય છે. ત્યાર પછી યથાયોગ્ય સમયે દેવો છત્રરત્ન, દંડરત્ન, ખડ્ગરત્નને આયુધશાળામાં મૂકે છે અને ચર્મરત્ન આદિ લક્ષ્મીભંડારમાં સ્થાપિત કરે છે.

(૧) ચક્રરત્ન, (૨) છત્રરત્ન, (૩) દંડરત્ન, (૪) ખડ્ગરત્ન એ ચાર શસ્ત્ર તરીકે વપરાય છે. તેથી તે ચાર રત્ન ચક્રવર્તીની આયુધશાળામાં ઉત્પન્ન થાય.

(૧) ચર્મરત્ન, (૨) મણિરત્ન, (૩) કાકણ્યરત્ન, એ ત્રણે લક્ષ્મીના ભંડારમાં ઉત્પન્ન થાય.

(૧) સેનાપતિ-રત્ન, (૨) ગાથાપતિ-રત્ન, (૩) વાર્ધિક-રત્ન, (૪) પુરોહિત-

રત્ન, ચાર ચક્રવર્તીના નગરમાં ઉત્પન્ન થાય. યથાયોગ્ય સમયે તે ચક્રવર્તી પાસે આવી જાય છે.

(૧) સ્ત્રી-રત્ન વિદ્યાધરની શ્રેણી (નગર) માં ઉત્પન્ન થાય. ચક્રવર્તી વિજયયાત્રામાં વિદ્યાધરની શ્રેણી પર વિજય પ્રાપ્ત કરે છે, ત્યારે વિદ્યાધરરાજા પોતાની પુત્રી ચક્રવર્તીને ભેટ રૂપે અર્પણ કરે છે. તે સ્ત્રીરત્ન હોય છે.

(૧) ગજ-રત્ન, (૨) અશ્વ-રત્ન એ બે વૈતાઢ્ય પર્વતના મૂળ (તળેટી) માં ઉત્પન્ન થાય.

સંક્ષેપમાં ચક્રવર્તી વિજયયાત્રા માટે પ્રયાણ કરે, ત્યારે સ્ત્રીરત્નને છોડીને શેષ સર્વ રત્નો સહિત નીકળે છે.

**સાત એકેન્દ્રિય રત્નની અવગાહના :**

(૧) ચક્રરત્ન, (૨) છત્રરત્ન, (૩) દંડરત્ન એ ત્રણ રત્ન એક ધનુષ્ય પ્રમાણ હોય. ચર્મરત્ન બે હાથનું હોય. ખડ્ગરત્ન પચાસ આંગુલ લાંબુ, સોળ આંગુલ પહોળું, અર્ધઆંગુલ જાડું હોય ને ચાર આંગુલની મુષ્ટિ હોય. મણિરત્ન ચાર આંગુલ લાંબુ, બે આંગુલ પહોળું ને તેને ત્રણ ખૂણા હોય. કાકણ્યરત્ન છએ બાજુથી ચાર આંગુલ લાંબુ, ચાર આંગુલ પહોળું, ચાર આંગુલ ઊંચું, તેને છ તલ (તળિયા), આઠ ખૂણા, બાર હાંસ્યો, સોનીની એરણને આકારે હોય. આઠ સોનૈયા જેટલું ભારે હોય છે.

**સાત પંચેન્દ્રિય રત્નની અવગાહના :**

(૧) સેનાપતિ, (૨) ગાથાપતિ, (૩) વાર્ધિક, (૪) પુરોહિત એ ચાર રત્ન ચક્રવર્તીની અવગાહના પ્રમાણે હોય. (૫) સ્ત્રી-રત્ન ચક્રવર્તીથી ચાર આંગુલ નીચી હોય. (૬) ગજ-રત્ન ચક્રવર્તીથી બમણો ઊંચો હોય. (૭) અશ્વ-રત્ન કાનથી પૂચ્છ લગી એકસો આઠ આંગુલ લાંબો હોય, તેને નવ્વાણું આંગુલની પરિધિ (ઘેરાવો) છે,

તે જમીનથી એંસી આંગુલ ઊંચો, સોળ આંગુલની જંઘા, ૨૦ આંગુલની ભુજા, ૪ આંગુલના ઢીંચણ, ચાર આંગુલની ખરી, ચાર આંગુલના કાન, બત્રીસ આંગુલનું મુખ હોય છે.

એ ત્રેવીસ પદવીના નામ તથા ચક્રવર્તીનાં ચૌદ રત્નનું વિવેચન કહ્યું.

નરકાદિ ચાર ગતિમાંથી નીકળીને જીવો ત્રેવીસ પદવીમાં કેટલી ને કઈ પદવી પામે ? **તેના પંદર બોલ :**

(૧) પહેલી નરકથી નીકળી જીવ ત્રેવીસ પદવીમાંથી સોળ પદવી પામે. તેમાં સાત એકેન્દ્રિય રત્ન નહીં. (નરકી મરીને અવશ્ય પંચેન્દ્રિયમાં જ ઉત્પન્ન થાય છે)

(૨) બીજી નરકથી નીકળી જીવ ત્રેવીસ પદવીમાંથી પંદર પદવી પામે. તેમાં સાત એકેન્દ્રિય રત્ન અને ચક્રવર્તી એ આઠ નહીં. (પહેલી નરકથી નીકળેલા જીવો જ ચક્રવર્તી થાય છે)

(૩) ત્રીજી નરકથી નીકળી જીવ તેર પદવી પામે. તેમાં સાત એકેન્દ્રિય રત્ન, ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ નહીં.

(૪) ચોથી નરકથી નીકળી જીવ બાર પદવી પામે. તેમાં સાત એકેન્દ્રિય રત્ન, ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ, તીર્થંકર નહીં. (ત્રણ નરકથી નીકળેલા જીવો જ તીર્થંકર થાય છે)

(૫) પાંચમી નરકથી નીકળી જીવ અગિયાર પદવી પામે. તેમાં ઉપરની અગિયાર અને કેવળી એ બાર નહીં. (ચાર નરકથી નીકળેલા જીવો જ કેવળી થાય છે)

(૬) છઠ્ઠી નરકથી નીકળી જીવ દશ પદવી પામે. તેમાં ઉપરની બાર ને સાધુ એ તેર નહીં. (પાંચ નરકથી નીકળેલા જીવો જ સાધુ થાય છે)

(૭) સાતમી નરકથી નીકળી જીવ ત્રણ પદવી પામે. તે (૧) ગજ, (૨) અશ્વ અને (૩) સમકિત એ ત્રણ પામે. સમકિત પામે તો તિર્યંચમાં. પણ મનુષ્ય તો થાય જ નહીં. (સાતમી નરકના નારકી મરીને તિર્યંચ પંચેન્દ્રિય જ થાય છે, તેથી

મનુષ્યને પ્રાપ્ત થતી પદવી, સાત એકેન્દ્રિય રત્નની પદવી અને શ્રાવકની પદવી પણ પ્રાપ્ત થતી નથી. છ નરકથી નીકળેલા જીવો જ શ્રાવક થાય છે)

(૮) ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષીથી નીકળી જીવ એકવીસ પદવી પામે. તે તીર્થંકર, વાસુદેવ એ બે નહીં. (તીર્થંકર અને વાસુદેવ વૈમાનિક જાતિના દેવલોકમાંથી આવે છે)

(૯) પહેલા, બીજા દેવલોકથી નીકળી જીવ ત્રેવીસ પદવી પામે.

(૧૦) ત્રીજાથી આઠમા દેવલોકથી નીકળી જીવ સોળ પદવી પામે. તેમાં સાત એકેન્દ્રિય રત્ન નહીં. (બે દેવલોક સુધીના દેવો જ પૃથ્વી, પાણી, વનસ્પતિમાં ઉત્પન્ન થાય છે)

(૧૧) નવમા દેવલોકથી નવમી ગ્રૈવેયક સુધીના દેવલોકથી નીકળી જીવ ચૌદ પદવી પામે. તે સાત એકેન્દ્રિય રત્ન, ગજ રત્ન, અશ્વ રત્ન એ નવ નહીં. (આઠ દેવલોક સુધીના દેવો જ તિર્યંચ પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થાય છે)

(૧૨) પાંચ અનુત્તર વિમાનથી નીકળી જીવ આઠ પદવી પામે. તે સાત એકેન્દ્રિય રત્ન, સાત પંચેન્દ્રિય રત્ન અને વાસુદેવ એ પંદર નહીં. (અનુત્તર વિમાનના દેવ મરીને મનુષ્ય ગતિ પામે પરંતુ તેમાં સેનાપતિ, ગાથાપતિ આદિ પંચેન્દ્રિય રત્ન થતાં નથી કારણકે અનુત્તર વિમાનમાં ગયેલો જીવ પોતાના શેષ ભવભ્રમણમાં અવશ્ય કર્મભૂમિના મનુષ્ય અને વૈમાનિક જાતિના દેવના જ ભવ કરે છે. પંચેન્દ્રિય રત્ન મરીને નરકમાં જાય છે. તેથી તે દેવો વાસુદેવ ને છોડીને શેષ આઠ ઉત્તમ પદવી પામે છે.)

(૧૩) પૃથ્વી, પાણી, વનસ્પતિ, મનુષ્ય,તિર્યંચ-પંચેન્દ્રિયથી નીકળી જીવ ઓગણીસ પદવી પામે. તે તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ એ ચાર નહીં. (તીર્થંકરાદિ નરક કે દેવગતિમાંથી જ આવે છે.)

(૧૪) તેઉ, વાયુથી નીકળી જીવ નવ પદવી પામે. તે સાત એકેન્દ્રિય, ગજ અને

અશ્વ એ નવ પામે. (તેઉ, વાયુમાંથી નીકળેલા જીવો માત્ર તિર્યંચ ગતિ ને જ પામે છે.)

(૧૫) ત્રણ વિકલેન્દ્રિય, અસંજ્ઞી તિર્યંચ પંચે., અસંજ્ઞી મનુષ્યથી નીકળી જીવ અઢાર પદવી પામે. તે તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ, કેવળી એ પાંચ નહીં. (તે જીવોની ગત પ્રમાણે સાત એકે. રત્ન, સાત પંચે. રત્નની પદવી તેમજ સાધુ, શ્રાવક, સમકિત અને માંડલિક રાજાની પદવી પામે છે.)

**કઈ કઈ પદવીવાળો જીવ નરકાદિ ચાર ગતિમાં જાય તે કહે છે:**

(૧) પહેલી, બીજી, ત્રીજી, ચોથી એ ચાર નરકમાં અગિયાર પદવીવાળો જીવો જાય. તે ૭ પંચેન્દ્રિય રત્ન, ૮. ચક્રવર્તી, ૯. વાસુદેવ, ૧૦. સમક્તિ દૃષ્ટિ,૧૧. માંડલિક રાજા એ અગિયાર. (શેષ પદવીવાળા મોક્ષ અથવા દેવગતિને પામે છે. એકે.રત્ન નરકમાં જતાં નથી.)

(૨) પાંચમી, છઠ્ઠી નરકમાં નવ પદવીનો જાય. તે સાત પંચેન્દ્રિય રત્નમાંથી ગજ અને અશ્વ એ બે વિના શેષ ૫, ૬. ચક્રવર્તી, ૭. વાસુદેવ, ૮. સમકિતી, ૯. માંડલિક રાજા, એ નવ. (સ્થલચર તિર્યંચ પંચે. ચાર નરક સુધી જ જાય છે.)

(૩) સાતમી નરકમાં સાત પદવીનો જાય. તે સાત પંચેન્દ્રિય રત્નમાંથી ગજ, અશ્વ, સ્ત્રી એ ત્રણ વિના શેષ ૪, ૫. ચક્રવર્તી, ૬. વાસુદેવ, ૭. માંડલિક રાજા એ સાત. (સમકિત સહિત કોઇ જીવ સાતમી નરકમાં ઉત્પન્ન થતાં નથી કારણકે સાત નરકના અપર્યા. એકાંત મિથ્યાત્વી છે.)

(૪) ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષીમાં બે પદવીનો જાય. ૧. સમકિતી, ૨. માંડલિક રાજા. (એકે.રત્ન, પંચે. રત્ન, ચક્રવતી, વાસુદેવ દેવગતિમાં જતાં નથી.)

પહેલાથી બારમા દેવલાકમાં ચાર પદવીનો જાય. ૧. સાધુ, ૨. શ્રાવક, ૩.

સમકિતી, ૪ માંડલિક રાજા.

(૫) નવ ગ્રૈવેયકમાં, પાંચ અનુત્તર વિમાનમાં બે પદવીનો જાય. તે સાધુ ને સમકિતી બે. (શ્રાવક કે માંડલિક રાજા બાર દેવ.સુધી જાય છે.)

(૬) પાંચ સ્થાવરમાં, અસંજ્ઞી મનુષ્યમાં આઠ પદવીનો જાય. તે સાત એકેન્દ્રિય રત્ન, એક માંડલિક રાજા એ આઠ. (તેની ગતાગત પ્રમાણે છે.)

(૭) ત્રણ વિકલેન્દ્રિય, તિર્યંચ, સંજ્ઞી મનુષ્યમાં નવ પદવીનો જાય. સાત એકેન્દ્રિય, ૧ માંડલિક, ૧ સમ્યક્દૃષ્ટિ.

સંજ્ઞી, અસંજ્ઞી, તીર્થંકર, ચક્રવર્તી વગેરેમાં ત્રેવીસ પદવીમાંથી જે જે પદવી લાભે તેના ૫૫ બોલ :

(૧) **સંજ્ઞીમાં ૧૫ પદવી લાભે :** તે સાત એકેન્દ્રિય રત્ન અને કેવળી એ આઠ નહીં. (કેવળી નોસંજ્ઞી-નોઅસંજ્ઞી છે.)

(૨) **અસંજ્ઞીમાં ૮ પદવી લાભે :** સાત એકેન્દ્રિય રત્ન ને સમકિતી તે ૮. (શેષ પદવી સંજ્ઞી જીવોને પ્રાપ્ત થાય છે.)

(૩) **તીર્થંકરમાં ૬ પદવી લાભે :** તે ૧ તીર્થંકર, ૨ ચક્રવર્તી, ૩ કેવળી, ૪ સાધુ, ૫ સમકિતી, ૬ માંડલિક, એ છ લાભે. (માંડલિક રાજા અને ચક્રવર્તીની પદવી ગૃહસ્થપણામાં હોય છે.)

(૪) **ચક્રવર્તીમાં ૬ પદવી લાભે તે તીર્થંકર પ્રમાણે.** (ચક્રવર્તીનું પદ છોડે ત્યાર પછી જ સાધુ, કેવળી કે તીર્થંકરની પદવી મળે છે. અહીં પૂર્વની અપેક્ષાએ ગણના કરી છે.)

(૫) **વાસુદેવમાં ૩ પદવી લાભે :** તે ૧ વાસુદેવ, ૨ માંડલિક, ૩ સમકિત એ ત્રણ. (વાસુદેવ નિયાણકડા હોવાથી દીક્ષા લેતા નથી. તેથી સાધુ આદિ પદવી નથી.)

(૬) **બળદેવમાં ૫ પદવી લાભે: તે** ૧ બળદેવ, ૨ કેવળી, ૩ સાધુ, ૪ સમકિત, ૫ માંડલિક, એ પાંચ.

(૭) **માંડલિકમાં ૯ પદવી લાભે:** તે નવ ઉત્તમ પદવી.

(૮) **મનુષ્યમાં ૧૩ પદવી લાભે:** તે નવ ઉત્તમ પદવી અને ૧૦, સેનાપતિ, ૧૧, ગાથાપતિ, ૧૨, વાર્ધિક, ૧૩, પુરોહિત, એ ૧૩. (સાત એકે. રત્ન, ગજરત્ન, અશ્વરત્ન, સ્ત્રીરત્ન મનુષ્યમાં સંભવિત નથી.)

(૯) મનુષ્યાણીમાં ૫ પદવી લાભે તે ૧ સ્ત્રી - રત્ન, ૨ શ્રાવિકા, ૩ સમકિત, ૪ સાધ્વી, ૫ કેવળી એ પાંચ. (શેષ પદવીની યોગ્યતા મનુષ્યાણીમાં નથી.)

(૧૦) તિર્યંચમાં ૧૧ પદવી લાભે તે સાત એકેન્દ્રિય રત્ન, ૮ ગજ, ૯ અશ્વ, ૧૦ તિર્યંચ શ્રાવક, ૧૧ સમકિત.

(૧૧) તિર્યંચાણીમાં ૨ પદવી લાભે - ૧ સમકિત, ૨ શ્રાવિકા.

(૧૨) સવેદીમાં ૨૨ પદવી લાભે - તે કેવળી નહીં. (કેવળી અવેદી હોય છે.)

(૧૩) સ્ત્રીવેદમાં ૪ પદવી લાભે - તે ૧ સ્ત્રી-રત્ન, ૨ શ્રાવિકા, ૩ સમકિત, ૪ સાધ્વી એ ચાર. (સ્ત્રીવેદનો ઉદય નવ ગુણસ્થાન સુધી જ હોય છે તેથી કેવળી કે તીર્થંકરની પદવી નથી.

(૧૪) પુરુષવેદમાં ૧૪ પદવી લાભે - તે સાત એકેન્દ્રિય રત્ન, કેવળી અને સ્ત્રી-રત્ન એ નવ નહીં, નપુંસકવેદમાં ૧૦ પદવી લાભે. સાત એકેન્દ્રિય રત્ન, ૮ સાધુ, ૯ શ્રાવક, ૧૦ સમકિત.

(૧૫) અવેદીમાં ૪ પદવી લાભે - તે ૧ તીર્થંકર, ૨ કેવળી, ૩ સાધુ, ૪ સમકિત, એ ચાર. (નવમાં ગુણસ્થાનક પછી સાધુ અવેદી હોય છે.)

(૧૬) નરક ગતિમાં એક પદવી લાભે - તે સમકિતની.

(૧૭) તિર્યંચ ગતિમાં ૧૧ પદવી લાભે - તે સાત એકેન્દ્રિય રત્ન, ૮ ગજ, ૯ અશ્વ, ૧૦ તિર્યંચ શ્રાવક, ૧૧ સમકિત, એ ૧૧.

(૧૮) મનુષ્ય ગતિમાં ૧૪ પદવી લાભે – તે નવ ઉત્તમ પદવી ને સાત પંચેન્દ્રિય રત્નમાંથી ગજ, અશ્વ એ બે વિના પાંચ કુલ મળી ચૌદ.

(૧૯) દેવગતિમાં એક પદવી લાભે – તે સમકિતની.

(૨૦) આઠ કર્મ વેદકમાં ૨૧ પદવી લાભે ૧ તીર્થંકર (કેવળી), ૨ કેવળી એ બે નહીં. (આઠ કર્મનું વેદન દશ ગુણસ્થાનક સુધી જ હોય છે. તીર્થંકર કે કેવળીનું ૧૩, ૧૪મું ગુણસ્થાનક હોય છે.)

(૨૧) સાત કર્મ વેદકમાં ૨ પદવી લાભે. તે સાધુ અને સમકિત. (૧૧, ૧૨ માં ગુણસ્થાને જ જીવ સાત કર્મ વેદક હોય છે, તે ગુણસ્થાને અન્ય પદવીની સંભાવના નથી.નવ ઉત્તમ પદવીમાંથી તીર્થંકર કેવળીનું ૧૩, ૧૪ ગુણસ્થાન છે. શેષ ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ કે માંડલિક રાજા કે સ્ત્રીરત્નને છોડીને છ પંચે. રત્નમાં એક થી ચાર ગુણસ્થાન હોય છે, શ્રાવક ને પાંચમું ગુણસ્થાન છે. સ્ત્રીરત્ન અને સાત એકે. રત્નમાં પ્રથમ ગુણસ્થાન હોય છે.)

(૨૨) ચાર કર્મ વેદકમાં ચાર પદવી લાભે. ૧ તીર્થંકર (કેવળી), ૨ કેવળી, ૩ સાધુ (કેવળી) ૪ સમકિત, એ ચાર.

(૨૩) જઘન્ય અવગાહનામાં એક પદવી લાભે – તે સમકિતની. (જઘન્ય અવગાહના ઉત્પતિના સમયે અપર્યાપ્ત અવસ્થામાં હોય છે. તેથી તેમાં સમકિતને છોડીને અન્ય પદવી હોતી નથી. સમકિત લઇને ઉત્પન્ન થનારા જીવોની અપેક્ષાએ જઘન્ય અવગાહનામાં સમકિત હોય છે.)

(૨૪) મધ્યમ અવગાહનામાં ૨૩ પદવી લાભે.

(૨૫) ભવધારિણી ઔદારિક ઉત્કૃષ્ટ અવગાહનામાં બે પદવી લાભે–૧. સમકિતની. ૨. તિર્યંચ શ્રાવકની. (અન્ય પદવી મધ્યમ અવગાહનામાં હોય છે.)

(૨૬) અઢીદ્વીપમાં ૨૩ પદવી લાભે.

(૨૭) અઢીદ્વીપ બહાર ૪ પદવી લાભે તે ૧ કેવળી, ૨ સાધુ, ૩ શ્રાવક, ૪ સમકિત. (કેવળી-કેવળ સમુદ્‌ઘાત અપેક્ષાએ. બાકીના સંહરણની અપેક્ષાએ.)

(૨૮) ભરતક્ષેત્રમાં જઘન્ય ૧ પદવી લાભે - સમકિત. ભરતક્ષેત્રમાં મધ્યમ અવગાહનામાં ૮ પદવી લાભે - તે સાત એકેન્દ્રિય રત્ન, સાત પંચેન્દ્રિય રત્ન અને ચક્રવર્તી એ પંદર વર્જીને આઠ.

(૨૯) ભરતક્ષેત્રમાં ઉત્કૃષ્ટ ૨૧ પદવી લાભે - તે ૧ વાસુદેવ, ૨ બળદેવ, એ બે નહીં. (ચક્રવર્તી અને વાસુદેવ એક ક્ષેત્રમાં સાથે ન હોય.)

(૩૦) ઊર્ધ્વલોકમાં ૫ પદવી લાભે - તે ૧ કેવળી (કેવળ સમુદ્‌ઘાતની અપેક્ષાએ), ૨ સાધુ, (જંઘાચારણ, વિદ્યાચારણ) ૩ શ્રાવક (તિર્યંચ) ૪ સમકિત, ૫ માંડલિક (બન્ને સંહરણ અપેક્ષા) એ પાંચ.

(૩૧) અધોલોક તથા ત્રિછાલોકમાં ૨૩ પદવી લાભે. (અધોલોકમાં સલીલાવતી વિજયની અપેક્ષાએ.)

(૩૨) સ્વલિંગમાં ૪ પદવી લાભે - તે ૧ તીર્થંકર, ૨ કેવળી, ૩ સાધુ, ૪ સમકિત.

(૩૩) અન્યલિંગમાં ૪ પદવી લાભે - તે ૧ કેવળી, ૨ સાધુ, ૩ શ્રાવક, ૪ સમકિત.

(૩૪) ગૃહસ્થલિંગ મનુષ્યમાં ૧૪ પદવી લાભે. તે નવ ઉત્તમ પદવી (તીર્થંકર-જન્મથી દીક્ષા પર્યંત) (સાધુ અને કેવળી-ભાવથી) અને સાત પંચેન્દ્રિય રત્નમાંથી ૧ ગજ અને ૨ અશ્વ બે વર્જીને પાંચ, એમ ચૌદ.

(૩૫) સંમૂર્ચ્છિમમાં ૮ પદવી લાભે - તે સાત એકેન્દ્રિય રત્ન ને સમકિત એ આઠ. (ત્રણ વિકલેન્દ્રિય અને અસંજ્ઞી તિર્યંચ પંચે. ના અપર્યા. માં સમકિત હોય છે તે અપેક્ષાએ)

(૩૬) ગર્ભજમાં ૧૬ પદવી લાભે - ત્રેવીસમાંથી સાત એકેન્દ્રિય રત્ન નહીં.

(૩૭) નોગર્ભજમાં ૮ પદવી લાભે - તે સાત એકેન્દ્રિય રત્ન ને સમકિત એ આઠ.

(૩૮) એકેન્દ્રિયમાં ૭ પદવી લાભે – તે સાત એકેન્દ્રિય રત્ન.

(૩૯) ત્રણ વિકલેન્દ્રિયમાં ૧ પદવી લાભે – તે સમકિત. (અપર્યાપ્તાની અપેક્ષાએ)

(૪૦) પંચેન્દ્રિયમાં ૧૫ પદવી લાભે. તે સાત એકેન્દ્રિય રત્ન ને ૧ કેવળી એ આઠ વિના પંદર. (કેવળી ઇન્દ્રિયનો ઉપયોગ કરતાં ન હોવાથી તેની ગણના અણિંદિયામાં થાય છે.)

(૪૧) અનિન્દ્રિયમાં ૪ પદવી લાભે – તે ૧ તીર્થંકર, ૨ કેવળી, ૩ સાધુ, ૪ સમકિત, એ ચાર. (૧૩,૧૪ ગુણ. વર્તી કેવળીને સાધુ અને સમકિતની પદવી પણ હોય છે.)

(૪૨) સંયતિમાં ૪ પદવી લાભે – તે અનિન્દ્રિય પ્રમાણે.

(૪૩) અસંયતિમાં ૨૦ પદવી લાભે – તે ૧ કેવળી, ૨ સાધુ, ૩ શ્રાવક, એ ત્રણ વિના. (તીર્થંકરો ગૃહસ્થપણામાં અસંયતિ હોય છે.)

(૪૪) સંયતાસંયતિમાં ત્રણ પદવી લાભે – ૧ શ્રાવક, ૨ સમકિત, ૩ માંડલિક.

(૪૫) સમકિત દૃષ્ટિમાં ૧૫ પદવી લાભે – તે સાત એકેન્દ્રિય રત્ન અને સ્ત્રી–રત્ન એ આઠ વિના પંદર. (સ્ત્રીરત્ન, સાત એકે. રત્ન એકાંત મિથ્યાત્વી છે.)

(૪૬) મિથ્યા દૃષ્ટિમાં ૧૮ પદવી લાભે – તે સાત એકેન્દ્રિય રત્ન, સાત પંચેન્દ્રિય રત્ન એ ૧૪, ૧૫ ચક્રવર્તી, ૧૬ વાસુદેવ, ૧૭ બળદેવ, ૧૮ માંડલિક. (તીર્થંકર, કેવળી, સાધુ, શ્રાવક અને સમકિત આ પાંચ પદવી એકાંત સમકિતી છે.)

(૪૭) મતિ, શ્રુતજ્ઞાનમાં ૧૪ પદવી લાભે. તે નવ ઉત્તમ પદવીમાંથી કેવળી વિના ૮, સાત પંચેન્દ્રિય રત્નમાંથી સ્ત્રી વિના ૬, એ ચૌદ. (કેવળી ને કેવળજ્ઞાન હોય અને સ્ત્રીરત્ન એકાંત મિથ્યાત્વી હોવાથી તેને મતિ– શ્રુતજ્ઞાન નથી.)

અવધિજ્ઞાનમાં ૮ પદવી લાભે. ૯ ઉત્તમ પદવીમાંથી કેવળી વિના ૮. (તીર્થંકરને ત્રણ જ્ઞાન હોય છે, તેથી ત્રણે જ્ઞાનમાં તીર્થંકરની ગણના છે અને

સ્ત્રીરત્નને છોડીને શેષ છ પંચે. રત્ન સમકિતી હોય પરંતુ તેને અવધિજ્ઞાન થતું નથી.)

(૪૮) મન:પર્યવજ્ઞાનમાં ૩ પદવી લાભે તે ૧ તીર્થંકર, ૨ સાધુ, ૩ સમકિત, એ ત્રણ. (તીર્થંકર દીક્ષા ગ્રહણ કરે, ત્યારે મન:પર્યવજ્ઞાન પ્રગટ થાય છે, તે અપેક્ષાએ તીર્થંકરની ગણના છે.)

(૪૯) કેવળજ્ઞાન, કેવળદર્શનમાં ૪ પદવી લાભે - તે ૧ તીર્થંકર, ૨ કેવળી, ૩ સાધુ, ૪ સમકિત, એ ચાર.

(૫૦) મતિ, શ્રુત અજ્ઞાનમાં ૧૭ પદવી લાભે - તે સાત એકેન્દ્રિય રત્ન, સાત પંચેન્દ્રિય રત્ન એ ૧૪, ૧૫ ચક્રવર્તી, ૧૬ વાસુદેવ, ૧૭ માંડલિક, એ સત્તર.

(૫૧) વિભંગ જ્ઞાનમાં ૯ પદવી લાભે - તે સાત પંચેન્દ્રિય રત્નમાંથી સ્ત્રી-રત્ન વિના ૬, ૭ ચક્રવર્તી, ૮ વાસુદેવ, ૯ માંડલિક, એ નવ. (તીર્થંકર, કેવળી, સાધુ, શ્રાવક, સમકિતી આદિ પદવી સમકિતી હોવાથી તેમાં વિભંગજ્ઞાન નથી.)

(૫૨) ચક્ષુદર્શનમાં ૧૫ પદવી લાભે - તે નવ ઉત્તમ પદવીમાંથી કેવળી વિના ૮ અને સાત પંચેન્દ્રિય રત્ન એ પંદર.

(કેવળીને કેવળદર્શન હોવાથી અન્ય દર્શનનો ઉપયોગ નથી.)

(૫૩) અચક્ષુદર્શનમાં ૨૨ પદવી લાભે - ૨૩માંથી કેવળી વર્જી.

(૫૪) અવધિદર્શનમાં ૧૪ પદવી લાભે - તે નવ ઉત્તમ પદવીમાંથી કેવળી વિના ૮ અને સાત પંચેન્દ્રિય રત્નમાંથી સ્ત્રી રત્ન વિના ૬, એ ચૌદ.

(૫૫) નપુંસક લિંગમાં ૫ પદવી લાભે - તે ૧ કેવળી, ૨ સાધુ, ૩ શ્રાવક, ૪ સમકિત, ૫ માંડલિક, એ પાંચ.

# ૨૩ પદવીની વધુ વિગત

**એકેન્દ્રિય રત્નની વિશેષતા :**

**૧. ચક્ર રત્ન :** આકાશગામી આ રત્ન માર્ગ બતાવે અને વિજય અપાવે, વિશેષ કાર્ય – શત્રુને હણીને જ આ ચક્રવર્તી પાસે પાછું આવે, પણ સગોત્રીયને ન હણે. આ ચક્ર ૧૨ પ્રકારનાં વાદ્ય (સંગીતનાં સાધન) થી યુક્ત હોય. મણિઓથી તથા નાની નાની ઘંટડીઓથી યુક્ત હોય. તેના આરા વજ્રમય હોય, આખું ચક્રરત્ન મધ્યાહ્નના સૂર્ય જેવું તેજસ્વી હોય અને સર્વ ઋતુઓના ફૂલની માળાઓથી અલંકૃત હોય, તેના આરા વજ્રમય હોય, તેની નેમી (ચક્રનો મધ્ય ભાગ) પીળા રંગનો હોય. ચક્રવર્તીને છ ખંડ સાધવાનો માર્ગ બતાવે છે. વિજયયાત્રામાં 'મહાઘોષ' નાદ સાથે આકાશમાં આગળ ચાલે છે. જ્યારે રાજા પાસે આવે ત્યારે જ તે ચક્રવર્તી કહેવાય છે. આ ચક્ર રોજ એક યોજન ચાલે છે. આ ચક્રને સુદર્શન ચક્ર પણ કહેવાય છે.

**૨. દંડ રત્ન :**

વિષમ ભૂમિને સમ કરે, માર્ગને સાફ કરે. ગુફાના દરવાજા ખોલે. આ રત્નો વજ્ર અને રત્નોથી યુક્ત હોય. ગમે એવા શત્રુનો નાશ કરવામાં સમર્થ હોય.

**૩. અસિ રત્ન (ખડ્ગરત્ન) : અસિ – તલવાર**

પહાડ આદિને ભેદી શકે અને વિજય અપાવે. આ રત્ન સુવર્ણ અને રત્નોથી યુક્ત હોય અને મણિઓ અને ચિત્રોથી અલંકૃત, તીક્ષ્ણ ધારવાનું હોવાથી દુર્ભેદ્ય વસ્તુને પણ ભેદી શકે છે.

**૪. છત્ર રત્ન :** શિયાળામાં ગરમી અને ઉનાળામાં શીતળતા આપે. ચક્રવર્તીનો સ્પર્શ આ રત્નને થાય ત્યારે એ બાર યોજન વિસ્તારવાળું બને જેથી આખા સૈન્યને રક્ષણ

આપી શકાય. આ રત્નમાં ૯૯ હજાર સોનાના સળિયા હોય. આ છત્રનો દંડ વજ્રનો હોય અને મણિઓ તેમ જ ચિત્રથી યુક્ત અલંકૃત હોય. ઋતુ પ્રમાણે અનુકૂળ વાતાવરણ કરે.

**૫. ચર્મ રત્ન : વિવિધ પ્રકારના આકાર ધારણ કરે**

ચક્રવર્તીના સ્પર્શથી ૧૨ યોજનથી અધિક વિસ્તારવાળું પણ થઈ શકે. આ ચર્મરત્ન પાણીમાં તરે. ચક્રવર્તીની સેનાને નદી પાર કરાવવામાં જહાજનું કામ કરે. તે પૃથ્વીકાયનું હોવા છતાં ચર્મસમાન હોવાથી એને ચર્મ રત્ન કહેવાય છે. જમીન પર રાખો તો પથ્થર જેવું થઈ જાય. તેના ઉપર ગાથાપતિ પહેલા પ્રહરે બીજ વાવે, બીજા પ્રહરે સિંચન કરે, ત્રીજા પ્રહરે તેનો પાક થઈ જાય, ચોથા પ્રહરે લણે અને રસોઈઘરમાં મોકલાવી દે.

તેનો આકાર સ્વસ્તિક જેવો હોય છે. અનેક પ્રકારના મણિઓ અને ચિત્રોથી અલંકૃત હોય છે.

**૬. મણિ રત્ન :** સર્વ દુઃખનું હરણ કરે, આરોગ્ય પ્રદાન કરે, યૌવનને સ્થિર કરે (વૃદ્ધવસ્થા ન આવે). આ રત્ન બધાં મણિરત્નોમાં શ્રેષ્ઠ છે, આરોગ્યપ્રદ છે. ઉપસર્ગનો નાશ કરે છે. આને ધારણ કરનારા સંગ્રામમાં હારે નહિં. નખ-વાળ વધે નહિં, દરિદ્રતા આવે નહિં, વૃદ્ધાવસ્થા આવે નહિં. ગજહસ્તિરત્નના મસ્તક પર આ રત્ન બાંધી ચક્રવર્તી ગુફામાં પ્રવેશ કરે, જે આગળ અને આસપાસના માર્ગને પ્રકાશિત કરે છે.

**૭. કાંકણી રત્ન :** આ રત્ન વિષને હરવાવાળું છે. આ રત્ન વડે ગુફાની ભીંત પર સામ સામા યોજન-યોજનના આંતરે કુલ ૪૯ મંડળો (માંડલા) દોરવામાં આવે છે. તે

સૂર્ય જેવો પ્રકાશ આપે છે. આ પ્રકાશના માધ્યમથી લોકો છ ખંડમાં ગુફામાંથી અવરજવર કરી શકે. ચક્રવર્તી જ્યાં સુધી જીવે ત્યાં સુધી અથવા દીક્ષા ન લે ત્યાં સુધી ગુફામાં આ પ્રકાશ રહે.

## પંચેન્દ્રિય રત્નની વિશેષતા

### ૮. (૧) સેનાપતિ રત્ન :

તે સર્વ લિપિ, સર્વ સ્થાનના જાણકાર હોય અને યુદ્ધ કરવામાં પારંગત હોય. આ રત્ન ગંભીર, તેજસ્વી, ઓજસ્વી હોય. સર્વ પ્રકારની ભાષાને જાણતો હોય. ચાર ખંડને જીતે અને ગુફાનાં બે દ્વારે ખાલે. બે અઠ્ઠમ તપ કરીને ખોલે. ચક્રવર્તીનાં અસિ, ચર્મ, દંડ, અશ્વ, છત્ર, એ પાંચ રત્નનો ઉપયોગ સેનાપતિ કરે. ચક્રવર્તીની તમામ વિશાળ સેનાનો અધિપતિ-નાયક હોય. તે યુદ્ધ સંચાલન કરે. ૨,૩,૫, ૬ એ ચાર ખૂણાના ખંડ છે. એ ચાર ખંડ પર વિજય મેળવે.

### ૯. (૨) ગાથાપતિ રત્ન :

અન્નભંડારના અધિપતિ ભોજ્ય સામગ્રી ઉત્પન્ન કરે. ધાન્યને શીઘ્ર ઉગાડે. આ રત્ન ખેતી કરવામાં કુશળ અને ચર્મરત્ન પર એક દિવસમાં ખેતી કરી શકે.

### ૧૦. (૩) વાર્ધકી રત્ન :

તે વાસ્તુશાસ્ત્ર પ્રમાણે ગામ, ઘર, પુલ, પડાવ આદિનું નિર્માણ કરે.

તે એક મુહૂર્ત માત્રમાં નગર આદિની રચના કરી શકે. આ રત્ન નિર્માણ કરવામાં કુશળ હોય. ૮૧ પ્રકારની વાસ્તુકળામાં નિપુણ હોય. વાહનનું નિર્માણ પણ કરી શકે. ચક્રવર્તીના ૪૨ માળના મહેલો પણ બનાવે, નદી ઉપર પુલ પણ તે જ બનાવે.

### ૧૧. (૪) પુરોહિત રત્ન :

તે શાંતિકર્મ કરે. તે જ્યોતિષીશાસ્ત્રોમાં પારંગત હોય. ધર્મશાસ્ત્ર અને સંસ્કૃત ભાષાનો જાણકાર હોય. સ્વપ્નશાસ્ત્ર, નિમિત્તશાસ્ત્રનું જ્ઞાન હોય. લક્ષણ વિદ્યાનો પણ જાણકાર. યજ્ઞ, હવન આદિ કરે. દેવ આદિના ઉપસર્ગોને શાંત કરે...

### ૧૨. (૫) ગજરત્ન હસ્તિરત્ન :

તેના પર ચક્રવર્તી સવારી કરે અને યુદ્ધમાં વિજય અપાવે.

ઈન્દ્રના ઐરાવત હાથીની સમાન સર્વ ગુણ સંપન્ન હોય, આ હાથી સર્વ હાથીઓમાં શ્રેષ્ઠ છે, જેના મસ્તક પર મણિરત્ન બાંધવામાં આવે છે, જે ગુફામાં પ્રકાશ કરે.

### ૧૩. (૬) અશ્વરત્ન :

પ્રમાણ - પૂછથી મુખ સુધી ૧૦૮ આંગુલ લાંબો. જંઘા ૧૬ આંગુલ ભુજા ૨૦ આંગુલ, ઘૂંટણ ૪ આંગુલ, મુખ ૩૨ આંગુલ, ખરી ૪ આંગુલ, ખરીથી કાન સુધી ૮૪ આંગુલ ઊંચો.

**મુખ્ય કાર્ય :** સેનાપતિ તેની ઉપર સવારી કરે. ખૂણાના ચાર - ૨, ૩, ૫, ૬ ખંડ પર વિજય અપાવે. તે કમળ ઉપર ચાલે તોપણ કમળ તૂટે નહિં, પાણી ઉપર પણ ચાલી શકે, અલ્પ ક્રોધી, કુચેષ્ટાથી રહિત હોય. આ ઘોડો ઈન્દ્રના ઘોડા જેવો સર્વ ગુણ સંપન્ન હોય અને બધા ઘોડાઓમાં શ્રેષ્ઠ હોય, તેના ગળામાં એક ચક્ર હોય. એને દેવમણિ કહેવાય છે, જે શ્રેષ્ઠતાનું ચિહ્ન-પ્રતીક છે. તે ઉપરાંત ૧૨ અંગ ઉપર પણ ચક્રનું ચિહ્ન હોય છે. તેની ચાલ લઘુ અને મૃદુ હોય છે. તેનો વર્ણ પોપટની પાંખ જેવો હોય છે, તે અગ્નિ, પર્વત, નદી, ખાઈ આદિને ઓળંગીને ચાલી શકે છે. યુદ્ધમાં નીડરતાથી ચાલે. યુદ્ધ સમયે ઓછી નિંદ્રા લે.

**૧૪. (૭) સ્ત્રી રત્ન : ચક્રવર્તીથી ચાર આંગળ નીચી હોય.**

આ સ્ત્રી રત્ન ચક્રવર્તીની પ્રમુખ રાણી હોય, વિદ્યાધર રાજાની કુંવરી હોય. દરેક ઋતુને અનુકૂળ સ્પર્શ હોય. તેના સ્પર્શથી રોગો નાશ પામે, તેનું રૂપલાવણ્ય એકદમ સુંદર હોય, વાળ પગની પાની સુધી હોય, તે વૃદ્ધ ન થાય, સદાય યુવાન રહે. તેને શ્રીદેવી કહેવાય. ચક્રવર્તી મૂળરૂપે આ સ્ત્રી રત્ન પાસે જ હોય. બીજી રાણીઓ પાસે વૈક્રિયરૂપે જાય. સ્ત્રી રત્નને તીવ્ર ભોગાવલી કર્મનો ઉદય હોય. એની કુક્ષિમાં મોતી પાકે પણ સંતાન ન થાય. ચક્રવર્તીના વિરહે આર્ત-રૌદ્ર ધ્યાન કરી નરકે જાય. ચોથા આરાની વિશ્વસુંદરી કહેવાય - મિસ યુનિવર્સ.

**નવ ઉત્તમ પદવી :**

**(૧) તીર્થંકર :** જેનાથી સંસાર સાગરને તરી શકાય તે તીર્થ છે. સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા, આ ચાર તીર્થની સ્થાપના કરે તેને તીર્થંકર કહે છે. આ પદવી સર્વ શ્રેષ્ઠ પદવી છે. તીર્થંકરો કેવળજ્ઞાન, કેવળદર્શન, ૧૨ ગુણ, ૩૪ અતિશય, ૩૫ વચનાતિશય, ૧૦૮ ઉત્તમ લક્ષણ સહિત હોય છે, તેઓ ૧૮ દોષ રહિત, ૬૪ ઈન્દ્રના વંદનિક, પૂજનીક અર્ચાનિક હોય છે.

**(૨) ચક્રવર્તી :** ચક્રની જેમ જેની આણ-આજ્ઞા ચારે તરફ વર્તતી હોય તેવા રાજા, તે જે ક્ષેત્રમાં હોય, તે ક્ષેત્રના છ ખંડના ૩૨૦૦૦ દેશ ઉપર તેમનું એક છત્રી સામ્રાજ્ય હોય છે. સમગ્ર મનુષ્ય જાતિમાં તેની પાસે અધિક સમૃદ્ધિ હોય છે તેની પાસે ૧૪ રત્ન અને નવનિધાન ૧૬૦૦૦ દેવો તેની સેવામાં હોય છે.

ચક્રવર્તી ગર્ભમાં આવે, ત્યારે તેની માતા પણ તીર્થંકરની માતાની જેમ કંઈક ઝાંખા ૧૪ મહાસ્વપ્નોનું દર્શન કરે છે.

**(૩) વાસુદેવ :** ત્રણ ખંડના, ૧૬૦૦૦ દેશ પર જેનું આધિપત્ય હોય, તેને વાસુદેવ

કહે છે, ચક્રવર્તીથી વાસુદેવની ઋદ્ધિ અર્ધી હોય છે. તેની પાસે સાત રત્ન હોય છે. વાસુદેવ ગર્ભમાં આવે, ત્યારે તેની માતાને સાત સ્વપ્ન આવે છે. અગ્નિ, ગજ, ધ્વજ, વિમાન, પદ્મસરોવર વાસુદેવ પૂર્વભવમાં ઉત્તમ તપ-સંયમનું પાલન કરીને નિયાણુ કરીને આવ્યા હોય છે, તેથી તે નિયમા નરકગામી હોય છે, તે શ્યામ કાંતિવાળા, મહાપરાક્રમી પીતાંબર ધારણ કરનારા, નરમાં સિંહ સમાન તેજસ્વી, સંગ્રામમાં ઉત્સાહી, સત્ત્વશાળી હોય છે. વાસુદેવ હરિ, નારાયણ, કેશવ કૃષ્ણ અથવા વિષ્ણુ તરીકે પણ ઓળખાય છે.

**વાસુદેવના સાત રત્ન :**

(૧) **પંચજન્ય શંખ :** તે વાસુદેવ સિવાય બીજા કોઈ વગાડી શકતા નથી.હોય. તેના શબ્દ સાંભળતા જ અભિમાની, વૈરીલું સૈન્ય પલાયન થઈ જાય છે.

(૨) **સુદર્શન ચક્ર :** ચક્રવર્તીના ચક્રરત્ન જેવું હોય.

(૩) **કૌમુદિકી ગદા :** ચક્રવર્તીના દંડરત્ન જેવી ઉત્કૃષ્ટ પ્રભાવવાળી હોય.

(૪) **શાર્ઙ્ગ ધનુષ્ય :** બીજા ચડાવી ન શકે તેવું અદ્‌ભૂત શક્તિવાળું અને જેના ટંકારવ માત્રથી શત્રુ સૈન્ય પલાયન થઈ જાય તેવું હોય.

(૫) **નંદન ખડ્ગ :** ચક્રવર્તીના ખડ્ગરત્ન જેવું પહાડ આદિ ભેદીને પણ વિજય અપાવે.

(૬) **કૌસ્તુભ મણિ :** ચક્રવર્તીના મણિરત્ન જેવું જ હોય, સર્વ દુ:ખને હણનારું સુરાસુર, મનુષ્ય, તિર્યંચ સંબંધી સર્વ ઉપદ્રવોને નાશ કરનારું હોય.

(૭) **વનમાળા :** નિરંતર વાસુદેવના હૃદયમાં રહે છે. તે મ્લાન થતી નથી. તે સર્વ ઋતુઓના અતિ સુગંધી પુષ્પોની હોય છે.

આ સાત રત્નો દેવાધિષ્ઠિત હોય છે.

વાસુદેવનું બળ ચક્રવર્તીથી અડધું હોય છે. એના બળ માટે દૃષ્ટાંત આપ્યું છે કે સોળહજાર રાજાઓ પોતાના સર્વ સૈન્યો સાથે એક કૂવાને સામે કાંઠે રહેલા

વાસુદેવને સાંકળ વડે બાંધીને હોઠ ભીસીને પોતાના બળનો ઉપયોગ કરે તો પણ એને તસુમાત્ર હલાવી ન શકે પણ વાસુદેવ તેને જરામાત્ર ખેંચે તો સાંકળને વળગેલા શત્રુઓને કીડાની જેમ પાડી દે, એવું એમનું બળ હોય છે.

આ પ્રકારનું બળ કોટિશિલા ઉપાડવા સમર્થ હોય છે.

**કોટિશલા:** મેઘ જેવી અત્યંત શ્યામ ને સ્નિગ્ધ વર્ણવાળી દેવતાઓના સમૂહથી અધિષ્ઠિત હોય છે. તે દક્ષિણ ભરતાર્ધમાં ૧ જોજન લાંબી પહોળી અને ઊંચી હોય છે. સિંધુ દેશમાં દર્શાણ પર્વતની નજીક હોય છે, તે શાશ્વતી છે. બધા વાસુદેવો ભરતાર્ધ જીતીને અહીં આવીને શિલા ઉપાડીને પોતાના બળની પરીક્ષા કરે છે. તેમાં પ્રથમ વાસુદેવ શિલાને ઊંચા કરેલા ડાબા હાથના અગ્રભાગ સુધી ઊંચી કરી શકે છે. બીજા મસ્તક સુધી, ત્રીજા કંઠ સુધી, ચોથા વક્ષ:સ્થળ સુધી, પાંચમા જઠર સુધી, છઠ્ઠા કટિતટ સુધી, સાતમા ઉરપ્રદેશ સુધી, આઠમા જાનુ સુધી અને નવમા જાનુથી કાંઈક નીચે સુધી ઊંચી કરી શકે છે. આ ક્રમ અવસર્પિણી કાળમાં સમજવો ઉત્સર્પિણી કાળમાં આનાથી અવળો સમજવો.

પૃથ્વીપર જે જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ પુરુષો છે તેમાં ઉત્કૃષ્ટ પુરુષ ત્રણ પ્રકારે કહ્યા છે. તીર્થંકર-ધર્મ પુરુષ, ચક્રવર્તી-ભોગપુરુષ અને વાસુદેવ-કર્મપુરુષ કહ્યા છે.

**(૪) બળદેવ:** વાસુદેવના મોટા ભાઈ હોય છે જે બળભદ્ર કે રામના નામથી પણ ઓળખાય છે. બંનેના પિતા એક જ હોય છે. પરંતુ માતા અલગ-અલગ હોય છે. સાવકા ભાઈ હોવા છતાં એમનો સ્નેહ જગતમાં અનુત્તર હોય છે. બળદેવની માતા હાથી, સિંહ, સમુદ્ર, સરોવર, ચંદ્ર અને વૃષષ એમાંથી કોઈ પણ ચાર સ્વપ્ના જૂએ છે. બળદેવ ગૌરવર્ણવાળા, નીલ-બ્લ્યુ વસ્ત્રધારી, કામણગારા અદ્‌ભૂત રૂપવાળા અને તાડના ચિહ્નયુક્ત ધ્વજાવાળા હોય છે. બળદેવ વાસુદેવથી મોટા હોય છતાં વાસુદેવ નિયમા તેમનાથી પહેલા મૃત્યુ પામે છે. પછી તેમનો વિયોગ સહન ન કરી શકતાં અંતે

વૈરાગ્ય પામીને નિયમા દીક્ષા લે છે. પણ વાસુદેવની હાજરીમાં ક્યારેય પણ દીક્ષા લેતા નથી. તેમને પૂર્વભવમાં ઉત્કૃષ્ટ સંયમ પાળ્યો હોય છે પણ નિયાણુ કર્યું હોતું નથી માટે બળદેવની પદવી પ્રાપ્ત થાય છે અને સંયમ પાળીને દેવગતિ કે મોક્ષમાં જાય છે. બળદેવની પદવીમાં મૃત્યુ પામે નહીં માટે એમની અમર પદવી કહેવાય છે. બળદેવ પાસે દેવસેવિત ત્રણ રત્નો હોય છે.

(૧) **ચંદ્રિકા ગદા :** જેને બીજુ કોઈ ઉપાડી ન શકે મતાંતરથી બીજા ખેંચી ન શકે એવું ધનુષ્ય હોય છે.

(૨) **સંવર્તક હળ :** અંકુશરૂપ થતું શ્રેષ્ઠ એવું હળ હોય છે.

(૩) **સૌન્દ્ર મુશળ :** વેરીઓને વશ કરવા, હણી નાંખવા સમર્થ હોય છે. આ ત્રણે રત્નો શત્રુના મદને ભેદવામાં પ્રવીણ, દેવોને પણ દુર્લભ અને સદા અમોઘ હોય છે. બળદેવની માનસિક શારિરિક શક્તિ અદ્ભૂત હોય છે.

(૪) **માંડલિક :** એક મંડલનો રાજા હોય. એક મંડલ એટલે ૧ ૨ રાજ્ય થાય. ૧ દેશથી વધારે દેશનું રાજ્ય હોય. ૩૨૦૦૦ ગામનો રાજા હોય એને માંડલિક રાજા કહેવાય.

(૫) **કેવળી :** ચાર કર્મ ઘનઘાતી ક્ષય કર્યા હોય કેવળજ્ઞાની-કેવળદર્શની હોય, ૧ ૩ મે ૧ ૪ મે ગુણસ્થાને હોય. તેને કેવળી કહે છે.

(૬) **સાધુ :** પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ આદિ ખામણામાં બતાવેલા ગુણોથી યુક્ત હોય.

(૭) **શ્રાવક :** છઠ્ઠા ખામણામાં બતાવેલા ગુણોથી યુક્ત હોય.

(૮) **સમકિતી :** મોહનીય કર્મની સાત પ્રકૃત્તિ- અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ તથા મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય અને સમ્યક્ત્વ એ સાત પ્રકૃત્તિનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ કર્યો હોય. એ સમકિતી કહેવાય છે.

**આ જાણી મને શું લાભ :**

ગૌતમ સ્વામી ૪ જ્ઞાન અને ૧૪ પૂર્વના ધણી ભગવાનના અંતેવાસી તે પણ સમોસરણમાં આવેલા દેવને જોઈ પ્રભુને તેના પૂર્વભવ સબંધી પ્રશ્ન પૂછે છે હે ભંતે ! આ દેવે આવું દિવ્ય રૂપ અને રિદ્ધી કઈ રીતે પ્રાપ્ત કરી ?

સ્વાભાવિક છે કે આપણા જેવા અલ્પજ્ઞને પ્રશ્ન થશે ૨૩ પદવીને જાણીને મને શું લાભ ? પદવી શબ્દ જ શ્રેષ્ઠતાનો સુચક છે.

તીર્થંકર પાસે આધ્યાત્મિક શ્રેષ્ઠતા છે જ્યારે ચક્રવર્તી, બળદેવ વાસુદેવ પાસે સર્વશ્રેષ્ઠ ભૌતિક શ્રેષ્ઠતા છે, જ્યારે સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા આધ્યાત્મિક શ્રેષ્ઠતા પામવા ઉત્સુક છે.

આ શ્રેષ્ઠતા તેઓને કેમ મળી, કઈ રીતે મળી તે જાણી મારે તે મેળવવા શું શું કરવું જોઈએ, તે જાણી પછી જ આચારમાં મૂકી શકાય. તેઓ ક્યાંથી આવ્યા છે, ત્યાં તેમણે કેવા કાર્યો કર્યા હશે કે આ ભવમાં આવી શ્રેષ્ઠતા પામ્યા છે. વળી અહિંથી નીકળી તેઓ ક્યાં ઉત્પન્ન થશે ? આ ભવમાં તેમને કઈ કઈ લબ્ધિ પ્રાપ્ત થઈ છે, તે જાણી આપણને તેમના પ્રતિ બહુમાન વધે છે.

વાસુદેવે પૂર્વભવમાં નિયાણું કર્યું તેથી પછીના ભવમાં નરકગતિ નિશ્ચિત થઈ. આ જાણી મારે કદી સંયમ અને તપનું ફળ નથી માંગવું. ચક્રવર્તી અને વાસુદેવની પદવી ભૌતિકક્ષેત્રે શ્રેષ્ઠ છે પરંતુ તેની રિધ્ધિ સિધ્ધિ કે સમૃધ્ધિનો ભોગવટો તેને નરકગતિની પ્રાપ્તિ કરાવે છે. જો ચક્રવર્તી પોતાના ચક્રવર્તી પદનો ત્યાગ કરીને દીક્ષા લે, તો તે મોક્ષમાં કે દેવલોકમાં જાય છે.

સાત એકેન્દ્રિય રત્નો - તેને ઈન્દ્રિય એક જ મળી છે છતાં ચક્રવર્તીના પુણ્યના કારણે કેવા શ્રેષ્ઠ કાર્ય કરી શકે છે.

સાત પંચેન્દ્રિય રત્નો ચક્રવર્તીને છ ખંડ સાધવામાં કેટલા ઉપયોગી થાય છે તે જાણી શકાય છે.

ગજરત્ન, અશ્વરત્ન તિર્યંચ છે છતાં મહાપુન્યશાળી ચક્રવર્તીનું સાંનિધ્ય પ્રાપ્ત થતાં શ્રેષ્ઠ પુરવાર થાય છે.

સ્ત્રી રત્ન જે ચક્રવર્તીની પટરાણી, વિષયના ઉપભોગમાં આવે છે. તેનો સ્પર્શ દરેક ઋતુમાં ચક્રવર્તીને અનુકૂળ હોય છે. તે ચક્રવર્તીમાં ખુબ જ આશક્ત હોય છે. પરિણામે તે અવશ્ય નરકે જાય છે. તેના ગર્ભમાં મોતી પાકે છે પરંતુ વંદયા (સંતાનની પ્રાપ્તિ ન થાય) રહે છે.

પાંચમા આરામાં આ શ્રેષ્ઠ પદવીનો વિરહ છે, દરેક પદવી કર્મજન્ય છે અને કર્મજન્ય પદવી અનિત્ય છે. મૃત્યુ સમયે દરેક પદવી છુટી જાય છે. ચક્રવર્તીની રિધ્ધિ તેના પુત્રોને પણ મળતી નથી માટે આ સંસારમાં કોઈ પણ પદ કે પ્રતિષ્ઠા માટે રાગ-દ્વેષ કે વેર-વિરોધ કરવા યોગ્ય નથી.

## ચક્રવર્તીના નામ



# જીવની માર્ગણાના ૫૬૩ પ્રશ્નો અને ઉત્તરો

| ક્રમ | માર્ગણાના પ્રશ્નો | ના. | તિ. | મ. | દે. | | સમજૂતી | કુલભેદ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૧ | એકવેદી ત્રસમાં | ૧૪ | ૧૬ | ૧૦૧ | ૭૦ | જ. | ૧૪ ભેદ નારકીનાં/ ૨૬ ત્રસમાંથી ૧૦ સંજ્ઞી વર્જીને ૧૬/૧૦૧ સમુચ્છિંમ મનુ. ના અપર્યાપ્તના/૭૦ દેવના, ૩ થી ૧૨ દેવલોક, ૯ લોકાંતિક, ૯ ગ્રૈવે + ૨જું, ૩જું કિલ્વીષી + ૫ અનુતરના ૩૫ પર્યાપ્તા/ અપર્યાપ્તા | ૨૦૧ |
| ૨૦૨ | નોગર્ભજ વિભંગજ્ઞાનીમાં | ૧૪ | ૦ | ૦ | ૧૮૮ | જ. | ૧૪ ભેદ નારકીનાં/૧૯૮ માંથી એકાંત સમકિતી પાંચ અનુત્તર વિમાનના પર્યા/ અપર્યા તે દશ ભેદ વર્જ્યા– | ૨૦૨ |
| ૨૦૩ | નોગર્ભજ વૈક્રિય શરીરી મિથ્યાત્વીમાં | ૧૪ | ૧ | ૦ | ૧૮૮ | જ. | ૧૪ ભેદ નારકીનાં/૧ બાદર વાઉનો પર્યા/ ૧૮૮ દેવના ભેદ ઉપરવત્ | ૨૦૩ |
| ૨૦૪ | એકાંત મિથ્યાત્વદ્રષ્ટિ ત્રણ શરીર મરવાવાળામાં | ૦ | ૨૯ | ૧૫૭ | ૧૮ | જ. | ૨૨ એકે માંથી ૧ બાદર વાયુના પર્યા વર્જીને ૨૧ + ૩ વિકલે, ૫ અસંજ્ઞી તિ. પંચે-૮ પર્યા–૨૯/૧૦૧ સમુ. અપર્યા અ ૫૬ અંતર. ના પર્યા–૧૫૭/૧૫ પરમાધામી અને ૩ કિલ્વીષી –૧૮ પર્યા. | ૨૦૪ |

| ક્રમ | માર્ગણાના પ્રશ્નો | ના. | તિ. | મ. | દે. | | સમજૂતી | કુલભેદ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૫ | એકાંત મિથ્યાત્વદ્રષ્ટિ મરવાવાળામાં | ૦ | ૩૦ | ૧૫૭ | ૧૮ | જ. | ઉપરના ૨૯ માં ૧ બાદર વાઉ. પર્યા વધે-૩૦ ૧૫૭ ઉપરવત્, ૧૮ ઉપરવત્ | ૨૦૫ |
| ૨૦૬ | લવણ સમુદ્રમાં બાદરમાં | ૦ | ૩૮ | ૧૬૮ | ૦ | જ. | ૪૮ માંથી ૧૦ સૂક્ષ્મ વર્જીને-૩૮/૫૬ અંતરદ્વીપના સમુ. મનુ. અપર્યાપ્તા + ૫૬ અંતરદ્વીપના સંજ્ઞી મનુ. ના અપર્યાપ્તા ને પર્યાપ્તા-૧૬૮ | ૨૦૬ |
| ૨૦૭ | મનયોગી મિથ્યાત્વીમાં | ૭ | ૫ | ૧૦૧ | ૯૪ | | ૭ નારકીનાં પર્યાપ્તા/૫ સંજ્ઞી તિ.પંચે. પર્યાપ્તા/ ૧૦૧ સંજ્ઞી મનુષ્યના પર્યાપ્તા/ ૯૯ માંથી ૫ અનુત્તરનાં વર્જીને ૯૪ ના પર્યાપ્તા. | ૨૦૭ |
| ૨૦૮ | ઘણા ભવવાળા અવધિજ્ઞાનમાં | ૧૩ | ૫ | ૩૦ | ૧૬૦ | જ.<br>જ. | ૧૪માંથી ૭મી નારકીનો અપર્યા. વર્જીને ૧૩/ ૫ સંજ્ઞી તિ. પંચે. પર્યાપ્તા/૧૫ કર્મભૂમિના અર્પર્યા, પર્યા.-૩૦/ એકાંત મિથ્યાત્વી ૧૫ પરમાધામી અને ત્રણ કિલ્વીષી, તે ૧૮ના પર્યા- અપર્યા. ૩૬ ભેદને છોડીને દેવના ૧૯૨ ભેદમાંથી ૨ સર્વાર્થ સિદ્ધના વર્જીને ૧૬૦ | ૨૦૮ |
| ૨૦૯ | સમુચ્ચય સંખ્યાત કાલના ત્રસ મરવાવામાં | ૧ | ૨૬ | ૧૩૧ | ૫૧ | | પ્રથમ નરકનો પર્યાપ્તો/૨૦ તિ. પંચે. ૬ વિકલે.-૨૬/૧૦૧ સમુચ્છિમ મનુ. ના અપર્યા + ૧૫ કર્મભૂમિના અપર્યા. પર્યા.- ૧૩૧/ ૫૧ જાતિના દેવનાં પર્યાપ્તા. | ૨૦૯ |

| ક્રમ | માર્ગણાના પ્રશ્નો | ના. | તિ. | મ. | દે. | | સમજૂતી | કુલભેદ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨૧૦ | અવધિજ્ઞાનીમાં | ૧૩ | ૫ | ૩૦ | ૧૬૨ | જ. | ૧૪ માંથી ૭ મી નારકીનો અપર્યા વર્જીને ૧૩/ ૫ સંજ્ઞી તિ. પંચે. પર્યા/૧૫ કર્મભૂમિના અપર્યાપ્તા ને પર્યાપ્તા-૩૦/૧૯૮ માંથી એકાંત મિથ્યાત્વી ૩૬ બાદ કરતાં-૧૬૨ દેવના | ૨૧૦ |
| ૨૧૧ | તિર્ચ્છા લોકમાં નોગર્ભજમાં | ૦ | ૩૮ | ૧૦૧ | ૭૨ | જ. | ૪૮ માંથી ૧૦ સંજ્ઞી તિર્યંચ પંચે.ના વર્જીને ૩૮/ ૧૦૧ સમુર્ચ્છિમ મનુ. ના અપર્યા/૨૬ વાણવ્યંતર,૧૦ જ્યોતિષીએ ૩૬ દેવના અપર્યાપ્તા ને પર્યાપ્તા-૭૨. | ૨૧૧ |
| ૨૧૨ | મનયોગી જીવોમાં | ૭ | ૫ | ૧૦૧ | ૯૯ | જ. | ૭ નરકનાં પર્યાપ્તા/ ૫ સંજ્ઞી તિર્યંચ પંચેનાં પર્યાપ્તા/૧૦૧ સંજ્ઞી મનુષ્યના પર્યાપ્તા/ ૯૯ દેવનાં પર્યાપ્તા. | ૨૧૨ |
| ૨૧૩ | એકાંત્ મિથ્યાત્વી મનુષ્યમાં | ૦ | ૦ | ૨૧૩ | ૦ | જ. | ૧૦૧ સમુર્ચ્છિમ મનુષ્યના અપર્યાપ્તા + ૫૬ અંતરદ્વીપના અપર્યાપ્તા/ પર્યાપ્તા ૧૧૨. | ૨૧૩ |
| ૨૧૪ | મિથ્યાત્વી વૈક્રિય મિશ્રયોગીમાં | ૧૪ | ૬ | ૧૫ | ૧૭૯ | | ૧૪ ભેદ નારકીના/ ૫ સંજ્ઞી તિ. પંચે + ૧ બાદર વાઉ. પર્યા-૬ પર્યા/૧૫ કર્મભૂમિનાં પર્યાપ્તા/ એકાંત સમકિતી દેવોના ૧૦ ભેદ વર્જીને ૧૮૮ માંથી ૯ ગ્રૈવેયકના પર્યા વર્જીને ૧૭૯ | ૨૧૪ |

| ક્રમ | માર્ગણાના પ્રશ્નો | ના. | તિ. | મ. | દે. | | સમજૂતી | કુલભેદ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨૧૫ | ઔદારિક તેજોલેશ્યામાં | ૦ | ૧૩ | ૨૦૨ | ૦ | જ. | બાદર પૃથ્વી, પાણી, પ્ર. વનસ્પતિના અપર્યાપ્તા, ૫ સંજ્ઞી તિ. પંચે. ના અપર્યાપ્તા અને પર્યાપ્તા-10 = ૧૩/૧૦૧ સંજ્ઞી મનુષ્યના અપર્યા, પર્યાપ્તા ૨૦૨. | ૨૧૫ |
| ૨૧૬ | લવણ સમુદ્રમાં | ૦ | ૪૮ | ૧૬૮ | ૦ | જ. | ૪૮ ભેદ તિર્યંચના/૫૬ અંતરદ્વીપના સમુર્ચ્છિમ મનુ. ના અપર્યા, ૫૬ અંતરદ્વીપના મનુષ્ય અપર્યા/પર્યા-૧૬૮ | ૨૧૬ |
| ૨૧૭ | વચનયોગી પંચેન્દ્રિયમાં | ૭ | ૧૦ | ૧૦૧ | ૯૯ | જ. | ૭ નારકીના પર્યાપ્તા/ ૧૦ તિર્યંચ પંચે પર્યાપ્તા/૧૦૧ સંજ્ઞી મનુષ્યના પર્યાપ્તા/ ૯૯ દેવનાં પર્યાપ્તા. | ૨૧૭ |
| ૨૧૮ | ત્રસ વૈક્રિય મિશ્રમાં | ૧૪ | ૫ | ૧૫ | ૧૮૪ | જ. | ૧૪ ભેદ નારકીના/૫ સંજ્ઞી તિ. પંચે. પર્યા/૧૫ કર્મભૂમિના પર્યાપ્તા/૧૯૮ માંથી ૯ ગ્રૈવેયક + ૫ અનુત્તર વિમાનના પર્યા. વર્જીને ૧૮૪. | ૨૧૮ |
| ૨૧૯ | વૈક્રિય મિશ્રમાં | ૧૪ | ૬ | ૧૫ | ૧૮૪ | જ. | ૧૪ ભેદ નારકીના/ ૫ સંજ્ઞી તિ. પંચે. પર્યા + ૧ બા. વા. પર્યા-૬/૧૫ કર્મભૂમિના પર્યાપ્તા/ દેવના ૧૮૪ ઉપરવત્. | ૨૧૯ |

| ક્રમ | માર્ગણાના પ્રશ્નો | ના. | તિ. | મ. | દે. | | સમજૂતી | કુલભેદ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨૨૦ | વચનયોગીમાં | ૭ | ૧૩ | ૧૦૧ | ૯૯ | જ. | ૭ નારકીના પર્યાપ્તા/ ૩ વિકલે ૫ અસંજ્ઞી તિ. પંચે ૫ સંજ્ઞી તિ. પંચે.- ૧૩ પર્યાપ્તા/ ૧૦૧ સંજ્ઞી મનુ. ના પર્યાપ્તા/ ૯૯ દેવનાં પર્યાપ્તા. | ૨૨૦ |
| ૨૨૧ | અચરમ બાદર પર્યાપ્તામાં | ૭ | ૧૯ | ૧૦૧ | ૯૪ | જ. | ૭ નારકીના પર્યાપ્તા/ ૨૪ તિર્યંચના પર્યાપ્તામાંથી ૫ સૂક્ષ્મના વર્જીને-૧૯/૧૦૧ સંજ્ઞી મનુષ્યના પર્યાપ્તા/ ૯૯ માંથી ૫ અનુત્તર વર્જીને ૯૪ પર્યાપ્તા. | ૨૨૧ |
| ૨૨૨ | પંચેન્દ્રિય શાશ્વતામાં | ૭ | ૧૫ | ૧૦૧ | ૯૯ | જ. | ૭ નારકીનાં પર્યાપ્તા/૨૦ તિ. પંચે માંથી ૫ સંજ્ઞી તિ. પંચે અપર્યા વર્જીને-૧૫ ભેદ/ ૧૦૧ સંજ્ઞી મનુ. પર્યાપ્તા/ ૯૯ દેવના પર્યાપ્તા. | ૨૨૨ |
| ૨૨૩ | વૈક્રિય મિથ્યાત્વમાં | ૧૪ | ૬ | ૧૫ | ૧૮૮ | જ. | ૧૪ ભેદ નારકીના/૧ બાદર વાઉ. પર્યા. + ૫ સંજ્ઞી તિ. પંચે પર્યા-૬/૧૫ કર્મભૂમિના પર્યાપ્તા/૧૯૮ માંથી ૧૦ અનુત્તરના વર્જીને ૧૮૮. | ૨૨૩ |
| ૨૨૪ | ચક્ષુઈન્દ્રિય શાશ્વતમાં | ૭ | ૧૭ | ૧૦૧ | ૯૯ | જ. | ૭ નારકીના પર્યાપ્તા/ ૧૫ તિર્યંચ પંચેન્દ્રિય ૨ ચૌરે-૧૭ ભેદ/ ૧૦૧ સંજ્ઞી મનુષ્યના પર્યાપ્તા/ ૯૯ દેવના પર્યાપ્તા. | ૨૨૪ |

| ક્રમ | માર્ગણાના પ્રશ્નો | ના. | તિ. | મ. | દે. | | સમજૂતી | કુલભેદ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨૨૫ | પ્રત્યેક શરીરી બાદર પર્યાપ્તામાં | ૭ | ૧૮ | ૧૦૧ | ૯૯ | જ. | ૭ નારકીના પર્યાપ્તા/ તિર્યંચના પર્યાપ્તા ૨૪ માંથી ૫ સૂક્ષ્મ અને ૧ સાધા. વન. વર્જીને ૧૮/ ૧૦૧ સંજ્ઞી મનુષ્ય પર્યા/ ૯૯ દેવના પર્યાપ્તા. | ૨૨૫ |
| ૨૨૬ | ઔદારિક શરીરી અપર્યાપ્તામાં | ૦ | ૨૪ | ૨૦૨ | ૦ | જ. | ૧૧ એકે., ૩ વિકલે., ૧૦ તિ. પંચે.-૨૪ તિર્યંચના અપર્યાપ્તા, ૨૦૨/ મનુષ્યના અપર્યાપ્તા. | ૨૨૬ |
| ૨૨૭ | નોગર્ભજ બાદર અભાષકમાં | ૭ | ૨૦ | ૧૦૧ | ૯૯ | જ. | ૭ નારકીના અપર્યા/૨૨ એકે. માંથી ૧૦ સૂક્ષ્મ વર્જીને-૧૨ અ ૩ વિકલે., ૫ અસંજ્ઞી તિ. પંચે. એ. ૮ અપર્યા-૨૦/ ૧૦૧ સમુ. મનુષ્યના અપર્યા/૯૯ દેવના અપર્યા. | ૨૨૭ |
| ૨૨૮ | ત્રસ શાશ્વતામાં | ૭ | ૨૧ | ૧૦૧ | ૯૯ | જ. | ૭ નારકીનાં પર્યાપ્તા/ ૨૬ ત્રસમાંથી ૫ સંજ્ઞી તિ. પંચે. અપર્યા વર્જીને ૨૧/૧૦૧ સંજ્ઞી મનુ. ના પર્યાપ્તા/ ૯૯ દેવના પર્યાપ્તા. | ૨૨૮ |
| ૨૨૯ | પ્રત્યેક શરીરી પર્યાપ્તામાં | ૭ | ૨૨ | ૧૦૧ | ૯૯ | જ. | ૭ નારકીના પર્યાપ્તા/૨૪ પર્યાપ્તામાંથી સક્ષ્મનો અને ૧ સાધા પર્યા. વર્જીને ૨૨/ ૧૦૧ સંજ્ઞી મનુ. ના પર્યાપ્તા/ ૯૯ દેવના પર્યાપ્તા. | ૨૨૯ |

| ક્રમ | માર્ગણાના પ્રશ્નો | ના. | તિ. | મ. | દે. | | સમજૂતી | કુલભેદ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨૩૦ | ત્રસ ઔદારિક શરીરી અભાષકમાં | ૦ | ૧૩ | ૨૧૭ | ૦ | જ. | ૨૬ ત્રસમાંથી ૧૩ અપર્યાપ્તા/૨૦૨ અપર્યાપ્તા + ૧૫ કર્મભૂમિના પર્યા.-૨૧૭ ભેદ. | ૨૩૦ |
| ૨૩૧ | પર્યાપ્તા જીવોમાં | ૭ | ૨૪ | ૧૦૧ | ૯૯ | જ. | ૭ નારકીના પર્યાપ્તા/ ૨૪ તિ. પર્યા/ ૧૦૧ સંજ્ઞી મનુ. ના પર્યાપ્તા/ ૯૯ દેવના પર્યાપ્તા. | ૨૩૧ |
| ૨૩૨ | પંચેન્દ્રિય ઔદારિક મિશ્રયોગીમાં | ૦ | ૧૫ | ૨૧૭ | ૦ | જ. | ૫ સંજ્ઞી તિ. ના પર્યા. અપર્યા. અને ૫ અસંજ્ઞી તિ. ના અપર્યા.૧૫/૨૦૨ અપર્યાપ્તા + ૧૫ કર્મભૂમિના પર્યાપ્તા. | ૨૩૨ |
| ૨૩૩ | વૈક્રિય શરીરમાં | ૧૪ | ૬ | ૧૫ | ૧૯૮ | જ. | ૧૪ ભેદ નારકીના/ ૧ બાદર વાયરો પર્યા + ૫ સંજ્ઞી તિ. પર્યા-૬/ ૧૫ કર્મભૂમિના પર્યાપ્તા/ ૧૯૮ દેવના. | ૨૩૩ |
| ૨૩૪ | ઔદારીક મિશ્રયોગી ઘ્રાણેન્દ્રિયમાં | ૦ | ૧૭ | ૨૧૭ | ૦ | જ. | ૧૫ તિ.પંચેન્દ્રિય ઉપરવત + તેઈ-ચૌરે. અપર્યા ૧૭/ ૨૧૭ મનુષ્યના ઉપરવત્. | ૨૩૪ |
| ૨૩૫ | ઔદારિક મિશ્રયોગી ત્રસમાં | ૦ | ૧૮ | ૨૧૭ | ૦ | જ. | ૧૭ ઉપર પ્રમાણે બેઈ. અપર્યા =-૧૮/ ૨૧૭ ઉપરવત્. | ૨૩૫ |

| ક્રમ | માર્ગણાના પ્રશ્નો | ના. | તિ. | મ. | દે. | | સમજૂતી | કુલભેદ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨૩૬ | મનુષ્યની આગતિ નોગર્ભજમાં | ૬ | ૩૦ | ૧૦૧ | ૯૯ | જ. | પ્રથમ ૬ નરકના પર્યાપ્તા/ નોગર્ભજ ૩૮માં ૮ તેઉ, વાઉનાં વર્જીને ૩૦/ ૧૦૧ સમુ. મનુ. અપર્યા/ ૯૯ દેવના પર્યાપ્તા. | ૨૩૬ |
| ૨૩૭ | ઔદારિક શરીર પંચેન્દ્રિય મરનારાં | ૦ | ૨૦ | ૨૧૭ | ૦ | જ. | ૨૦ તિ. પંચે./૨૧૭ તે ૧૦૧ સમુ. અપર્યા + ૧૦૧ સંજ્ઞી મનુ. ના પર્યા + ૧૫ કર્મભૂમિના અપર્યાપ્તા ૨૧૭. | ૨૩૭ |
| ૨૩૮ | પ્ર. શરીરી બાદર શાશ્વતમાં | ૭ | ૩૧ | ૧૦૧ | ૯૯ | જ. | ૭ નારકીના પર્યા./ ૪૮માંથી ૧૦ સૂક્ષ્મ, ૨ સાધા.,૫ સંજ્ઞી તિ. પંચે. અપર્યા એમ ૧૭ ઘટાડતા ૩૧/ ૧૦૧ સંજ્ઞી મનુ. પર્યા. /૯૯ દેવના પર્યા. | ૨૩૮ |
| ૨૩૯ | સમદ્રષ્ટિ (સમકિતી)મિશ્રયોગીમાં | ૧૩ | ૧૮ | ૬૦ | ૧૪૮ | જ. | ૧૪માંથી ૭મી નરકનો અપર્યા વર્જીને ૧૩/ તિર્યંચમાં ૧૮ સમકિતી છે તે જ મિશ્રયોગી, /૧૫ કર્મભૂમિ અપર્યા-પર્યા-૩૦ + ૩૦ અકર્મ. અપર્યા-૬૦,/૮૧ અપર્યા + ૬૭ પર્યા- (૮૧ દેવના પર્યાપ્તામાંથી ૯ ગ્રૈ. + ૫ અનુત્તરના પર્યાપ્તા વર્જીને)= ૧૪૮ દેવના | ૨૩૯ |
| ૨૪૦ | શાશ્વત બાદરમાં | ૭ | ૩૩ | ૧૦૧ | ૯૯ | જ. | ૭ ના. પર્યાપ્તા/, ૪૮માંથી ૧૦ સૂક્ષ્મ ને ૫ સંજ્ઞીના અપર્યા ૧૫ વર્જીને ૩૩/ ૧૦૧ સંજ્ઞી મનુ. ના પર્યા, /૯૯ દેવના પર્યાપ્તા. | ૨૪૦ |

| ક્રમ | માર્ગણાના પ્રશ્નો | ના. | તિ. | મ. | દે. | | સમજૂતી | કુલભેદ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨૪૧ | પ્રત્યેક શરીરી નોગર્ભજ મરનારામાં | ૭ | ૩૪ | ૧૦૧ | ૯૯ | જ. | ૭ નારકીનાં પર્યા,/ નોગર્ભજ ૩૮ માંથી સૂક્ષ્મ ના બે અને સાધારણના બે, કુલ ચાર વર્જીને ૩૪/, ૧૦૧ સમુ. મનુ. અપર્યા,/ ૯૯ દેવના પર્યાપ્તા. | ૨૪૧ |
| ૨૪૨ | બાદર ઔદારિક મિશ્રયોગીમાં | ૦ | ૨૫ | ૨૧૭ | ૦ | જ. | ૨૪ અપર્યાપ્તામાંથી ૫ સૂક્ષ્મ વર્જ્યા-૧૯ + ૧ બા. વા. પર્યા + ૫ સંજ્ઞી તિ. પંચે પર્યા-૨૫,/૨૦૨ અપર્યાપ્તા મનુષ્ય + ૧૫ કર્મભૂમિના પર્યાપ્તા = ૨૧૭ | ૨૪૨ |
| ૨૪૩ | ઔદારિક એકાન્ત મિથ્યાત્વીમાં | ૦ | ૩૦ | ૨૧૩ | ૦ | જ. | ૨૨ એકેન્દ્રિય + ૩ વિકલે. + ૫ અસંજ્ઞી તિ. પંચે=૮ના પર્યા.-૩૦,/ ૧૦૧ સમુ. મનુ. અપર્યા + ૫૬ અંતરદ્વીપના અપર્યા. પર્યા - | ૨૪૩ |
| ૨૪૪ | ત્રણ શરીર નોગર્ભજ મરનારામાં | ૭ | ૩૭ | ૧૦૧ | ૯૯ | જ. | ૭ નારકીનાં પર્યાપ્તા,/ નોગર્ભજ ૩૮માં બાદર વાઉ. પર્યા વર્જીને ૩૭,/ ૧૦૧ સમુ. મનુ. અપર્યા /૯૯ દેવના પર્યાપ્તા. | ૨૪૪ |
| ૨૪૫ | સમુચ્ચય અસંજ્ઞી ત્રસમાં | ૧ | ૨૧ | ૧૭૨ | ૫૧ | જ. | ૧ લી નારકીનો અપર્યા., /૨૬ માંથી ૫ સંજ્ઞી તિ. પર્યા. વર્જીને ૨૧,/૧૦૧ સમુ. મનુ. અપર્યા + ૧૫ કર્મ. અપર્યા + ૫૬ અંતર દ્વીપના અપર્યા-૧૭૨,/ ૫૧ દેવ અપર્યા. | ૨૪૫ |

| ક્રમ | માર્ગણાના પ્રશ્નો | ના. | તિ. | મ. | દે. | | સમજૂતી | કુલભેદ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨૪૬ | પ્ર. શરીરી શાશ્વતમાં | ૭ | ૩૯ | ૧૦૧ | ૯૯ | જ. | ૭ નારકીનાં પર્યાપ્તા,/ ૪૮ માંથી સૂક્ષ્મ, સાધા. ના ૪ + ૫ સંજ્ઞી તિ. અપર્યા વર્જીને ૩૯,/ ૧૦૧ સંજ્ઞી મનુ. ના પર્યાપ્તા,/ ૯૯ દેવના પર્યાપ્તા. | ૨૪૬ |
| ૨૪૭ | અવધિ દર્શનમાં | ૧૪ | ૫ | ૩૦ | ૧૯૮ | જ. | ૧૪ ભેદ નારકીના/, ૫ સંજ્ઞી તિ. પંચે પર્યા, /૧૫ કર્મભૂમિના અપર્યા, પર્યા ૩૦/૧૯૮ દેવના. | ૨૪૭ |
| ૨૪૮ | તિર્યક્- (ત્રિછાલોક) પંચેદ્રિય અપર્યાપ્તમાં | ૦ | ૧૦ | ૨૦૨ | ૩૬ | જ. | ૧૦ તિ. પંચે. અપર્યા, /૨૦૨ મનુષ્યના અપર્યાપ્તા, /૨૬ વાણ ૧૦ જ્યોતિષી-૩૬ના અપર્યા. | ૨૪૮ |
| ૨૪૯ | તિર્યક્ - (ત્રિછાલોક) ચક્ષુઈન્દ્રિય અપર્યાપ્તામાં | ૦ | ૧૧ | ૨૦૨ | ૩૬ | જ. | ઉપરના ૨૪૮+ ૧ ચૌરે. અપર્યા | ૨૪૯ |
| ૨૫૦ | ભવ્યસિદ્ધિ શાશ્વતમાં | ૭ | ૪૩ | ૧૦૧ | ૯૯ | | ૭ નારકીનાં પર્યાપ્તા,/ ૪૮ માંથી ૫ સંજ્ઞી અપર્યા. ને વર્જીને = ૪૩ /૧૦૧ સંજ્ઞી મનુ. ના પર્યાપ્તા/ ૯૯ દેવના પર્યાપ્તા. | ૨૫૦ |

# માર્ગણાની ધારણા

(૨૦૮) ઘણા ભવવાણા અવધિજ્ઞાનમાં - નારકી, તિર્યંચ અને મનુષ્યમાં કોઈ ગતિના જીવોમાં એકાંતે ગણતરીના જ ભવ બાદી હોય તેવા કોઈ ભેદ નથી, પરંતુ સર્વાર્થસિધ્ધના દેવો નિશ્ચર્ય એકાવતારી છે, માટે તેના અપર્યાપ્તા, પર્યાપ્તા વર્જી દેવા.

(૨૦૯) સમુચ્ચય સંખ્યાત કાલના ત્રસ મરવાવાળા - ચારેય ગતિમાં નારકી, દેવતામાં પલ્યોપમ અને સાગરોપનની સ્થિતિ હોય છે તે સ્થિતિ અસંખ્યાત કાલની છે. પરંતુ પહેલી નરક તથા ૫૧ દેવ (ભવનપતિ ૨૫+૨૬ વાણવ્યંતર) ની સ્થિતિ જદાન્ય ૧૦,૦૦૦ વર્ષની છે. જે સંખ્યાત કાલની છે. નારકી તેમજ દેવના અપર્યાપ્તા અમર છે તેથી પર્યાપ્તા જ લીધા છે.

(૨૧૪) મિથ્યાત્વી વૈક્રિય મિશ્રયોગીમાં - ચારે ગતિના અપર્યાપ્તામાં મિશ્રયોગ હોય છે. તે ઉપરાંત બીજું શરીર ફેરવે ત્યારે મિશ્રયોગ હોય છે. તે ઉપરાંત નારકી, દેવતા ઉતરવૈક્રિય કરે ત્યારે મિશ્રયોગ હોય છે. ૯ ગ્રૈવેઈક તથા પાંચ-અનુત્તરના દેવો ઉત્તરવૈક્રિય કરતાં નથી. તેથી તે વર્જી દીધા છે.

બાદર વાયરો + તિર્થંચ પંચે પાસે વૈક્રિય લબ્ધિ છે તથા કર્મભૂમિના મનુષ્ય પાસે વૈક્રિય તથા આહારક લબ્ધિ છે માટે તેઓ મિશ્રયોગ કરે છે.

(૨૨૧) અચરમ બાદર પર્યાપ્તામાં - પાંચ અનુત્તરના દેવો જઘન્ય ૩ ભવ, ઉત્કૃષ્ટ ૧૩ ભવમાં અવશ્ય મોક્ષે જવાના છે માટે તેને વર્જી દીધા છે.

(૨૩૦) ત્રસ ઔદારિક શરીરી અભાષકમાં - અપર્યાપ્તા જીવો અભાષક હોય છે. કેવળ સમુદ્ઘાતના આઠ સમય દરમ્યાન જીવ અભષિક હોય છે. માટે કર્મભૂમિના પર્યાપ્તા લીધા છે.

(૨૪૫) સમુચ્ચય અસંજ્ઞી ત્રસમાં - પહેલી નરક + ૫૧ જાતિના (ભવનપતિ +

વાણવ્યંતર દેવો) દેવો + ૫ સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય + ૧૫ કર્મભૂમિના મનુષ્ય + ૫૬ અંતરદ્વીપના મનુષ્યમાં અસંજ્ઞી જીવો આવે છે માટે અપર્યાપ્તામાં અસંજ્ઞી છે પરંતુ તે પર્યાપ્તા થતાં સંજ્ઞી થઈ જાય છે. જ્યારે ૩૦ અકર્મભૂમિમાં અસંજ્ઞી જીવો આવતા જ નથી.

✷ **આ જાણી મને શું લાભ :**

આ થોકડો શીખી વારેવારે પરિયટ્ટણા કરવાથી મનની એકાગ્રતા વધે છે. ચંચળ મનને એકાગ્ર કરવા આ થોકડો શ્રેષ્ઠ ઉપાય છે. તે ઉપરાંત ગુણસ્થાનક, ગતાગત, દંડક, યોગ, ઉપયોગ, લેશ્યા વિશેનું જ્ઞાન તાજું રહે છે.



**૮૪ લાખ જીવાયોનીની ગતાગત અંતે મોક્ષ**

।। શ્રી મહાવીરાય નમઃ।।   ।। શ્રી વીતરાગાય નમઃ।।   ।। નમો નાણસ્સ઼ઃ।।

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

## Shree Greater Bombay Vardhman Sthanakvasi Jain Mahasangh

: સંચાલિત :

## માતુશ્રી મણીબહેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

Matushree Maniben Manshi Bhimshi Chhadva Dharmik Shikshan Board
Jayant Arcade, office No 202, 2nd floor, M. G. Road, Rajawadi Signal, Ghatkopar (E), Mumbai - 400077.

◈ E-mail: jainshikshaanboard@gmail.com   ◈ Website: www.jaineducation.org

### Our Website

- Contact details of committee members of the Mahasangh and Board
- Contact Details of Shikshan Board office (Phone & Email)
- News and Events related to examination and breaking news
- Know Goals and Visions of Board
- Facility to enroll forthcoming exams online
- Last four years historical exams and answer papers available
- Downloadable version of Shreni exams book
- Schedule of forthcoming Shreni exams available
- Avail Jain Pathavali Online
- Access Photographs of various events
- View Past exams results

### વેબ સાઈટમાં માહિતી

- વર્તમાન હોદ્દેદારો તથા કમિટી મેમ્બર્સના નામ તથા ટેલિફોન નંબર મળશે.
- શિક્ષણ બોર્ડની ઓફિસના ફોન નંબર તથા ઇ-મેલ મેળવી શકશે.
- બોર્ડ દ્વારા આગામી પરીક્ષાની માહિતી વિગતવાર મૂકવામાં આવશે.
- બોર્ડના હેતુ તથા ધ્યેય જાણવા મળશે.
- ઘર બેઠા ઓનલાઇન રજીસ્ટ્રેશન કરી શકશે.
- છેલ્લા ચાર વર્ષની પરીક્ષાના પેપર તથા જવાબો મેળવી શકાશે.
- દરેક શ્રેણીનો અભ્યાસક્રમ ડાઉનલોડ કરી શકશો.
- પરીક્ષા માટેની માહિતી સમયસર મળી શકશે.
- જૈન પાઠાવલી ઓનલાઇન મેળવી શકશો.
- પ્રોગ્રામના ફોટો જોઇ શકાશે.
- ભૂતપૂર્વ આપેલી પરિક્ષાનું પરિણામ જોઈ શકશો

Matushree Maniben Manshi Bhimshi Chhadva - Dharmik Shikshan Board
Paragbhai K. Shah - President

Shree Greater Bombay Vardhman Sthanakvasi Jain Mahasangh
Shri Samirbhai Sheth

**Web Committee: Nitin Kothari and Chirag Shah (Commmittee Members of Board)**

।। નાણસ્સ સવ્વસ્સ પગાસણાએ ।।

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

Shree Greater Bombay Vardhman Sthanakvasi Jain Mahasangh

: સંચાલિત :

## માતુશ્રી મણીબહેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

Matushree Maniben Manshi Bhimshi Chhadva- Dharmik Shikshan Board,

Jayant Arcade, office No 202, 2nd floor, M.G. Road, Rajawadi Signal, Ghatkopar (E), Mumbai-400077

## જ્ઞાનદાન મહાદાન

**માતુશ્રી મણીબહેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડના ઉત્કર્ષ કાજે**

### જ્ઞાન યોજના

- ૧,૦૦,૦૦૦/- શ્રુતસ્તંભ દાતા
- ૫૧,૦૦૦/- શ્રુતાધાર દાતા
- ૨૫,૦૦૦/- શ્રુતપ્રભાવક દાતા
- ૧૧,૦૦૦/- શ્રુતપ્રેરક દાતા
- ૫,૦૦૦/- શ્રુતસહયોગી દાતા
- ૨૫૦૦/- શ્રુતસહાયક દાતા
- ૧૦૦૦/- શ્રુતઅનુમોદક દાતા

શ્રી. પરાગભાઈ કે. શાહ : મહાસંઘ પ્રમુખ

દેશ-વિદેશના હજારો પરીક્ષાર્થીઓ શ્રેણી ૧થી ૨૪ની પરીક્ષાઓ આપીને જ્ઞાનવૃદ્ધિ કરી રહ્યા છે.

માતુશ્રી મણીબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડને સધ્ધર કરવા આપશ્રી જ્ઞાનદાન યોજનમાં સહભાગી બનશો અને અન્યને અનુમોદના માટે પ્રેરિત કરશોજી.

## Banking Details for DONATION to Dharmik Sikshan Board

A/c Name : Shree Greater Bombay Vardhaman Sthanakvasi Jain Mahasangh
Bank Name : DENA BANK, Zaveri Bazar, Mumbai - 400 002.
Code : RTGS/BKDNO450008
A/c. No. : 021010025716 Phone : +91(22) 22018629

ચેક/ડ્રાફ્ટ "શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થા. જૈન મહાસંઘ" ના નામે લખવો.